પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૫-૦૭-૨૦૨૫- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૮૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# પહેલગામ હુમલામાં પાક. સરકાર અને સૈન્યની સંડોવણી હતી

## નામ અને ધર્મ પૂછીને ૨૬ સહેલાણીઓની હત્યામાં ૨૬/૧૧ની જેમ જ પાક.ની સરકાર અને સૈન્ય એજ આયોજન કર્યું હતું : પાક.ના પંજાબ સ્થિત લશ્કરએ તોયબાના કેમ્પમાં બ્લુ પ્રીન્ટ તૈયાર થઈ

નવી દિલ્હી, તા. ૧૫

કાશ્મીરમાં સહેલાણીઓની મોસમના પ્રારંભે જ ૨૨ એપ્રીલના થયેલા પહેલગામ હુમલા જેમાં નામ અને ધર્મ પૂછી ૨૬ હિન્દુઓની હત્યા કરવામાં આવી હતી તેમાં પાકિસ્તાનની સરકાર અને સૈન્યની સીધી સંડોવણીનો ઘટસ્ફોટ થયો છે.

એટલું જ નહીં આ હુમલાનું સમગ્ર આયોજન અને તેનું મોનીટરીંગ પણ પાકિસ્તાનની જાસુસી એજન્સી દ્વારા કરવામાં આવ્યું હતું અને આ હુમલા પૂર્વ પાકિસ્તાનના સૈન્ય વડા જનરલ અસીમ મુનીર એ જે રીતે હિન્દુઓને ટાર્ગેટ કરીને વિધાનો કર્યા હતા તે પણ આ હુમલાની પૂર્વ તૈયારીના સંકેત હતા. આમ પહેલગામનું સત્ય બહાર આવતા જ પાકિસ્તાન હવે પૂરી રીતે ઘેરાઈ ગયું છે.


સલામતી બાબતો સાથે સંકળાયેલા ટોચના સુત્રોએ આ માહિતી આપતા જણાવ્યું કે પાકિસ્તાનની જાસુસી એજન્સી આઈએસઆઈએ લશ્કર એ તોયબાના મારફત આ હુમલો કરાવ્યો હતો પરંતુ મહત્વપૂર્ણ એ છે કે પહેલગામ હુમલો તે પાકિસ્તાનની ટોચના રાજકીય અને લશ્કરી નેતૃત્વના સીધા આદેશથી થયો હતો.

જે રીતે ૨૬/૧૧ના મુંબઈ હુમલામાં પુરી રીતે પાકિસ્તાન સરકાર અને તેની જાસુસી એજન્સી તથા પાક સૈન્યની ભૂમિકા હતી તેવીજ ભૂમીકા પણ પહેલગામ હુમલામાં ખુલી છે. સૌથી મહત્વનું એ હતું કે કાશ્મીરની ભૂમિ ઉપર હાલ સક્રિય એક માત્ર વિદેશી ત્રાસવાદી અને લશ્કર એ તોયબાના કમાન્ડર સાજીદ જટ્ટને આ હુમલાની જવાબદારી સોંપાઈ હતી.

તે પણ જણાવાયું હતું કે, સમગ્ર હુમલામાં સ્થાનીક સ્તરે કોઈની મદદ લેવામાં આવશે નહી અને પૂરી રીતે પાકિસ્તાની ત્રાસવાદીઓ જે જમ્મુ કાશ્મીરમાં સક્રિય છે તેને જ આ હુમલા માટે પસંદ કરાયા હતા. સ્થાનિક સ્તરે ઓછામાં ઓછી સહાયતા લેવી પડે તે નિશ્ચિત કરાયું હતું. અને સમગ્ર હુમલાનું નેતૃત્વ પાકિસ્તાની સ્પેશ્યલ ફોર્સના કમાન્ડો જેને પાક પંજાબના લશ્કરે તોયબાના કેમ્પમાં હાજર રહીને તમામને તાલીમ પણ આપી હતી.

ટાર્ગેટ હીટ સ્કોડ તૈયાર કી હતી. તે સુલૈમાનની પણ ઓળખ નિશ્ચિત થઈ ગઈ છે. આ હુમલામાં સેટેલાઈટ ફોનનો ઉપયોગ કરાયો

અનુસંધાન પાના ૭ પર



# વિદેશમંત્રી એશ.જયશંકર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા

### ભારત-ચીનના દ્વીપક્ષીય સંબંધોની પ્રગતિ વિષયે ચર્ચા વિચારણા

નવી દિલ્હી, તા. ૧૫

બેઈજિંગ. વિદેશ મંત્રી એસ. જયશંકર મંગળવારે બેઈજિંગમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા. આ દરમિયાન, તેઓએ ભારત-ચીન દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિ પર ચર્ચા કરી.

આ મુલાકાત દરમિયાન, જયશંકરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વતી ચીનના રાષ્ટ્રપતિને શુભેચ્છા પાઠવી. આ વાતચીત શાંઘાઈ સહકાર સંગઠન (SCO) ના વિદેશ પ્રધાનોની બેઠકના ભાગ રૂપે થઈ હતી, જેમાં વિદેશ પ્રધાનો ચીનના રાષ્ટ્રપતિને મળ્યા હતા.જયશંકરે આ મુલાકાત પછી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, "આજે સવારે બેઈજિંગમાં મારા સાથી SCO વિદેશ પ્રધાનો સાથે રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વતી શુભેચ્છાઓ પણ પાઠવી. રાષ્ટ્રપતિ શીને અમારા દ્વિપક્ષીય સંબંધોમાં તાજેતરની પ્રગતિ વિશે માહિતી આપી. અમે આ સંદર્ભમાં અમારા નેતાઓના માર્ગદર્શનની કદર કરીએ છીએ."

મે ૨૦૨૦ માં ગાલવાન ખીણમાં થયેલી હિંસક અથડામણ પછી વિદેશ પ્રધાન જયશંકર ચીનની તેમની પ્રથમ મુલાકાતે છે. તેઓ તિયાનજિનમાં શાંઘાઈ સહકાર સંગઠન (SCO) કાઉન્સિલ ઓફ ફોરેન મિનિસ્ટર્સની બેઠક (CFM) માં ભાગ લેવા માટે ચીનમાં છે.

ભારત-ચીન સંબંધોમાં સંવાદ અને સહયોગ વધારવા માટે વિદેશ પ્રધાને સોમવારે ચીની અધિકારીઓ સાથે અનેક ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી હતી.તેમણે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સેન્ટ્રલ કમિટીના આંતરરાષ્ટ્રીય વિભાગના મંત્રી લિયુ જિયાનચાઓને મળ્યા અને ભારત-ચીન સંબંધોને સકારાત્મક દિશામાં આગળ વધારવાની જરૂરિયાત પર ચર્ચા કરી. આ ઉપરાંત, તેમણે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી.

અનુસંધાન પાના ૭ પર

# ભારતમાં ટેસ્લાનો પ્રથમ શો રૂમ મુંબઈના બીકેસીમાં શરૂ થયો

### વાય મોડેલ કારની કિંમત અમેરિકા કરતા ભારતમાં ૨૮ લાખ વધુ

નવી દિલ્હી, તા. ૧૫

દુનિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ ઈલોન મસ્કની કંપની ટેસ્લાનો પહેલો શોરૂમ આજે, એટલે કે ૧૫ જુલાઈના રોજ મુંબઈના પોશ બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સમાં ખુલ્યો છે. હાલમાં, ભારતમાં ફક્ત મોડેલ Y કાર જ વેચાશે. તેની કિંમત ૬૦ લાખ રૂપિયાથી શરૂ થાય છે. આ અમેરિકા કરતાં ૨૮ લાખ રૂપિયા વધુ છે. ટેસ્લા શોરૂમના ઉદ્ઘાટન સમારોહમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ હાજર રહ્યા.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, 'આજે આપણા બધા માટે ખૂબ જ આનંદની વાત છે કે આપણે ઘણા વર્ષોથી જે ટેસ્લા કારની રાહ જોઈ રહ્યા હતા, તે ટેસ્લા કાર આજે મુંબઈથી લોન્ચ કરવામાં આવી છે.ભારતીય બજારમાં તેમણે મુંબઈથી શરૂઆત કરવાની જાહેરાત કરી છે. અમે હમણાં જ તેનું ઉદ્ઘાટન કર્યું છે. ટેસ્લા મુંબઈમાં એક્સપીરિયંસ સેન્ટરની સાથે સાથે ડિલિવરી, લોજિસ્ટિક્સ અને સર્વિસિંગ સુવિધાઓ લાવી રહી છે.મને એ વાતનો પણ આનંદ છે કે ટેસ્લાએ મહારાષ્ટ્ર અને મુંબઈને પસંદ કર્યા છે કારણ કે આજે મહારાષ્ટ્ર ઈલેક્ટ્રિક વાહનો (EV) ક્ષેત્રમાં અગ્રેસર બન્યું છે. મને ખાતરી છે કે આગામી દિવસોમાં, ટેસ્લાની સમગ્ર ઈકો-સિસ્ટમ મહારાષ્ટ્રમાં જોવા મળશે.ટેસ્લાની મોડેલ-Y કાર એક કોમ્પેક્ટ ઈલેક્ટ્રિક ક્રોસઓવર SUV છે. તે દેખાવમાં તો સુંદર છે જ, તેના ફીચર્સ પણ અદ્ભુત છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે આ કારના બેઝિક મોડેલની કિંમત ૨૭ લાખ રૂપિયાથી થોડી વધુ છે, જોકે, આ કિંમત ઈમ્પોર્ટ ડ્યુટી વગરની છે. ઈમ્પોર્ટ ડ્યુટી અને ટેક્સ સહિત, આ કાર પર લગભગ ૨૧ લાખ રૂપિયા સરકારને ચૂકવવા પડશે.

અનુસંધાન પાના ૭ પર

# ડોડામાં ટેમ્પો ટ્રાવેલર ખીણમાં પડતા ત્રણ મુસાફરોના મોત

### પોલીસ અને સ્થાનિક લોકો દ્વારા બચાવ કામગીરી

નવી દિલ્હી, તા. ૧૫

જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં મંગળવારે સવારે એક દુઃખદ માર્ગ અકસ્માત થયો. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તમામ ઘાયલોને ડોડાની સરકારી મેડિકલ કોલેજ (GMC)માં સારવાર માટે લઈ જવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, મંગળવારે ડોડા-બારથ રોડ પર પોંડા વિસ્તારમાં આ માર્ગ અકસ્માત થયો હતો. એક ટેમ્પો ટ્રાવેલર રસ્તા પરથી લપસીને ઊંડી ખાડામાં પડી ગયો હતો. અકસ્માત સમયે વાહનમાં ઘણા મુસાફરો હતા.

આ અકસ્માતની માહિતી મળતાં, પોલીસ અને રાહત અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી, પોલીસ ટીમે મૃતદેહો અને ઘાયલોને ખાડામાંથી બહાર કાઢ્યા હતા.

તમામ ઘાયલોને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ૩ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. જોકે, આ અકસ્માતમાં મૃત્યુઆંક વધવાની

અનુસંધાન પાના ૭ પર

### બોઈંગ પ્લેનની ફ્યુલ સ્વીચ અંગે બ્રિટેને ચેતવણી આપી હતી

નવી દિલ્હી, તા. ૧૫

બ્રિટનના સિવિલ એવિએશન અથોરિટી (CAA) એ મંગળવારે બોઈંગ વિમાનોના જાળવણી અંગે એક નવો ખુલાસો કર્યો છે. CAA એ જણાવ્યું હતું કે અમદાવાદ વિમાન દુર્ઘટનાના ચાર અઠવાડિયા પહેલા બોઈંગ વિમાનોના બળતણ નિયંત્રણ સ્વીચ અંગે ચેતવણી જાહેર કરવામાં આવી હતી. ૧૫ મેના રોજ CAA એ એરલાઈન્સને યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) ના નિર્દેશોનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. હ્લછછ એ તેના નિર્દેશોમાં બોઈંગ ૭૩૭, ૭૫૭, ૭૬૭, ૭૭૭ અને ૭૮૭ વિમાનોમાં ફ્યુઅલ શટઓફ વાલ્વ એક્ટ્યુએટર્સને સંભવિત જોખમી ગણાવ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

# માંગરોળમાં સમારકામ વખતે પુલ તૂટી પડતા ૮ લોકો નેત્રાણી નદીમાં ખાબક્યા

### આજક ગામે વધુ એક જર્જરીત બ્રીજ તૂટી પડયો : નદીમાં પડેલા તમામ ૮ લોકોનો ચમત્કારીક બચાવ

માંગરોળ, તા. ૧૫

જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના આજક ગામે પુલના સમારકામ શરૂ કરતા સમયે જ આજે એક બાજુનો છેડો તુટ્તા હીટાચી સહીત આઠ લોકો પુલમાં ખાબક્યા હતા પરંતુ સદનશીબે કોઈ જાનહાનિ થઈ ન હતી અને આણંદના ગંભીરા પુલ જેવી દુર્ઘટના ટળી જતા લોકો અને સરકારી તંત્રને હાશકારો થયો છે.

ગંભીરા બ્રિજ ઘટના બાદ નિદ્રાધીન





તંત્ર સમગ્ર ગુજરાતના પુલોનો સમારકામ શરૂ કર્યું છે ત્યારે આજક ગામે આત્રોલી ગામેથી કેશોદ તરફ જતા રોડ ઉપર નેત્રાણી નદી પરનો ૩૦ ફુટનો પુલ જર્જરીત હોય જેનું સમારકામ કામ શરૂ કરાયું હતું.

તે સમયે ગામના ૭૦/૮૦ લોકો જોવા ઉમટી પડ્યા હતા તે દરમીયાન રીપેરીંગના પહેલા દિવસે જ પુલનો એક તરફનો છેડો બેસી જતા હીટાચી સહીત ૮ વ્યક્તિ ઓ નદીમાં પડયા હતા જે તમામનો બચાવ થયો છે.

આ પુલના સમારકામ સમયે તંત્ર દ્વારા ડાયવર્ઝન ન આપતા આઠ દશ ગામોના લોકોને ૨૦ કીમી સુધી ફરવું

અનુસંધાન પાના ૭ પર

# અમૃતસર- જામનગર એક્સપ્રેસ વેમાં ૨૮ કિમી પર ટોલ મોકૂફ

### બિસ્માર માર્ગ રીપેરીંગ કરવા સાથે રોડ ટેક્સ હંગામી ધોરણે બંધ

નવી દિલ્હી, તા. ૧૫

રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ દ્વારા એક વિશેષ જાહેરાત કરવામાં આવી છે. ભારતમાલા પ્રોજક્ટ અંતર્ગતના મહત્વપૂર્ણ એવા અમૃતસર-જામનગર એક્સપ્રેસવે (NH-754K) પર સાંચોર-સાંતલપુર સેક્શનના પેકેજ-૪માં અત્યારે રિપેરિંગની મહત્વપૂર્ણ કામગીરી ચાલુ હોવાથી, અહીં ૨૮.૭૧ કિલોમીટરના સ્ટ્રેચમાં લાગતો ટોલ ટૂંકી મુદ્દત માટે માફ કરવામાં આવ્યો છે.

NHAIએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ૧૫ જુલાઈ ૨૦૨૫ સવારે ૮ વાગ્યાથી આ નિર્ણય લાગુ થઈ જશે. રિપેરિંગની નિર્ધારિત કામગીરી પૂર્ણ થયા સુધી ૨૮.૭૧ કિલોમીટરના સ્ટ્રેચનો ટોલ નાગરિકો માટે ફ્રી રહેશે.

રાજસ્થાનના સાંચોરથી ગુજરાતના પાટણ જિલ્લાના સાંતલપુર સુધી ૧૨૫ કિલોમીટરનો માર્ગ એક મહત્વપૂર્ણ ઈકોનોમિક કોરિડોર છે. ભારતમાલા પ્રોજેક્ટનો ઉદ્દેશ દેશના ઉત્તર ક્ષેત્રના રાજ્યો-પ્રદેશોની પૂર્વ ક્ષેત્રના વિસ્તારો સાથે

અનુસંધાન પાના ૭ પર

# ઓડિશામાં આત્મદાહ કરનાર વિદ્યાર્થીનીનું હોસ્પિટલમાં મોત

### કોલેજના વિભાગીય વડાની જાતીય સતામણીનો ભોગ બનેલી વિદ્યાર્થીની એઈમ્સમાં સારવાર હેઠળ હતી

નવી દિલ્હી, તા. ૧૫

ઓડિશાના બાલાસોરમાં ફકીર મોહન ઓટોનોમસ કોલેજમાં સોમવારે મોડી રાત્રે આત્મહત્યા કરનાર ૨૦ વર્ષીય વિદ્યાર્થિનીનું મોત નીપજ્યું હતું. વિદ્યાર્થિની ૯૫ ટકા દાઝી ગઈ હતી અને છેલ્લા ૩ દિવસથી ભુવનેશ્વરના એઈમ્સમાં જીવન માટે સંઘર્ષ કરી રહી હતી.

આ છોકરી ફકીર મોહન કોલેજમાં ઈન્ટિગ્રેટેડ બી.એડ. કોર્સના બીજા વર્ષની વિદ્યાર્થિની હતી. ૧૨ જુલાઈના રોજ, વિભાગના વડા (HOD) દ્વારા હેરાનગતિનો ભોગ બન્યા બાદ, તેણીએ કોલેજ કેમ્પસમાં પોતાના પર કેરોસીન છાંટીને ખુદને આગ લગાવી દીધી હતી.

ઘટના પહેલા, તે પ્રિન્સિપાલ પાસે ગઈ હતી, પરંતુ પ્રિન્સિપાલે તેણીને ફરિયાદ પાછી ખેંચવા કહ્યું. આ પછી તેણીએ આત્મહત્યા કરી. સ્ટુડન્ટને પહેલા બાલાસોર જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ત્યાંથી, ડોક્ટરોએ તેણીને ભુવનેશ્વર એઈમ્સ રેફર કરી.

વિદ્યાર્થિનીના મૃત્યુ બાદ ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ X પર કહ્યું હતું કે તમામ ગુનેગારોને કડકમાં કડક સજા મળશે. વિદ્યાર્થિનીના મૃત્યુ બાદ એઈમ્સ પહોંચેલા ઓડિશાના નાયબ મુખ્યમંત્રી પ્રવતી પરિદાએ જણાવ્યું હતું કે પીડિતાનું સોમવારે રાત્રે લગભગ ૧૧:૪૫ વાગ્યે મૃત્યુ થયું હતું.

ઓડિશા પોલીસે ૧૨ જુલાઈના રોજ જ આરોપી HOD સમીર કુમાર સાહુની ધરપકડ કરી હતી. રાજ્ય સરકારે કોલેજના પ્રિન્સિપાલ દિલીપ ઘોષને સસ્પેન્ડ કરી દીધા હતા. જોકે, રાજ્યભરમાં વિરોધ

અનુસંધાન પાના ૭ પર

# દિગ્ગજ દોડવીર વૃદ્ધ ફૌજાસિંહનું માર્ગ અકસ્માતમાં કરુણ મોત

### ૧૧૪ વર્ષની વયે સક્રિય રહેલા ફૌજા સિંઘને અજાણ્યા વાહને અડફેટે લીધા

જલંધર, તા. ૧૫

જાણીતા દિગ્ગજ દોડવીર ફૌજાસિંઘનું ૧૧૪ વર્ષની વયે માર્ગ અકસ્માતમાં સોમવારે નિધન થયુ છે. ફૌજાસિંહ ૧૧૪ વર્ષની વયે પણ સક્રિય હતા તેઓ રસ્તા પર ટહેલી રહ્યા હતા ત્યારે એક અજાણ્યા વાહને તેને ટક્કર મારી દીધી હતી.

પંજાબનાં રાજયપાલ અને ચંદીગઢનાં પ્રશાસક ગુલાબચંદ કટારિયાએ દોડવીર ફૌજાસિંહના



નિધન પર ઉંડુ દુઃખ વ્યંકત કરતા જણાવ્યું હતું કે હું મહાન એથ્લેટ અને દ્રઢતાનાં પ્રતિક સરદાર ફૌજાસિંહના નિધનથી દુઃખી છું. તેમણે ૧૧૪ વર્ષની વયમાં બેજોડ ઉત્સાહ સાથે 'નશામુકત રંગલા પંજાબ' માર્ચમાં મારી સાથે ભાગ લીધો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે,

અનુસંધાન પાના ૭ પર

# એક્સિઓમ-૪ મિશનમાં શુભાંસુ શુકલએ અનેક સિદ્ધિ પ્રાપ્ત કરી

### અંતરિક્ષમાંથી ટૂંક સમયમાં શુભાંશુ શુકલા ધરતી પર ઉતરાણ કરશે

નવી દિલ્હી, તા. ૧૫

ઈસરોએ સોમવારે જણાવ્યું હતુ કે, અંતરિક્ષ યાત્રી શુભાંશુ શુકલાએ બધા ૭ પ્રયોગો અને અન્ય અગાઉથી યોજીત ગતિવિધીઓને સફળતા પૂર્વક પુરી કરી લીધી છે. આથી એકિસઓમ-૪ મિશનમાં મહત્વની સિદ્ધિ મળી છે.

ઈસરોએ જણાવ્યું હતુ કે, મેથી અને મગના બીજોનું અંકુર ટાર્ડિગ્રેડસનાં ભારતીય સ્ટ્રેન માયોજેનેસીસ સાઈનો બેકટેરીયા, સુક્ષ્મ શેવાળ, પાકના બીજ અને વોયેજર ડિસ્પ્લે પર પ્રયોગો યોજના અનુસાર પુરા થઈ ગયા છે.ઈસરોએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે, ગગનયાત્રી શુભાંશુ શુકલાએ વિદાય સમારોહમાં બોલતા વૈજ્ઞાનિક અનુસંધાન પોર્ટફોલીયો, સંબંધીત પ્રોટોકોલ વિકસીત કરવા અને રાષ્ટ્રીય ભાગીદારી સાથે છાત્ર આઉટરીચ ગતિવિધીઓની રૂપરેખા તૈયાર કરવામાં ટીમ ઈસરોની સાથે સાથે અભિયાન ૭૩ ના ચાલક દળનાં સભ્યોનો સહયોગ માટે આભાર માન્યો હતો.શુભાંશુએ આંતર રાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (આઈએસએસ) પર પાણી સાથે સંકળાયેલા શુન્ય ગુરૂત્વાકર્ષણનો પ્રયોગ કર્યો છે કે જેથી એ બતાવી શકાય કે માઈક્રો ગ્રેવિટી કેવી રીતે રોજબરોજની ભૌતિકીને બદલી શકે છે.આ પ્રયોગ એકિસઓમ સ્પેસનાં આઉટરીચ અને વૈજ્ઞાનિક મિશનનો ભાગ હતો.તેમાં અંતરિક્ષમાં પાણીનાં અનોખા વ્યવહારને ઉજાગર કરાયો હતો.પ્રયોગ દરમ્યાન શુભાશુએ પાણીના પૃષ્ઠ તનાવનો ફાયદો

અનુસંધાન પાના ૭ પર



# પીપલોદ ખાતે મ્યુ. કમિશનરે રોડ રિપેરિંગ કામગીરીનું નિરીક્ષણ કર્યું

## સુરત શહેરના કુલ ૪૫૦૩ કિ.મી. રોડ પૈકી ૨૫.૮૬ કિ.મીના રોડનું રિપેરિંગ કામ હાથ ધરાયું

સુરત, તા.૧૫

વરસાદના વિરામ બાદ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વરસાદથી ક્ષતિગ્રસ્ત રસ્તાઓની મરામત કામગીરી પ્રગતિ હેઠળ છે, ત્યારે સુરતના સાઉથ વેસ્ટ ઝોનમાં પીપલોદ સ્થિત ચાંદની ચોક ખાતે રોડ રિપેરિંગ કામગીરીનું મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલે સ્થળ વિઝિટ કરી પેચવર્કનું નિરીક્ષણ કર્યું હતું.

મ્યુ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, શહેરમાં વરસાદના વિરામ બાદ છેલ્લા દસ દિવસથી શહેરના તમામ ઝોનમાં ટેક્નિકલ ટીમ, મેન પાવર, મશીનરી સહિતની ટીમો રાત-દિવસ રોડ-રસ્તાઓના મરામત કાર્યમાં જોતરાઈ છે. સુરત શહેરના કુલ ૪૫૦૩ કિ.મી. રોડ પૈકી ૨૫.૮૬ કિ.મીના રોડનું રિપેરિંગ કામ હાથ ધરાયું છે. જેમાં શહેરના મુખ્ય રસ્તાઓનું ૯૮ ટકા મરામતની કામગીરી પૂર્ણ થઈ છે. આ સાથે દરરોજ હોટ મિક્ષ પ્લાન્ટ પણ કાર્યરત કરી ૫૦૦ થી ૬૦૦ મેટ્રિક ટન મટિરીયલ વિવિધ ઝોનમાં રોડ રીપેરિંગ અને મેન્ટેનન્સ માટે પહોંચાડવામાં આવી રહ્યું છે. આ સાથે ૨૬ કી.મી.ના રોડ પર રિસર્ફેસિંગની કામગીરી શરૂ કરાઈ છે. જેમાંથી ૧૬ કિ.મી.ના રોડ પર રિસર્ફેસિંગની પૂર્ણ કરાઈ છે. શહેરના મુખ્ય રસ્તા અને ટ્રાફિકથી વ્યસ્ત રસ્તાઓ પર સૌપ્રથમ મરામત કામગીરી હાથ ધરાઈ છે. આ સાથે શહેરમાં મેટ્રોની કામગીરી પ્રગતિ હેઠળ છે તે વિસ્તારોમાં પણ રોડ-રસ્તા રિપેરિંગની કામગીરી કરવામાં આવી છે. ICCC ખાતેથી રિયલ ટાઈમ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.વધુમાં કમિશનરે કહ્યું હતુ કે, નેશનલ હાઈવેના ધારાધોરણ પ્રમાણે વરસાદથી પડેલા ખાડાઓનું પેવર બ્લોક જેવા વિવિધ મટીરિયલનો ઉપયોગ કરાયો છે. મ્યુ. કમિશનર કક્ષાએથી ક્લાસ - ૧ અધિકારી, ડે.મ્યુ. કમિશનર, એડિશનલ સિટી એન્જીનિયર, સિટી એન્જીનિયરની ટીમ દ્વારા

અનુસંધાન પાના ૭ પર


# કામરેજ અને બારડોલી તાલુકામાં ક્ષતિગ્રસ્ત માર્ગોનું પૂરજોશ રીપેરીંગ

## પાંચ કિમી સુધીના માર્ગનું પેચવર્ક પૂર્ણ

સુરત, તા.૧૫

ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના કારણે ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારમાં રોડ-રસ્તા, પુલ વગેરેને ભારે નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં રાજ્યના નાગરિકોને તકલીફ ન પડે તે માટે આ રોડ-રસ્તા અને પુલની સમારકામની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવી રહી છે. જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામરેજ તાલુકાના ખોલવડથી લસકાણા રોડ, બારડોલી તાલુકાના વાસકુઈ ભેંસુદલા રોડ તથા મઢી કડોદ રોડ, અસ્તાન ગામથી બારડોલી ખરવાસા રોડ, માંડવી તાલુકાના જાબ પાતાલ રોડ, અને પલસાણા, મહુવા, માંગરોળ, ઉમરપાડા, ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના વિવિધ રસ્તાઓમાં મેન્યુઅલ બીએસજી અને કોંક્રિટની કામગીરીથી પેચ વર્ક કરવામાં આવ્યું હતું. કાર્યપાલક ઈજનેર (પંચાયત)શ્રી કે.કે.પટેલની નિગરાની હેઠળ કુલ પાંચ કિલોમીટર જેટલી લંબાઈના રસ્તામાં પેચ પૂર્ણ કરી વાહનચાલકોને મુશ્કેલી ન પડે તે માટે પોતાના કાર્યક્ષેત્ર હેઠળના તમામ રસ્તામાં પડેલા ખાડા પેચની મરામત પૂરી કરવામાં આવી રહી છે.







# લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકને વધુ બે ચક્ષુઓનું દાન

સુરત, તા.૧૫

અનેક વિધ માનવીય સેવા કરતું સૂ.મોવ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા જુન મહિનામાં પ્રાપ્ત થયેલ ચક્ષુ દાતા શ્રી ઓ ચક્ષુ દાતા સદ્. સુરેશચંદ્ર બાલુભાઈ મમરાવાળા ( ઉ. ૭૪) ચક્ષુ દાન ની તા. ૬/૭/૨૫ રહે. D-૧૦૩, નમ્રતા કોમ્પ્લેક્સ, હનીપાર્ક રોડ, અડાજણ (૨) ચક્ષુ દાતા સદ્. પ્રવીણચંદ્ર મંછારામ માંડલેવાલા ઉ. ૮૨ ચક્ષુ દાન ની તા. ૨૭/૭/૨૫ રહે. ૧૩/૨૫૨૫, માંડલે વાલા એસ્ટેટ,અઠવા લાઈન્સ, સુરત

શ્રી સૂરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ ધ્વારા ૨૫૯૦ થી વધુ ચક્ષુદાન પ્રાત કરનાર ચક્ષુદાન કમિટી ના સભ્યો પરેશ ભાટિયા, પંકજ માંજરાવાળા, નિતીન ઘાએલ , દિપક અનાજવાળા, હરીશ પીપવાળા, વસંત ગોળવાળા, જતીન મહેતા, જીતુ કટલરીવાલા, મનોજ ગાંધી સાથે લોક દ્રષ્ટિ ચક્ષુ બેંકના ડૉ. પ્રફુલ શિરોયા અને ડો. જીગ્નેશ પટેલે સેવા આપી હતી ચક્ષુદાતાઓ ના સ્નેહીજનો ને સ્થળ પર જ પ્રમાણ પત્ર અર્પણ કરી સદ્.ની આત્માની શાંતિ માટે સમૂહ પ્રાર્થના કરવામાં આવી.

# કલેક્ટર દ્વારા ખોલવડ-આંબોલી બ્રિજની એક્ષ્પાન્શન જોઈન્ટની કામગીરીનું નિરીક્ષણ

## હાઈ-વે પરનો બ્રીજ બંધ કરાતા ડાયવર્ઝન અંગે હાઈ-વે ઓથોરીટીને કલેક્ટરની સૂચના

સુરત, તા.૧૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લાના મુજપુર-ગંભીરા પુલ દુર્ઘટના બાદ રાજ્યના તમામ પુલોની સલામતી ધ્યાને લેતા જાહેરહિતમાં તેની પુનઃ તાત્કાલિક ધોરણે સઘન ચકાસણી કરવાની સૂચના આપી હતી, જેના ભાગરૂપે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ કામરેજ તાલુકાના ખોલવડ અને આંબોલીને જોડતા એન.એચ.-૪૮ પર તાપી નદી પરના બ્રિજની મુલાકાત લીધી હતી અને બ્રિજના એક્ષ્પાન્શન જોઈન્ટની સમારકામની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. બ્રિજ રિપેરિંગની કામગીરીના કારણે બ્રિજ બંધ કરવામાં આવ્યો છે, ત્યારે આ રૂટ પરના ટ્રાફિકને વડોદરા મુંબઈ હાઈવેના કિમ ચાર રસ્તાથી એના સુધીના સેક્શન પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે, જે સંદર્ભે નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ સાથે વાહનવ્યવહાર સરળ બને અને વાહનચાલકોને મુશ્કેલી ન પડે એ બાબતે ચર્ચાવિચારણા કરી જરૂરી સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, નેશનલ હાઈવે એન.એચ.-૪૮ પર કામરેજના ખોલવડ અને આંબોલીને જોડતા તાપી બ્રિજના એક્ષ્પાન્શન જોઈન્ટનું સમારકામની કામગીરી રાઉન્ડ ધ કલોક ચાલી રહી છે. જેથી ભરૂચથી સુરત તરફ ડાબી તરફ જનારા વાહનોને કીમ ચાર રસ્તા પાસે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે ના પેકેજ-૬ પર ડાયવર્ટ કરવામાં આવ્યા છે. કીમ તરફથી નવા બનેલા એક્સપ્રેસ વે પર જઈને વાહનચાલકો પલસાણા તાલુકાના એના ગામ પાસે ઉતરી અને હાઈવે સુધી જઈ રહ્યા છે. ટ્રાફિક નિયમનની કામગીરી પોલીસ કર્મીઓ દ્વારા કરવામાં આવી રહી છે. બ્રિજની કામગીરી ૩૦ થી ૩૫ દિવસ ચાલનાર હોવાની વિગતો તેમણે આપી હતી. NHAIના સુરતના પ્રોજેક્ટ ડિરેક્ટર સંજયકુમાર યાદવે તાપી બ્રિજના એક્ષ્પાન્શન જોઈન્ટની

અનુસંધાન પાના ૭ પર



# કેન્દ્રીય વિદ્યાલય ઓએનજીસી ખાતે ક્ષમતા આધારિત શિક્ષણ વિશે વર્કશોપ

## વિજ્ઞાનના શિક્ષકો માટે પાંચ દિવસની કાર્યશાળા

સુરત, તા.૧૫

૧૪ જુલાઈ ૨૦૨૫ થી ૧૮ જુલાઈ ૨૦૨૫ દરમિયાન કેન્દ્રીય વિદ્યાલય સંગઠન અમદાવાદ વિભાગના વિજ્ઞાન શિક્ષકો માટે પાંચ દિવસીય CBL (ક્ષમતા આધારિત શિક્ષણ) વર્કશોપનું ઉદ્ઘાટન કેન્દ્રીય વિદ્યાલય નંબર 3 ONGC સુરત ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્ઘાટન આચાર્ય શ્રી રાજેશ કુમાર અને પ્રશિક્ષકો શ્રીમતી પીયુ ચૌધરી શોમ અને સુશ્રી શુભાંગી મિગલાની દ્વારા શિક્ષણની દેવી સરસ્વતીને માળા પહેરાવીને કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, આચાર્ય શ્રી રાજેશ કુમારે તાલીમાર્થીઓ શ્રીમતી પીયુ ચૌધરી અને સુશ્રી શુભાંગી મિગલાનીનું પુષ્પગુચ્છ અર્પણ કરીને લીલોતરીથી સ્વાગત કર્યું. વિદ્યાર્થીઓએ વર્કશોપમાં હાજર તમામ શિક્ષક પ્રશિક્ષકોનું મધુર સ્વાગત ગીત દ્વારા સ્વાગત કર્યું. શાળાના આચાર્ય શ્રી રાજેશ કુમારે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આ વર્કશોપ ખાસ કરીને અમદાવાદ વિભાગના વિવિધ કેન્દ્રીય વિદ્યાલયોના TGT વિજ્ઞાન શિક્ષકો માટે બનાવવામાં આવ્યો છે, જેનો હેતુ ક્ષમતા આધારિત શિક્ષણ તકનીકો દ્વારા તેમની વર્ગખંડ પદ્ધતિઓને મજબૂત બનાવવાનો છે. આ કાર્યક્રમ શ્રી અરવિંદો સોસાયટી દ્વારા અનુભવી શિક્ષકોના સહયોગથી શિક્ષણમાં ગુણાત્મક સુધારો લાવવા માટે યોજવામાં આવ્યો હતો. વર્કશોપ પ્રસ્તુતકર્તાઓ/પ્રશિક્ષકોઃ શ્રીમતી પીયુ ચૌધરી શોમ અને શ્રીમતી શુભાંગી મિગલાનીએ ખૂબ જ ઉત્સાહ અને અસરકારકતા સાથે સત્રોનું સંચાલન કર્યું અને વાસ્તવિક વર્ગખંડના વાતાવરણમાં CBL અમલમાં મૂકવા માટે આંતરદષ્ટિ, વ્યવહારુ વ્યૂહરચનાઓ અને સાધનો પ્રદાન કર્યા. વર્કશોપનો પ્રથમ દિવસ ખૂબ જ પ્રભાવશાળી રહ્યો અને બંને તાલીમાર્થીઓની તમામ સહભાગી શિક્ષકો દ્વારા ખૂબ પ્રશંસા અને પ્રશંસા કરવામાં આવી. શાળાના આચાર્ય શ્રી રાજેશ કુમારના સક્ષમ માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યો, જેમણે આયોજક ટીમ અને સહભાગીઓને સતત ટેકો અને પ્રોત્સાહન આપ્યું.




# ચેમ્બરના ગ્રુપ ચેરમેન તરીકે નિતિન ભરૂચાની નિમણૂંક

સુરત, તા.૧૫

સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ના ગ્રુપ ચેરમેન તરીકે શ્રી નીતીનકુમાર ટી.ભરૂચા ની ૨૦૨૫-૨૬ માટે નિમણૂંક કરવામાં આવી છે.કુલ ૩ કમીટીઓ તેમના અંડર માં હશે.

૧. જીઆઈડીસી ડેવલો?પમેન્ટ કમીટી, ૨.એન્ટી ડમ્પીગ, કસ્ટમ ડ્યુટી અને સીવીડી કમીટી અને ૩. કન્ઝ્યુમર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ગ્રીવન્સ કમીટીનો સમાવેશ થાય છે. આ પ્રસંગે નિતિન ભરૂચાએ જણાવ્યું હતું કે SGCCI મા ૧૯-૦૭-૧૯૯૫ મા સભ્ય બની અને ૧૯૯૮-૯૯ થી શ્રી રાજેન્દ્ર ચોખાવાલાના પ્રમુખ પદના નેતૃત્વ હેઠળ મનેજીંગ કમીટીમા પ્રથમ વખત ચૂંટાય ને આજ પર્યંત સતત ચૂંટાયેલ છું. ચેમ્બર ઓફ કોમર્સની મારી સુદીર્ઘ કારકિર્દી દરમ્યાન મેં ચેમ્બરના વિવિધ હોદ્દાઓ પર રહી તમામ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ સાથે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી છે અને જે કંઈ કાર્યો હું હાથ પર લઉં છું તે કાર્યને હિંમત સાથે પરિપૂર્ણ કરવામાં હું ક્યારેય પણ પીછેહત કરતો નથી. ૨૦૧૦ થી ૨૦૧૫ સુધી સુરત મહાનગરપાલિકા ના કોર્પોરેટર પદે રહી સુરત શહેર ને LED LIGHT PROJECT અને

અનુસંધાન પાના ૭ પર

# મહાગુજરાત મેડિકલ એસોસિયેશન સુરતના નવા હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ યોજાયો

## સમારંભમાં સ્વાગત પ્રવચન કરતા ડો.કૌશિક ડોબરિયા




સુરત, તા.૧૫

(મહેન્દ્રભાઈ સોની દ્વારા )

સુરત : ખાતે મહાગુજરાત મેડિકલ એસોસિયેશન દ્વારા હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ યોજવામાં આવ્યો હતો જેમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ ના પ્રમુખ ડૉ. કૌશિક ડોબરિયા દ્વારા સ્વાગત પ્રવચન દ્વારા કરવામાં આવ્યુ હતુ તેમાં તેમણે MGMPA મેડિકલ એસોસિયેશન ની સ્થાપના ની રૂપરેખા આપી ને તેમણે કહ્યું હતું કે ગુજરાત રાજ્ય માં સ્વચ્છ મેડિકલ એસોસિયેશન ની સ્થાપના ૧૯૮૪ માં કરવામાં આવી હતી અને ત્યારબાદ સંસ્થા ના દરેક પદાધિકારીઓ દ્વારા સતત પરિશ્રમ અને લગન ને કારણે સંસ્થા એ ખૂબ હરણફાળ ભરી છે

આ કાર્યક્રમ ના મહેમાન તરીકે સૌજન્ય પૂરું પાડનાર ડૉક્ટર મિત્રો અને વ્યારા ના ડી. વાય.એસ.પી . નિકિતા શિરોયા ઉપસ્થિત રહ્યા હતા.ત્યાર બાદ IPP ડૉ.કૌશિક ડોબરિયા દ્વારા નવનિયુક્ત પ્રમુખ ડૉ.હિતેશ સવાણી ને MGMPA વર્ષ ૨૦૨૫ થી ૨૭ માટેનો મેડલ અને કોલર એક્સચેન્જ કરવામાં આવ્યો હતો જ્યારે પૂર્વ મંત્રી ડૉ.જિતેન્દ્ર પાંચાણી દ્વારા નવનિયુક્ત મંત્રી ડૉ.મનીષ અકબરી ને સ્વચ્છ વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૭ માટેનો મેડલ અને કોલર એક્સચેન્જ કરવામાં આવ્યો હતો. ઉપપ્રમુખ તરીકે ડૉ . જીતેન્દ્ર પાંચાણી અને ડૉ. નીરજ શાહ ,જોઈન્ટ સેક્રેટરી તરીકે યુવા તબીબ અને સામાજીક અગ્રણી ડૉ. ભાવિન રાજેશ શિરોયા , ડૉ.નિલેશ પરીખ અને ખજાનચી તરીકે હોમિયોપેથીક કાઉન્સિલ ઓફ ગુજરાત ના સદસ્ય ડૉ .પરેશ કાકડિયા અને ડૉ.સતીશ કાત્રોડિયા (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ના પૂર્વ સેનેટ સદસ્ય) ને MGMPA ના ટ્રસ્ટી ડૉ.કિશોર લાખાણી, ડૉ.ચેતન પટેલ,ડૉ. અરવિંદ વિરડીયા, ડૉ.જયેન્દ્ર પિલુદરિયા અને નવનિયુક્ત પ્રમુખ મંત્રી દ્વારા મેડલ પહેરાવીને ઓફિસ બેરર ના સભ્યો તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય કારોબારી સદસ્યો તરીકે અને વિવિધ પ્રકારની સમિતિના હોદ્દેદારો તરીકે નીચે પ્રમાણે વરણી કરવામાં આવી હતી જેમાં સાંસ્કૃતિક સમિતિ ના ચેરમેન તરીકે ડૉ. પ્રકાશ ડોબરિયા, ડૉ. દીપક માણિયા CME કમિટી ના ચેરમેન તરીકે ડૉ. અનિલ પટેલ, ડૉ. દિવ્યાંગ પટેલ સ્પોર્ટ્સ કમિટી ના ચેરમેન તરીકે ડૉ. સંજય ઠુંમર, ડૉ. સાગર જોગાણી અને કારોબારી સભ્યો તરીકે ડૉ. રાજેશ મહાલે, ડૉ અશોક એસ. પટેલ, ડૉ બિપિન સુખાનંદી, ડૉ ધર્મેશ કિકાણી, ડૉ જયંત ભીમાણી, ડૉ ભાવિન પટેલ, ડૉ યોગેશ વાણાણી, ડૉ ગિરિશ વાવડિયા, ડૉ રમેશ મોરડિયા, ડૉ પ્રકાશ એસ. પટેલ, ડૉ ધર્મેશ બલર, ડૉ મનોજ વઘાસિયા ની વરણી કરવામાં આવી હતી.

# અડાજણ બાપ્સ મંદિરમાં હિંડોળાનો ભવ્ય મહોત્સવ

## મંદિરમાં ભગવાનને હિંડોળે ઝુલાવતા શ્રદ્ધાળુ ભક્તો

સુરત, તા.૧૫

પવિત્ર ભારતવર્ષની ભૂમિ ઉપર અનેક ઉત્સવો ઉજવાતાં રહ્યાં છે. ઉત્સવપ્રિયા ખલુ માનવાઃ ! આ સંસ્કૃત પંક્તિ મનુષ્યોને ઉત્સવપ્રિય કહે છે. જીવનની યંત્રવત્ ઘટમાળમાંથી બહાર નીકળી, જીવનનો સાચો અને શાશ્વત આનંદ મેળવવા ભારતના આર્ષદષ્ટા ઋષિવર્યોએ ઋતુ અનુસાર ઉત્સવો ગોઠવ્યા. સાથો સાથ ઈશ્વર પ્રત્યેની ભક્તિ અદા કરી શકાય તેનો



કેન્દ્રવર્તી વિચાર સેવી તેમણે દિવ્ય ભક્તિમય વાતાવરણ સર્જ્યું. શ્રાવણ માસનો પ્રારંભ થતાં પહેલાં જ મનુષ્યોમાં પ્રભુ પ્રત્યેની આસ્થા જાગે તે માટે હિડોળા ઉત્સવ શરૂ થાય છે. વૈદિક કાળથી ભગવાનને ભવ્ય હિડોળે

અનુસંધાન પાના ૭ પર

# ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

## સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત તા.૧૬ થી ૧૮ જુલાઈ દરમિયાન યોજાશે કાર્યક્રમ

સુરત, તા.૧૫

સુરત જિલ્લામાં સમગ્ર શિક્ષા અંતર્ગત વર્તમાન વર્ષે જિલ્લા માર્ગદર્શન કેન્દ્ર અને આઈટીઆઈ તેમજ જિલ્લા રોજગાર કચેરીના સંયુકત ઉપક્રમે કેરીયર ગાઈડન્સ એકટીવીટ અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન સેમિનારો આગામી તા.૧૬ થી ૧૮ જુલાઈ દરમિયાન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સુરત શહેરની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ માટે તા.૧૬મીએ તથા તા.૧૭મીએ સુરત જિલ્લાની શાળાઓ તેમજ તા.૧૮મી જુલાઈએ બાકી રહેલી શાળાઓના વિદ્યાર્થીઓ માટે સવારે ૧૦.૩૦ વાગે આર.એન.નાયક હાઈસ્કૂલ, સેન્ટ્રલ રોડ ન.૧૪,ઉધના ત્રણ રસ્તા ખાતે સેમિનારો યોજાશે. જેમાં મોટીવેશન સ્પીકર ડો.લલિતભાઈ બલદાણીયા માય કેરીયર, માય ડિસીઝન વિષય પર માર્ગદર્શન આપશે. ધો.૧૦ અને ૧૨ પછી કેરીયર અંગે રોજગાર અધિકારી તેમજ સંદિપભાઈ કેરીયર અંગે માર્ગદર્શન આપશે જેથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શહેર ભાજપ અધ્યક્ષ પરેશ પટેલના જન્મદિને નવી સિવિલમાં દર્દીઓને સાધન સહાય અર્પણ

## વ્યારા અને અમદાવાદની બે દિવ્યાંગ મહિલાઓને ઈ-ટ્રાઈસિકલની ભેટ આપી



સુરત, તા.૧૫

શહેર ભાજપ અધ્યક્ષ શ્રી પરેશ પટેલે પોતાના ૬૧મા જન્મદિવસના પૂર્વદિને નવી સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓ, બાળદર્દીઓને પોષણકીટ, વિવિધ સાધન સહાય અર્પણ કરી હતી. જેમાં પટેલ પરિવાર દ્વારા સિવિલ હોસ્પિટલમાં દાખલ બાળદર્દીઓને રમકડા, મચ્છરદાની, ખજૂરગોળની કીટ, ગાઉન, ટી.બી. કીટ, કેન્સર, હેમોફીલિયા ફેક્ટર, ફેશિયલ પાલ્સીથી પીડિત બાળકો તેમજ સફાઈ કામદારોને ૬૫૧ છત્રીઓની ભેટ અર્પણ કરવામાં આવી હતી. વ્યારા અને અમદાવાદની બે દિવ્યાંગ મહિલાઓને ઈ-ટ્રાઈસિકલની ભેટ આપી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય પ્રેરિત જળસંચય-જળસંરક્ષણ જાગૃતિ માટે 'કેચ ધ રેઈન', 'જલ હૈ તો કલ હૈ' 'પાણી બચાવો, જીવન બચાવો'ના સૂત્રો સાથેની છત્રીઓનું વિતરણ કરીને જળસંચયનો સંદેશ આપવામાં આવ્યો હતો. શ્રી પરેશ પટેલે જણાવ્યું હતું કે, જળસંચયના સૂત્રો સાથેની છત્રીઓ વિતરણ કરવાનો ઉદ્દેશ લોકો જળસંચય માટે પ્રતિબદ્ધ થાય એવો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૨૧થી શરૂ થયેલા ભારતવર્ષમાં 'કેચ ધ રેન' અભિયાન અંતર્ગત કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શનમાં છેલ્લા એક વર્ષમાં દેશમાં ૩૨ લાખથી વધુ વોટર હાર્વેસ્ટિંગ પ્લાન્ટ સ્થાપિત કરાયા છે. આ પહેલ દ્વારા વરસાદી બહાર વહેતું પાણી ભૂગર્ભમાં સંગ્રહિત થશે, જેના પરિણામે પાણીના સ્તર ઉંચા આવશે અને ભવિષ્યમાં પાણીની સમસ્યાઓ દૂર કરવા મદદરૂપ થશે.

આ પ્રસંગે નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ જણાવ્યું કે, સ્થાયી સમિતિના પૂર્વ અધ્યક્ષ અને નગરસેવક પરેશભાઈ

અનુસંધાન પાના ૭ પર

# ખાડી પરના દબાણો તોડી પાડવા સાથે વાઈડનીંગની કામગીરી ચાલુ

## ભેદવાડ ખાડી પાસેના પાઈપ કલવર્ટ દુર કરાયા

સુરત, તા.૧૫

આજરોજ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ ખાડી સફાઈની કામગીરી ઝુંબેશ સ્વરૂપે બહોળા સ્ટાફ અને મશીનરી સાથે હાથ ધરવામાં આવી. સદર કામગીરી અંતર્ગત અઠવા ઝોન, લિંબાયત ઝોન, ઉધના ઝોન એ, ઉધના ઝોન બી, વરાછા ઝોન એ અને વરાછા ઝોન બીમાં સીમાડા ખાડી, ઉન ખાડી,કાંકરા ખાડી, મીઠી ખાડી અને ભેદવાડખાડી પરના વિવિધ લોકેશન પર કરવામાં આવી હતી. જેમાં અઠવા ઝોન વિસ્તારમાં (૧) ટી.પી. ૪૩, એફ. પી. ૮૧ પાસે ખાડી



વાઈડનીગની કામગીરી કરવામાં આવેલ. જેમાં તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ ૪૦.૦૦ રનીંગ મીટર લંબાઈ , પહોળાઈ-૪.૦૦, તથા ઉંડાઈ -૫.૫૦ મીટર માં ખાડી ની વાઈડનીગ કરવાની કામગીરી થયેલ હતી તથા તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ સદર કામગીરી પ્રગતિ હેઠળ છે. તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ ૨.૦૦ રનીંગ મીટર લંબાઈ, પહોળાઈ -૪.૦૦ તથા ઉંડાઈ -૧.૫૦ રનીંગ મીટર પહોળાઈ માં ખાડી ની વાઈડનીંગ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ કામગીરીમાં મશીનરી જે.સી.બી.—૧, પોકલેન મશીન—૧ વિગેરે ઉપયોગ લેવામાં આવેલ છે. સદર કામગીરીના સુપરવીઝન અને નિયંત્રણ માટે ડે.ઈજનેર-૦૧, જુની.ઈજનેર -૦૧, સુપરવાઈઝર- ૦૧ સ્થળ પર હાજર રહેલ. (૨) ભીમરાડ બમરોલી ખાડી બ્રિજ પાસે વાઈડનીગની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ ૩૦.૦૦ રનીંગ મીટર લંબાઈમાં ૭.૦૦ રનીંગ મીટર પહોળાઈમાં ખાડી વાઈડનીગ કરવાની કામગીરી

અનુસંધાન પાના ૭ પર

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાથી રાજ્યની કુલ ૧૭ મહાનગરપાલિકાઓ અંતર્ગત

# રોડ-રસ્તા સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરાઈ

## રાજ્યની મહાનગરપાલિકાઓમાં કુલ ૭૫૧ કિ.મી.ના બિસ્માર રોડમાંથી ૬૦૯ કિ.મી.ના રોડની મરામત તેમજ ૧૬,૧૯૬ માંથી ૧૬,૦૨૯ ખાડા પૂરી દેવાયા

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના કારણે ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારમાં રોડ, રસ્તા, પુલ વગેરેને ભારે નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં રાજ્યના નાગરિકોને તકલીફ ન પડે તે માટે આ રોડ, રસ્તા અને પુલની સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સંબંધિત વિભાગ અને અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે. જેના ભાગરૂપે રાજ્યની કુલ ૧૭ મહાનગરપાલિકાઓ અંતર્ગત આવતા રોડ-રસ્તાના સમારકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

જેમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, ભાવનગર, જામનગર અને જૂનાગઢ એમ ગુજરાતની જૂની આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા અંદાજે ૩૦૦ કિ.મી.ના લંબાઈ ધરાવતા બિસ્માર રોડમાંથી યુદ્ધના ધોરણે ૨૯૧ કિ.મી.થી વધુના રોડ-રસ્તાઓની મરામત કરવામાં આવી છે. જ્યારે બાકીના કામો પણ એક સપ્તાહમાં સત્વરે પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત કુલ ૪૧.૨૭ કિ.મીના રસ્તાઓ પર ડામરના પેચ વર્કના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. રાજ્યની આ આઠ મહાનગરપાલિકાઓના વિવિધ માર્ગો પર ૧૪,૫૬૬ જેટલા પોટહોલ્સ-ખાડા હતા જેમાંથી તાત્કાલિક ધોરણે ૧૪,૪૪૭ ખાડા પૂરી દેવામાં આવ્યા છે. જ્યારે બાકીના ખાડા પણ સત્વરે પૂરી દેવાની કામગીરી આગામી બે દિવસમાં પૂર્ણ કરાશે. આ મહાનગરપાલિકાઓમાં નાગરિકો દ્વારા રોડ-રસ્તા, પોટહોલ્સ, ભૂવા-ખાડા અને વોટર લોગીંગ જેવી મળેલી કુલ ૧૪,૭૭૮ ફરિયાદોમાંથી તાત્કાલિક ધોરણે ૧૧,૪૬૦ ફરિયાદોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે બાકીની ફરિયાદોનો પણ સત્વરે ઉકેલ કરવામાં આવશે. વધુમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા મહેસાણા, નડિયાદ, આણંદ, નવસારી, વ્યાપી, સુરેન્દ્રનગર, મોરબી, ગાંધીધામ અને પોરબંદર એમ ગુજરાતની નવી નવ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા અંદાજે ૩૫૧ કિ.મી.ના લંબાઈ ધરાવતા બિસ્માર રોડમાંથી યુદ્ધના ધોરણે ૩૧૮ કિ.મી.થી વધુના રોડ-રસ્તાઓની મરામત કરવામાં આવી છે. જ્યારે બાકીના કામો પણ આગામી સમયમાં સત્વરે પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત કુલ ૦૬ કિ.મી.ના રસ્તાઓ પર ડામર પેચ વર્કના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. રાજ્યની આ નવ મહાનગરપાલિકાઓના વિવિધ માર્ગો પર ૧,૬૩૦ જેટલા પોટહોલ્સ-ખાડા હતા જેમાંથી તાત્કાલિક ધોરણે ૧,૫૮૨ ખાડા સંપૂર્ણ રીતે પૂરી દેવામાં આવ્યા છે. જ્યારે બાકીના ખાડા પણ સત્વરે પૂરી દેવાની કામગીરી આગામી બે દિવસમાં પૂર્ણ કરાશે. આ મહાનગરપાલિકાઓમાં નાગરિકો દ્વારા રોડ-રસ્તા, પોટહોલ્સ, ભૂવા-ખાડા અને વોટર લોગીંગ જેવી મળેલી કુલ ૬૪૬ ફરિયાદોમાંથી તાત્કાલિક ધોરણે ૫૬૩ ફરિયાદોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે બાકીની ફરિયાદોનો પણ સત્વરે ઉકેલ કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યની ભાવનગર, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ અને અમદાવાદ એમ કુલ છ રીજ્યોનલ કમિશનર્સ ઓફ મ્યુનિસિપાલિટીઝ વિસ્તારમાં આવતા રસ્તાઓ પર કુલ ૨,૨૬૭ પોટહોલ્સ-ખાડા હતા તેમાંથી ૧,૮૧૪ જેટલા પૂરી દેવામાં આવ્યા છે. જ્યારે બાકીના ખાડા પૂરવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

વધુમાં આ છ રીજ્યોનલ કમિશનર્સ ઓફ મ્યુનિસિપાલિટીઝ વિસ્તારમાં રહેતા નાગરિકો દ્વારા રોડ-રસ્તા, પોટહોલ્સ, ભૂવા-ખાડા અને વોટર લોગીંગ જેવી મળેલી કુલ ૩૯૩ ફરિયાદોમાંથી તાત્કાલિક ધોરણે ૨૮૬ ફરિયાદોનો હકારાત્મક નિકાલ કરવામાં આવી છે. જ્યારે બાકીની ફરિયાદોનો પણ સત્વરે ઉકેલ કરવામાં આવશે તેમ, શહેરી વિકાસ વિભાગની યાદીમાં વધુમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા નાગરિકો મોબાઈલ, વોટ્સ અપ, વેબસાઈટ, હેલ્પલાઈન નંબર-ટોલફ્રી નંબર, સિવિક સેન્ટર, સ્માર્ટ સીટી એપ તેમજ મહાનગરપાલિકાઓના કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર પર રોડ-રસ્તા, પોટહોલ્સ, ભૂવા-ખાડા અને વોટર લોગીંગ જેવી ફરિયાદો નોંધાવે છે જેનો સબંધિત વિભાગ-અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે નિકાલ કરવામાં આવે છે.

# રાજ્યમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ગુજરાત સરકાર દ્વારા વિવિધ પુલનું સઘન મજબૂતીકરણ કરાયું

### બગોદરા-લીંબડી નેશનલ હાઈવે પર બગોદરા પાસેની ભોગાવો નદી પર ૦૬ માર્ગીય બ્રિજનું નિર્માણ

### અમદાવાદના વિશાલામાં શાસ્ત્રી બ્રિજનું રૂ. ૬.૫ કરોડના ખર્ચે મરામત અને પુનઃનિર્માણ કાર્ય પૂર્ણ

ગુજરાતમાં વાહનવ્યવહારને સુગમ બનાવતા તેમજ આર્થિક પ્રવૃત્તિઓ અને નાગરિકોના જીવનને જોડતા વિવિધ માર્ગ અને બ્રિજના ભારે ઉપયોગને કારણે પુલની સમારકામ અને જાળવણી જરૂરીયાતને ધ્યાને રાખીને ગુજરાત સરકાર દ્વારા પુલોના સમારકામ અને મજબૂતીકરણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેનો ઉદ્દેશ્ય માર્ગ સલામતી સુનિશ્ચિત કરવાનો અને રાજ્યના વિકાસને વેગ આપવાનો છે. રાજ્ય સરકાર દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીના ભાગરૂપે તપાસ બાદ ક્ષતિગ્રસ્ત પુલોનું યુદ્ધના ધોરણે સમારકામ કરીને તેને વધુ સુરક્ષિત અને કાર્યક્ષમ બનાવવામાં આવ્યા છે.

બગોદરા-લીબડી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ભોગાવો નદી ઉપર ૬ માર્ગીય પુલનું નિર્માણ

વાહન વ્યવહાર અને સલામતી સુરક્ષિત કરવાના આશય સાથે બગોદરા-લીબડી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-અ (નવો રાષ્ટ્રીય ધોરીમાર્ગ - ૪૭) પર બગોદરા પાસેની ભોગાવો નદી પર ૦૬ માર્ગીય બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ મુજબ ભોગાવો નદી પર ડાબી બાજુએ હયાત બે-માર્ગીય બ્રિજને ત્રણ-માર્ગીય બનાવવાની કમગીરી બે વર્ષ પહેલા જ પૂર્ણ કરવામાં આવી હતી. હાલમાં, ભોગાવો નદી પરના આ હયાત બ્રિજને વાહનવ્યવહાર માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે, જેનું નિયમિતપણે મેઈન્ટેનન્સ કરવામાં આવે છે.

આ ઉપરાંત ભોગાવો નદી પર જ હયાત બ્રિજની બીજી બાજુ નવા ત્રણ-માર્ગીય બ્રિજનું નિર્માણ કાર્ય હાલ પૂર્ણતાના આરે છે. આ કામગરી પૂર્ણ થતા ટૂંક જ સમયમાં સૌરાષ્ટ્રને અમદાવાદ સાથે જોડતા વાહનવ્યવહારમાં નોંધપાત્ર સુધારો થશે. આ નવા અને વિસ્તૃત પુલના નિર્માણથી વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ દૂર થશે અને પ્રવાસ વધુ સુગમ અને સુરક્ષિત બનશે.

અમદાવાદમાં શાસ્ત્રી બ્રિજની મરામત-સમારકામ

અમદાવાદ શહેરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં-૪૭ પર આવેલા વિશાલા નજીકના શાસ્ત્રી બ્રિજનું રૂ. ૬.૫ કરોડના ખર્ચે મરામત અને પુનઃનિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. બે અલગ-અલગ લેન માટે બે સ્વતંત્ર પુલ ધરાવતા શાસ્ત્રી બ્રિજ પૈકીનો જમણી બાજુનો પુલ વર્ષ ૧૯૭૦માં જ્યારે, ડાબી બાજુનો પુલ વર્ષ ૨૦૦૨માં નિર્માણ પામ્યો હતો. ગત વર્ષ ૨૦૨૨માં જમણી બાજુના પુલના બેરિંગમાં ખામી અને બંને પુલના એક્સ્પાન્સન જોઈન્ટ્સને નુકસાન જણાતાં, તાત્કાલિક ધોરણે બ્રિજનું સમારકામ પૂર્ણ કરીને વર્ષ ૨૦૨૪માં ફરી આ પુલને પુનઃ કાર્યરત કરવામાં આવ્યો હતો.

આ મરામત અને પુનઃનિર્માણ કામગીરીમાં જમણી બાજુના બ્રિજના બેરિંગનું મરામત અને સુધારાવિધાન કરવામાં આવ્યું હતું. સાથે જ, સુરક્ષાની દ્રષ્ટીએ બંને પુલના એક્સ્પાન્સન જોઈન્ટ્સને સંપૂર્ણપણે બદલી નાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત જમણી બાજુના બ્રિજની ઇઝ્ઝ (રેઈનફોર્સ્ડ સિમેન્ટ કોંક્રીટ) પેરાપેટ દિવાલનું પુનઃનિર્માણ, અનેક જગ્યાઓએ ગ્રાઉટિંગ અને ગનાઈટિંગ દ્વારા બ્રિજના બાંધકામની મરામત, ડાબી બાજુના પુલ પર મેટલ બીમ ક્રેશ બેરિયર સ્થાપિત કરીને વાહનચાલકોની સુરક્ષા વધારવા જેવા વિવિધ કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા. આ સમારકામના કારણે શાસ્ત્રી બ્રિજ હવે વધુ સુરક્ષિત અને ટકાઉ બન્યો છે.

ભરૂચમાં કદરામા ખાડી પર નવો બ્રિજ ખુલ્લો મૂકાયો

ભરૂચ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ પર કદરામા ખાડી ઉપર એક જૂના, જર્જરિત અને સાંકડા પુલના સ્થાને નવા માઈનોર બ્રિજનું (નાનો પુલ) નિર્માણ કરવામાં આવ્યું છે. આધુનિક એન્જિનિયરિંગ પદ્ધતિથી રૂ. ૯.૪૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલા આ બ્રિજને તાજેતરમાં જ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, જૂના નેરો બ્રિજની તપાસ હાથ ધરતા તે બ્રિજ સાંકડો અને જર્જરિત હોવાથી, નાગરિકોની સલામતીને ધ્યાને રાખતા સરકાર દ્વારા તેની સ્થાને નવા માઈનોર બ્રિજનું યુદ્ધના ધોરણે નિર્માણ કરીને તેને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય ધોરી માર્ગ—લીબડી પેટા વિભાગ દ્વારા વિવિધ બ્રિજનું મજબૂતીકરણ:

ચોમાસા પૂર્વે માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર પ્રિ-મોન્સૂન પ્રિકોશનરી કામગીરી સઘન રીતે હાથ ધરવામાં આવી હતી. ચોમાસા દરમિયાન વાહનવ્યવહારને સુગમ અને સુરક્ષિત રાખવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ-લીબડી દ્વારા વિવિધ સ્થળોએ સમારકામ અને મજબૂતીકરણના કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.-

૧. વિરેન્દ્રગઢ (સુરેન્દ્રનગર) નજીક બ્રિજનું સમારકામ:

લીબડી-સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા-કુડા રોડ (NH-૫૧) પર વિરેન્દ્રગઢ ગામ નજીકના બ્રિજમાં મરામત કામગીરીની જરૂર જણાતા, તાત્કાલિક ધોરણે બ્રિજ પર ગ્રાઉટીંગ અને ગનાઈટીંગની કામગીરી હાથ ધરીને બ્રિજની મજબૂતી વધારવામાં આવી છે.

૨. કુડા ગામ (સુરેન્દ્રનગર) પરના બ્રિજ પર વાહન પ્રતિબંધ:

લીબડી-સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા-કુડા રોડ (NH-૫૧) પર કુડા ગામ પાસે આવેલા બ્રિજની ટેક્નિકલ અધિકારીઓ અને બ્રિજ નિષ્ણાતોએ તપાસ હાથ ધરીને બ્રિજ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી હતી. જેને પગલે, સુરેન્દ્રનગર કલેક્ટર કચેરી દ્વારા તાત્કાલિક ધોરણે જાહેરનામું બહાર પાડીને બ્રિજ પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. સાથે જ, બ્રિજની બાજુમાં ચેતવણી દર્શક બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે.

૩. રાણપુર-બોટાદ (મિલેટ્રી) રોડ પર ડામર સપાટીનું સમારકામ:

ઢસા-ગઢડા-બોટાદ-રાણપુર-લીબડી રોડ (NH-૫૧)ના રાણપુર-બોટાદ (મિલેટ્રી રોડ) પ્રભાગ પર ખરાબ થયેલ ડામર સપાટીને હોટ મિક્સ મટીરીયલથી પેવર વડે દુરસ્ત કરવામાં આવી છે. રોડ સેફ્ટીના ભાગરૂપે, લેયિંગ કરાયેલ ડામર સપાટી પર થર્મોપ્લાસ્ટ માર્કિંગ પણ કરવામાં આવ્યું છે.

૪. પાંદરી-કારોલ ગામ (સુરેન્દ્રનગર) વચ્ચે સી.ડી. વર્કનું સમારકામ:

ઢસા-ગઢડા-બોટાદ-રાણપુર-લીબડી રોડ (NH-૫૧)ના રાણપુર-લીબડી રોડ પર પાંદરી અને કારોલ ગામ વચ્ચે આવેલા સી.ડી. વર્કમાં મરામતની જરૂર જણાતા, તાત્કાલિક ધોરણે ગ્રાઉટીગ અને ગનાઈટીગની કામગીરી હાથ ધરીને બ્રિજને વધુ મજબૂત અને સુરક્ષિત કરવામાં આવ્યો છે.

૫. સુખભાદર બ્રિજ, રાણપુર (બોટાદ) પર રેલિંગનું સમારકામ:

ઢસા-ગઢડા-બોટાદ-રાણપુર-લીબડી રોડ (NH-૫૧) પર આવેલા રાણપુર ગામે સુખભાદર નદી પર સ્થિત બ્રિજની હયાત આર.સી.સી. પેરાપેટને નુકસાન થયું હોવાનું જાણવા મળતાની સાથે જ, યુદ્ધના ધોરણે જૂની પેરાપેટ હટાવીને પાઈપ રેલિંગ લગાવવામાં આવી છે, જેથી માર્ગસુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

૬. આંકડીયા બ્રિજ, બોટાદ ખાતે ડાયવર્ઝન:

ઢસા-ગઢડા-બોટાદ-રાણપુર-લીબડી રોડ (NH-૫૧) પર આવેલા આંકડીયા ગામ પાસેના 'આંકડીયા બ્રિજ'ની થયેલી તપાસમાં બ્રિજને ભારે નુકસાન થયું હોવાનું સામે આવ્યું હતું. ટેક્નિકલ અધિકારીઓની સલાહ મુજબ સુરક્ષાને ધ્યાને રાખતા આ બ્રિજને તુરંત જ બંધ કરીને તેની નીચેની બાજુએ (ડાઉનસ્ટ્રીમ) ડાયવર્ઝનનું બાંધકામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવ્યું છે. હાલમાં સંપૂર્ણ વાહનવ્યવહાર આ ડાયવર્ઝન પરથી પસાર થઈ રહ્યો છે.

ગુજરાતમાં પરિવહન નેટવર્કને વધુ મજબૂત બનાવવા, માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અને નાગરિક સુરક્ષાને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા રોડ-રસ્તા અને બ્રિજની જાળવણી, નિયમિત નિરીક્ષણ અને મજબૂતીકરણને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

# રાજ્યમાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓના સમારકામની કામગીરી સત્વરે પૂર્ણ કરવા મુખ્યમંત્રીનો આદેશ

### ક્ષતિગ્રસ્ત રસ્તાઓમાં કુલ ૪૭ ટકા પેચવર્કની તથા ૬૩ ટકા પોટહોલ્સ પૂરવાની કામગીરી પૂર્ણ

ચોમાસાની ઋતુમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ- પુલ ક્ષતિગ્રસ્ત બન્યા છે. આ રસ્તા- પુલનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના દિશા-દર્શનમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યભરમાં યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓને સત્વરે રીપેરીગ કરીને પૂર્વવત કરવા આદેશ આપ્યા છે. જે અંતર્ગત રાજ્યમાં કુલ ૪૭ ટકા પેચવર્કની કામગીરી એટલે કે, કુલ ૧,૪૦૧ કિ.મી. લંબાઈના મેજર અને માઈનોર રસ્તાઓમાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરાઈ છે. આ ઉપરાંત રસ્તાઓમાં પડેલા માઇનર પોટહોલ્સ-ખાડા પૂરવાની ૬૩ ટકાથી વધુ કામગીરી પૂર્ણ કરાઈ છે એટલે કે, કુલ ૯,૦૯૨ પોટહોલ્સ પુરવામાં આવ્યા છે.

ગુજરાતમાં રાજ્ય, પંચાયત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને પાટનગર યોજનાના મળીને કુલ ૧.૧૯ લાખ કિ.મી.થી વધુ લંબાઈ ધરાવતા રસ્તાઓ આવેલા છે. આ રસ્તાઓ પૈકી ભારે વરસાદના પગલે ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેજર અને માઈનોર પેચવર્ક કરવાપાત્ર ૨,૯૮૫ કિ.મી. રસ્તાઓમાંથી કુલ ૧,૪૦૧ કિ.મી. રસ્તાઓમાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, તેમજ બાકી રહેલા રસ્તાઓના મરામતની કામગીરી બનવી ત્વરાએ પૂર્ણ કરવા માટે રાત દિવસ કામગીરી કરવામાં આવી રહી છે.

અત્યારસુધીમાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પર કુલ ૧૪,૪૩૯ જેટલા માઈનોર પોટહોલ્સ-ખાડા પૈકી ૯,૦૯૨ એટલે કે ૬૩ ટકાથી વધુ પોટહોલ્સ ભરવાની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે. જેમાં કોન્ક્રીટથી ભરેલા પોટહોલ્સ ૨૮૭, પેવર બ્લોકથી ભરેલા પોટહોલ્સ ૧૩૮, મેટલથી ભરેલા પોટહોલ્સ ૫,૭૩૫ અને ડામરથી ભરેલા ૨,૯૩૨ પોટહોલ્સનો સમાવેશ થાય છે. આગામી દિવસોમાં પણ અસુવિધા ન થાય તે માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા જરૂરી તકેદારીના પગલાંઓ લઈને સત્વરે રસ્તાઓ મરામત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

અમદાવાદ ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૩૨૩.૧૯ કિ.મી.ના રસ્તાઓમાંથી ૧૫૯.૭૪ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમજ ૧,૭૧૪ પોટહોલ્સ ભરવામાં આવ્યાં છે. ગાંધીનગર ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૧૭૬.૦૭ કિ.મી.ના રસ્તાઓમાંથી ૧૨૨.૮ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની કામગીરી તેમજ ૧,૧૮૮ પોટહોલ્સની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. રાજકોટ- ૧ ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૩૬૬.૩ કિ.મી.ના રસ્તાઓમાંથી ૧૦૬ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની તેમજ ૮૪૫ પોટહોલ્સની કામગીરી પૂર્ણ કરાઈ છે. રાજકોટ- ૨ ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૯૦૭.૬ કિ.મી.ના રસ્તાઓમાંથી ૨૩૫.૭ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની તેમજ ૭૬૭ જેટલા પોટહોલ્સ ભરવાની કામગીરી પૂર્ણ કરાઈ છે.

આ ઉપરાંત વડોદરા ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૫૩૪.૮ કિ.મી.ના રસ્તાઓમાંથી ૩૭૮ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમજ ૨,૧૬૮ પોટહોલ્સ ભરવામાં આવ્યાં છે. સુરત ઝોનમાં ક્ષતિગ્રસ્ત કુલ ૬૭૬.૩ કિ.મી.ના રસ્તાઓમાંથી ૩૯૯ કિ.મી.ના રસ્તામાં પેચવર્કની તેમજ ૨,૪૧૦ પોટહોલ્સ ભરવાની કામગીરી પૂર્ણ કરાઈ છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરાયેલા સર્વે અનુસાર, શક્ય જોખમોને ટાળવા માટે મેજર અને માઈનોર કેટેગરીના ભારે વાહનો માટેના ૮૧ અને તમામ વાહનો માટેના ૧૬ મળીને કુલ ૯૭ પુલ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યાં છે. જેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગના ૧૨, પંચાયતના ૨૩ અને રાજ્ય ધોરીમાર્ગના ૬૨ પુલનો સમાવેશ થાય છે તેમ માર્ગ અને મકાન વિભાગની યાદીમાં જણાવ્યુ છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્ય સરકારે તમામ પુલોની ત્વરિત સમીક્ષા કરીને યોગ્ય મરામત માટે તાત્કાલિક કામગીરી કરવા આદેશ આપ્યા છે. જાહેર સલામતીને ધ્યાનમાં રાખીને જરૂરી પુલો પર વાહન વ્યવહારને ડાઈવર્ટ કરવા માટે વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા પણ કરાઈ છે.

# રાજ્યમાં ભારે વરસાદના કારણે કોર્પોરેશન વિસ્તારમાં આવેલા બ્રિજની ચકાસણી-સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ

### કોર્પોરેશન વિસ્તારમાં આવેલા : ૨૩૧ બ્રિજની ખુબ સારી સ્થિતિમાં, ૮૯ સારી સ્થિતિમાં અને ૩૯ જર્જરિત

સમગ્ર રાજ્યમાં ભારે વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં રોડ-રસ્તાઓ અને બ્રિજને ભારે નુકસાન થયું છે. જેથી રાહદારીઓ અને મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વિભાગને દિશાનિર્દેશ અને સૂચનાઓ આપી હતી. જે અંતર્ગત શહેરી વિકાસ વિભાગ દ્વારા આ ક્ષતિગ્રસ્ત રસ્તાઓ અને બ્રિજની ચકાસણી કરીને, તેમના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ રહી છે. રાજ્યમાં કોર્પોરેશન વિસ્તારોમાં કુલ ૩૬૪ બ્રિજ આવેલા છે. જે પૈકી ૨૩૧ બ્રિજ ખુબ સારી સ્થિતિમાં, ૮૯ બ્રિજ સારી સ્થિતિમાં તેમજ ૩૯ બ્રિજ જર્જરિત સ્થિતિમાં છે. વધુમાં, આ જર્જરિત બ્રિજનું સમારકામ પ્રગતિમાં છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૭૯ બ્રિજમાંથી ૬૧ બ્રિજ ખુબ સારી સ્થિતિમાં, ૧૦ બ્રિજ સારી સ્થિતિમાં અને ૦૩ બ્રિજ જર્જરિત સ્થિતિમાં છે. તેવી જ રીતે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૨૦ બ્રિજ પૈકી ૧૦ બ્રિજ ખુબ સારી સ્થિતિમાં અને ૧૦ બ્રિજ સારી સ્થિતિમાં, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૦૩ બ્રિજમાંથી ૦૨ ખુબ સારી સ્થિતિમાં, ૦૧ સારી સ્થિતિમાં, જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૨૭ બ્રિજમાંથી ૨૦ ખુબ સારી સ્થિતિમાં, ૦૫ સારી સ્થિતિમાં અને ૦૨ જર્જરિત સ્થિતિમાં છે.

આ ઉપરાંત જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૨૧ બ્રિજમાંથી ૧૮ ખુબ સારી સ્થિતિમાં અને ૦૩ જર્જરિત સ્થિતિમાં છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૨૦ બ્રિજમાંથી ૧૫ ખુબ સારી સ્થિતિમાં, ૦૪ સારી સ્થિતિમાં અને ૦૧ જર્જરિત સ્થિતિમાં છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૧૨૧ બ્રિજમાંથી ૮૦ ખુબ સારી સ્થિતિમાં, ૧૫ સારી સ્થિતિમાં અને ૨૬ જર્જરિત સ્થિતિમાં છે, તેમજ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૪૩ બ્રિજમાંથી ૧૧ ખુબ સારી સ્થિતિમાં, ૩૦ સારી સ્થિતિમાં અને ૦૨ જર્જરિત સ્થિતિમાં, આણંદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૦૫ બ્રિજમાંથી ૦૧ ખુબ સારી સ્થિતિમાં અને ૦૪ બ્રિજ સારી સ્થિતિમાં છે.

વધુમાં, ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં એક પણ બ્રિજ આવેલા નથી તેમજ મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં એક પણ બ્રિજ જર્જરિત હાલતમાં નથી. તદ્દુપરાંત મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કુલ ૦૪ બ્રિજ આવેલા છે જે પૈકી બધા બ્રિજ સારી સ્થિતિમાં, નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કુલ ૦૩ બ્રિજ આવેલા છે જે પૈકી ૦૨ ખુબ સારી સ્થિતિમાં અને ૦૧ બ્રિજ સારી સ્થિતિમાં છે તથા નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૧૩ બ્રિજમાંથી ૦૮ ખુબ સારી સ્થિતિમાં, ૦૩ સારી સ્થિતિમાં અને ૦૨ બ્રિજ જર્જરિત સ્થિતિમાં છે.

તેવી જ રીતે પોરબંદર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં એક પણ બ્રિજ આવેલા નથી તથા સુરેન્દ્રનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૦૪ બ્રિજમાંથી ૦૨ ખુબ સારી સ્થિતિમાં અને ૦૨ સારી સ્થિતિમાં તેમજ વાપી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૦૧ બ્રિજ આવેલો છે, જે ખુબ સારી સ્થિતિમાં છે, તેમ શહેરી વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# સિંચાઈ વિભાગ ખાડીઓનો સંપૂર્ણ સર્વે કરી ડીપીઆર તૈયાર કરશે

### ખાડીપુર નિવારણ ખાસ સમિતિની બેઠકમાં લાંબા તથા ટૂંકા ગાળાના આયોજનો અંગે ચર્ચા



ગત રોજ તા.૧૪/૦૭/૨૦૨૫ ના બપોરે ૦૨:૦૦ કલાકે મે. કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાની અધ્યક્ષતામા સુરત ખાડીપૂર નિવારણ ખાસ સમિતિની બેઠક યોજવામાં આવેલ. જેમાં સહઅધ્યક્ષશ્રી કલેક્ટરશ્રી, સુરત તથા સદર સમિતિના સભ્યશ્રીઓ કે જેમાં કલેક્ટર કચેરી, પોલીસ વિભાગ, સિંચાઈ વિભાગ, સુડાં કચેરી, સુરત મહાનગરપાલિકા, GPCB વિગેરેના અધિકારી, WAPCOS ના પ્રતિનિધિ હાજર રહેલ.

ખાડી પૂર બાબતે લાંબા ગાળાના તથા ટૂંકા ગાળાના આયોજન માટેના ઉપાયોગ માટે લેવા જોગ પગલાંની ચર્ચા માટે જણાવવામાં આવેલ છે તથા સિચાઈ વિભાગને લાંબા ગાળાના આયોજન માટે ખાડીનો સર્વે કરી ડીપીઆર તૈયાર કરવા સૂચના આપવામાં આવેલ છે. ટૂંકા ગાળાના આયોજનમાં, તાકીદે કામગીરી હાથ ધરી શકાય તેવા ખાડીના વહેણમાં અવરોધરૂપ સ્ટ્રક્ચરની સુરત શહેર અને જીલ્લા વિસ્તારની વિગતો સિંચાઈ વિભાગ દ્વારા દિન-૧૦માં રજૂ કરવા જણાવવામાં આવ્યું ઉપરાંત ટૂંકા ગાળાના આયોજનમાં ખાડીના વહેણને અવરોધરૂપ જે પણ બ્રિજ, કલ્વર્ટ અન્ય સ્ટ્રક્ચર, ડેબ્રિસ, દબાણ વિગેરેનો તાકીદે સર્વે કરી શહેરમાં સુરત મહાનગરપાલિકા દ્વારા તથા જીલ્લામાં કલેકટરશ્રી અને સિંચાઈ વિભાગ ધ્વારા કાર્યવાહી કરવાની રહે છે. નદી તથા કોઈપણ ખાડી, કુદરતી વહેણમાં ખાનગી વ્યક્તિ ધ્વારા કોઈપણ સ્ટ્રક્ચર કે બ્રિજ બનાવતા પહેલા સુરત મહાનગરપાલિકા અને સિંચાઈ વિભાગની સંયુક્ત મંજુરી લેવા ઠરાવવામાં આવ્યું. સુરત શહેર વિસ્તારની, ખાડીમાં આવતા ઉપરવાસના વરસાદી પાણીના શુધ્ધતા આધારિત વિવિધ ઉપયોગો માટે સિંચાઈ વિભાગ ધ્વારા સર્વે આધારિત વોટર મેનેજમેંટના વિકલ્પ સૂચવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## તંત્રી લેખ...

મંગળવાર, તા.૧૫ જુલાઈ ૨૦૨૫

# જેગુઆર વિમાનોને સલામત બનાવવાનો પડકાર

વિશ્વના દરેક વાયુદળની માટે ફાઈટર વિમાન કરતાં તેના પાઈલટ મૂલ્યવાન હોય છે. ફાઈટર પાઈલટ ભારે અનુભવ અને સજ્જતા ધરાવતા હોય છે. આધુનિક વિમાનના ઉડ્ડયન અને તેની શત્ર પ્રણાલીનાં સંચાલન માટે પાઈલટની કાબેલિયત અનિવાર્ય બની રહે છે. ભારતમાં આજકાલ વધી રહેલા જેગુઆર ફાઈટર વિમાનોના અકસ્માતોમાં કાબેલ પાઈલટની ખુવારીની અમાપ ખોટનો સામનો કરવો પડી રહ્યો છે. આવા અકસ્માતોમાં પાઈલટ જીવ ગુમાવે ત્યારે પરિવાર અને સમાજ તેને દેશ માટે શહીદી ગણીને નમન કરે છે, પણ આવા પાઈલટનાં અવસાનથી દેશ અને સંરક્ષણદળોને એક મોટી ખોટ પડતી આવી છે. ગયા અઠવાડિયે ભારતીય વાયુસેનાના વધુ એક જેગુઆર વિમાનને રાજસ્થાનના ચુરૂમાં અકસ્માત નડયો, જેમાં બે પાઈલટ શહીદ થયા હતા. આ વર્ષે જેગુઆર વિમાન અકસ્માતનો આ ત્રીજો બનાવ હતો. આ અગાઉ માર્ચ મહિનામાં હરિયાણાના પંચકુલામા અને એપ્રિલમાં જામનગર પાસે આવા અકસ્માત થયા હતા. જેગુઆર વિમાનોના કાફલાની સલામતી સામે આ અકસ્માતોએ ગંભીર સવાલ ખડા કર્યા છે. સામાન્ય રીતે ફાઈટર વિમાનોનું આયુષ્ય ૪૦ વર્ષનું હોય છે. ભારતનાં આ જેગુઆર વિમાનો આ આયુષ્યની મર્યાદાને ઓળંગી ગયા છે. ૧૯૬૦માં ઉત્પાદિત જેગુઆર વિમાન બે એન્જિન ધરાવતા સુપરસોનિક ઝડપ સાથે માર કરી શકે છે. ભારતીય વાયુસેનામાં આવાં ૧૪૫ વિમાનનો સમાવેશ કરાયો હતો અને કોઈ સમયે તે મોખરાના ફાઈટર જેટની ભૂમિકા ભજવતા હતા. ભારતે ૧૯૭૯માં પ્રથમ ૪૦ ફાઈટર વિમાનો સીધા બ્રિટન પાસેથી લીધાં હતાં. બાકીનાં વિમાન હિન્દુસ્તાન એરોનોટિક્સ દ્વારા બ્રિટન પાસેથી ટેક્નોલોજી લઈને ભારતમાં બનાવ્યાં હતાં. ભારતીય વાયુસેનાએ તે સમયે આ આધુનિક વિમાનોને ન્યાય તોળતી તલવાર શમશેરનું નામ આપ્યું હતું. ભારતમાં છેલ્લે ૨૦૦૯ સુધી આ વિમાનોનું ઉત્પાદન કરાતું હતું, પણ ફાઈટર વિમાનોની ટેક્નોલોજી સતત ધારદાર બનતી રહી છે, તેવામાં જેગુઆર તેની તાકાત ગુમાવી રહ્યંઅ છે. સમયની સાથે જેગુઆરની હાલત પણ મિગ-૨૧ વિમાનો જેવી થઈ રહી છે. અણીના સમયે આ વિમાનોના એન્જિન દગો આપતા હોવાની હકીકતો સામે આવતી રહી છે, જેનાં પરિણામે અકસ્માતો વધી રહ્યા છે. નિષ્ણાતો માને છે કે, જેગુઆર વિમાનોમાં લાગેલા રોલ્સરોયસ કંપનીના એન્જિન સમયની સાથે નબળા પડી રહ્યા છે, જેને લીધે જેગુઆરની ગતિ, વળવાની ક્ષમતા અને શત્રોનાં વહનની તાકાત પર અસર પડી રહી છે. એક તરફ વાયુદળ ફાઈટર વિમાનોની ઘટની સમસ્યાથી પીડાય છે, ત્યારે હવે મિગ-૨૧ની જેમ જેગુઆર વિમાનોને પણ નિવૃત્ત કરવાની અનિવાર્યતા આ અકસ્માતોએ છતી કરી છે. સાથોસાથ

જ્યાં સુધી આ વિમાનો સેવામાં છે ત્યાં સુધી વાયુદળના અમૂલ્ય એવા ફાઈટર પાઈલટોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા ગોઠવવા માટે તાકીદનાં પગલાં લેવાની જરૂરત છે. દેશને જાંબાઝ અને કાબેલ પાઈલટની શહીદી કોઈ પણ હિસાબે પોષાય તેમ નથી.

# સૂટકેસ અને 'કેશ'...

મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટ ઘરમાં બેઠા છે અને તેમની પાછળ એક ખુલ્લી સૂટકેસમાં કરન્સી નોટોનાં બંડલ - થોકડા પડયા છે એવા ફોટા 'વાયરલ' થયા પછી ઉદ્ધવ સેનાના પ્રવક્તા સંજય રાઉત ગેલમાં આવી ગયા છે. દેવેન્દ્ર ફડણવીસથી લઈને મોદી-અમિત શાહ ઉપર નિશાન છે! સંજય શિરસાટ કહે છે કે ઉદ્ધવ સેનાના જાસૂસોનું આ કામ છે - પણ સૂટકેસમાં લાખો-કરોડો રૂપિયાની વાત તદ્દન ખોટી છે. બેગમાં માત્ર કપડાં છે! નરસિંહરાવ અને હર્ષદ મેહતાની સૂટકેસના વિવાદ અને રહસ્ય પછી ફરીથી 'સૂટકેસ' અને 'કેશ' રાજકારણમાં ચર્ચાય છે. રાજકારણમાં તમારા હાથ ચોખ્ખા ભલે હોય તો પણ ચોખ્ખા બતાવવા સાબિત પણ કરવા પડે. શિરસાટ પ્રકરણ મુખ્ય પ્રધાન માટે પડકાર છે અને મોદી-અમિત શાહ માટે કસોટી છે. આ પ્રકરણ ભીનું સંકેલાય તેમ નથી. તેની પૂરી તપાસ કરીને ખુલાસો કરવો પડશે. જાસૂસ જો પ્રધાનના નિવાસ સ્થાનના ફોટા પણ પાડી શકતા હોય તો રાજ્ય સરકારના ગૃહ ખાતાની નિષ્ફળતા છે. તેનો જવાબ પણ જનતા માગી શકે છે. મહારાષ્ટ્રના એક સિનિયર પ્રધાન સંજય શિરસાટની આવક વર્ષ ૨૦૧૯માં રૂા. ૩.૩ કરોડ હતી તે વધીને ૨૦૨૪માં રૂપિયા ૩૫ કરોડ કેવી રીતે થઈ તેનો ખુલાસો આવકવેરા ખાતાએ માગ્યો છે. આવી નોટિસ મળ્યાની માહિતી એમણે જાતે પત્રકારોને આપી જણાવ્યું હતું કે તેઓ નોટિસનો જવાબ આપશે. બધી વિગતવાર માહિતી ચૂંટણી વખતે ઉમેદવારીપત્ર સાથે આપી છે અને કાંઈ ખોટું કર્યું નથી. એમણે પત્રકારોને એવી માહિતી પણ આપી હતી કે એકનાથ શિંદેના સુપુત્ર અને કલ્યાણના સંસદસભ્ય શ્રીકાંત શિંદેને પણ આવકવેરાની નોટિસ મળી છે. આ પછી સંજય શિરસાટે ફેરવી તોળ્યું કે મારી પાસે આવી કોઈ માહિતી નથી. શિવસેનાના કાર્યાલયે પણ રદિયો આપ્યો અને કહ્યું કે એકનાથ શિંદેના પરિવારને આવી કોઈ નોટિસ મળી નથી. શિરસાટે ૨૦૨૪ની ચૂંટણી વખતે એફિડેવિટમાં જણાવ્યું છે કે તેઓ સામાજિક કાર્યકર, કિસાન તથા બિલ્ડિંગ કૉન્ટ્રાક્ટર છે. ચૂંટણીમાં જીત્યા પછી ઔરંગાબાદના પૂર્વ સંસદસભ્ય ઈમ્તિયાઝ જલીલ અને કૉંગ્રેસના અંબાદાસ દાનવેએ આવકવેરા વિભાગને જણાવ્યું કે મેં આવક કરતાં વધુ સંપત્તિ એકઠી કરી છે - તેના આધારે આવકવેરાએ મને નોટિસ આપી છે એમ શિરસાટ કહે છે.

**તેનો જવાબ પણ જનતા માગી શકે છે. મહારાષ્ટ્રના એક સિનિયર પ્રધાન સંજય શિરસાટની આવક વર્ષ ૨૦૧૯માં રૂા. 3.3 કરોડ હતી તે વધીને ૨૦૨૪માં રૂપિયા ૩૫ કરોડ કેવી રીતે થઈ તેનો ખુલાસો આવકવેરા ખાતાએ માગ્યો છે.**

### રાધિકા અને ઈનામુલે ગુરુગ્રામના સ્ટુડિયોમાં છ કલાક શૂટિંગ કર્યું ત્યારે રાધિકાની માતા સેટ પર હાજર હતી.

# રાધિકાની હત્યામાં લવ જિહાદની ભેળસેળ

### સોશિયલ મીડિયા અને ટીવી ચેનલો પર જેને લવ જિહાદનો સૂત્રધાર ગણાવાઈ રહ્યો છે એ ઈનામુલ હક એક ગાયક અને કલાકાર છે

ભારતમાં કોઈ પણ મુદ્દાને હિંદુ-મુસ્લિમનો રંગ આપીને સમાજમાં ઝેર ફેલાવવાનો ખતરનાક ખેલ એક ચોક્કસ વર્ગ ખેલી રહ્યો છે. ગમે તે ઘટના બને, આ ઘટનાને હિંદુ-મુસ્લિમ એંગલ આપીને હળાહળ જૂઠાણાં ફેલાવવા, હિંદુઓમાં ડર પેદા કરવા અને મુસ્લિમો સામે નફરત પેદા કરવા માટે આ ગેંગ સોશિયલ મીડિયા પર સક્રિય થઈ જાય છે. આ વિકૃત માનસિકતા છે અને આ વિકૃતિનો તાજો દાખલો ગુરુગ્રામ ટેનિસ ખેલાડી રાધિકા યાદવની હત્યા અંગે સોશિયલ મીડિયા અને ટીવી ચેનલો પર ચાલી રહેલો કુપ્રચાર છે.

રાધિકા યાદવની તેના જ સગા પિતા દીપક યાદવે ૧૦ જુલાઈએ ગુરુગ્રામના વઝીરાબાદમાં આવેલા ઘરમાં ચાર ગોળી મારીને હત્યા કરી નાખી. રાધિકા ઘરમાં ખાવાનું બનાવી રહી હતી ત્યારે દીપક યાદવે પાછળથી ચાર ગોળી ધરબીને રાધિકાનું આયખું પૂં કરી નાખ્યું. રાધિકા માત્ર ૨૫ વર્ષની હતી, સ્પોર્ટ્સસ્ટાર હતી તેથી સ્વસ્થ હતી. લાંબું જીવી શકે તેમ હતી પણ તેના બાપે જ તેને ઉપર પહોંચાડી દીધી.

ગુરુગ્રામ પોલીસે દીપક યાદવની ધરપકડ કરી પછી યાદવે હત્યાનો એકરાર કર્યો. યાદવનું કહેવું હતું કે, રાધિકાને અમે એકેડેમીમાં કામ કરવાનું અને ટ્રેઈનિંગ લેવાનું બંધ કરવા કહેતા હતા પણ રાધિકા કોઈનું સાંભળતી ન હતી તેથી ગુસ્સે થઈને પોતે તેને ગોળી મારી દીધી. પોલીસે એમ પણ કહ્યું છે કે, દીપક યાદવ પાસે રાધિકાની હત્યા કરવા માટે બીજું કોઈ કારણ એટલે કે 'મોટિવ' નહોતો તેથી યાદવની વાત સાચી લાગી રહી છે.

ગુરુગ્રામ પોલીસે સત્તાવાર રીતે આપેલી આ માહિતી છે પણ સોશિયલ મીડિયાના મહાજ્ઞાનીઓ દીપકે દીકરીની હત્યા કેમ કરવી પડી એ માટે બહુ જોરદાર થિયરી લઈ આવ્યા અને આ થિયરીને સોશિયલ મીડિયા પર રમતી પણ કરી દીધી. આ થિયરી મહાસત્ય હોય એમ કેટલીક ટીવી ચેનલો પર એ ચાલી પણ ગઈ ને એક વિકૃત બાપે કરેલા અપરાધને હિંદુ-મુસ્લિમ રંગ આપી દેવાયો. આ થિયરી પ્રમાણે, રાધિકાને ઈમાનુલ હક નામના એક મુસ્લિમ છોકરાએ લવ જિહાદ કરીને ફસાવી હતી. દીપક યાદવને આ વાતની ખબર પડી જતાં તેમણે દીકરીને સમજાવી પણ પ્રેમમાં પાગલ દીકરી ના માની એટલે અકળાઈને દીપક યાદવે રાધિકાને ગોળી મારી દીધી.

આ થિયરીને સાચી ઠેરવવા માટે સોશિયલ મીડિયા પર ફરતા કરાયેલા મેસેજ પ્રમાણે, રાધિકાના જીવનમાં બધું બરાબર ચાલતું હતું. બહુ અમીર માણસ એટલે કે દીપક યાદવે દીકરીની ટ્રેનિંગ પાછળ અઢી કરોડ રૂપિયા ખર્ચ્યા હતા, બેટીને ટ્રેનિંગ એકેડેમી ખોલાવીને કેરીયર સેટ કરી દીધી હતી. પછી અચાનક ચોક્કસ ઉદેશ સાથે કામ કરતી કોમના નેટવર્કની છોકરી પર નજર પડી ગઈ અને તેમણે પોતાના એક 'મોમ્બીજ'ને કામે લગાડી દીધો ને હવે બધું બરબાદ થઈ ગયું છે. દીકરી મરી ગઈ, એકેડેમી પતી ગઈ, બાપ જેલમાં અને માતા તકલીફમાં છે. ઈનામુલ મજામાં હતો, છે અને મજામાં રહેશે. તેનું નેટવર્ક તેને નવી રાધિકા શોધી આપશે અને એ કામ પર લાગી જશે.

સોશિયલ મીડિયા અને ટીવી ચેનલો પર જેને લવ જિહાદનો સૂત્રધાર ગણાવાઈ રહ્યો છે એ ઈનામુલ હક એક ગાયક અને કલાકાર છે. ઈનામુલ સોશિયલ મીડિયા પર પોતાનાં ગીત રિલીઝ કરે છે. આવા એક ગીતમાં રાધિકાએ કામ કરેલું. તેમાંથી ફોટા અને વીડિયો કાઢી કાઢીને રાધિકા અને ઈનામુલ વચ્ચે અફેર હોવાના દાવા આ ગેંગ કરી રહી છે પણ વાસ્તવિકતા કંઈક અલગ જ છે.

રાધિકા અને ઈનામુલ વચ્ચે કોઈ અફેર નહોતું એવું પોલીસે કહ્યું છે અને રાધિકાની ખાસ ફ્રેન્ડ હિમાંશિકા સિંહ રાજપૂતે પણ કહ્યું છે. ઈનામુલે પણ તેના નામે લવ જિહાદની વાતો વહેતી થઈ પછી સામેથી ચેનલો પર આવીને ખુલાસો કર્યો છે કે, રાધિકા સાથે અફેરની વાત તો છોડો પણ પોતે તેને સારી રીતે ઓળખતો પણ નહોતો. ઈનામુલ દિલ્હીમાં ટેનિસ પ્રીમિયર લીગમાં રાધિકાને બે વર્ષ પહેલાં મળેલો. ઈનામુલ એ વખતે તાપસી પન્નુની ટીમ પંજાબ પેટ્રિયટ્સની સોશિયલ મીડિયા ટીમનો હેડ હતો જ્યારે રાધિકા ટીમની ખેલાડી હતી. સોશિયલ મીડિયા માટે પોસ્ટ્સ બનાવવા ઈનામુલની ટીમ ગયેલી ત્યારે રાધિકા સહિતની ખેલાડીઓ સાથે મુલાકાત થઈ હતી.

રાધિકાએ પોતાને એક્ટિંગ અને એન્ટરટેઈનમેન્ટમાં રસ હોવાનું કહીને તક આપવા કહેલું તેથી રાધિકાનો ફોન નંબર ઈનામુલની ટીમે લીધો હતો. થોડાક સમય પછી એક મ્યુઝિક વીડિયોનું કામ આવ્યું ત્યારે રાધિકાનો સંપર્ક કરાયેલો પણ પહેલાં એ પસંદ નહોતી થઈ કેમ કે રાધિકા બહુ નાની લાગતી હતી. પછી હીરો બદલાયો ને ઈનામુલને લેવાયો ત્યારે તેની સાથે જોડી જમાવી શકે એવી છોકરી તરીકે રાધિકા પસંદ થઈ હતી.

રાધિકા અને ઈનામુલે ગુરુગ્રામના સ્ટુડિયોમાં છ કલાક શૂટિંગ કર્યું ત્યારે રાધિકાની માતા સેટ પર હાજર હતી. બીજાં કલાકારોનાં પરિવારજન પણ હાજર હતાં તેથી કોઈ વાત નહોતી થઈ. ઈનામુલના દાવા પ્રમાણે, વીડ઼ યિોના પ્રમોશન માટે રાધિકા સાથે ફોન પર વાત થઈ એ સિવાય બંને વચ્ચે પછી કદી વાત નથી થઈ કે કદી બંને મળ્યાં પણ નથી. ઈનામુલે પોતાનો ફોન, સોશિયલ મીડિયા, લેપટોપ કે બીજું જે કંઈ તપાસ માટે જોઈતું હોય એ આપવાની ખુલ્લી ઓફર ટીવી ચેનલો પર કરી છે. પોલીસ તપાસમાં ક્યાંય ઈનામુલનું નામ આવ્યું નથી કે રાધિકાના પરિવારે ઈનામુલનો ઉલ્લેખ કર્યો નથી પણ સોશિયલ મીડિયા પર ઈનામુલ વિલન બની ગયો છે.

બીજી તરફ રાધિકાની ફ્રેન્ડ હિમાંશિકા સિંહ રાજપૂતે રાધિકા અને તેના માતા-પિતાના તેના તરફના વર્તન અંગે ચોંકાવનારી વાતો કરી છે. આ વાતોનો સાર એ છે કે, રાધિકાના માતા-પિતા ખૂબ પ્રતિબંધો મૂકતા હતા અને રાધિકાને ઘરમાં ગૂંગળામણ થતી હતી. હિમાંશિકાના કહેવા પ્રમાણે, લવ જિહાદની વાત જ બકવાસ છે કેમ કે રાધિકા ઘર અને પ્રેક્ટિસ સિવાય બીજે ક્યાંય જતી નહોતી. તેની એકેડેમી હોવાની વાત પણ ખોટી છે. રાધિકા ટેનિસ કોર્ટ્સ ભાડે રાખીને કોચિંગ આપતી તેની સામે પણ તેનાં માતા-પિતાને વાંધો હતો.

ભારતમાં લવ જિહાદ ચાલે છે એ સત્ય છે પણ દરેક ઘટનામાં લવ જિહાદની વાત ઘુસાડવી માનસિક વિકૃતિ છે. આ વાતો દ્વારા એક હિંદુ દીકરી રાધિકાનું ચારિત્ર્યહનન કરાઈ રહ્યું છે. દીપક યાદવનું કૃત્ય અક્ષમ્ય છે અને લવ જિહાદના નામે તેના કૃત્યને યોગ્ય ઠેરવવાની માનસિકતા બતાવાઈ રહી છે એ ખતરનાક છે. દીકરીને ગુલામ બનાવીને રાખવાની આ માનસિકતાને પોષવામાં આવશે તો ભારત પણ અફઘાનિસ્તાન બની જશે.

### આ તપાસ ICAO ના નિયમો અને ૨૦૧૭ ના એરક્રાફ્ટ અકસ્માત તપાસ નિયમો હેઠળ હાથ ધરવામાં આવી રહી છે

# અમદાવાદ પ્લેન ક્રેશ, પાઈલટ્સને બલિના બકરા બનાવાશે?

- સામે પાઇલટ્સ બિચારા ગુજરી ગયા છે અને તેમનો કોઈ વાંક નહોતો એવું સાબિત કરનારું કોઈ નથી એ જોતાં બધો દોષનો ટોપલો તેમના પર ઢોળી દેવાય એ શક્ય છે.

અમદાવાદમાં લગભગ એક મહિના પહેલાં તૂટી પડેલું એર ઈન્ડિયાનું વિમાન કેમ તૂટી પડ્યું તેનાં કારણોની તપાસ કરનારી એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)ના પ્રાથમિક રિપોર્ટના કારણે બખેડો થઈ ગયો છે કેમ કે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ પ્રાથમિક રિપોર્ટમાં દોષનો ટોપલો પાઈલટ્સ પર ઢોળી દીધો છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના ૧૫ પાનાના પ્રારંભિક રિપોર્ટમાં એવું તારણ કઢાયું છે કે, પાઈલટે એન્જિનને ફ્યુઅલ આપતી સ્વિચ બંધ કરી દીધેલી તેથી એન્જિન બંધ પડી ગયું અને વિમાન તૂટી પડ્યું.આ સ્વિચ અજાણતાં બંધ થઈ જાય એવી હોતી નથી પણ તેને ખેંચીને બંધ કરવી પડે છે તેથી આડકતરી રીતે પાઈલટે જાણી જોઈને આ સ્વિચ બંધ કરીને આપઘાત કર્યો ને પોતાની સાથે વિમાનના પ્રવાસીઓ તથા મેડિકલ કોલેજની હોસ્ટેલના નિર્દોષ લોકોને પણ લઈ મર્યો એવું રિપોર્ટ કહે છે. ૧૨ જૂને અમદાવાદથી લંડન જતી ફ્લાઇટ છૈં ૧૭૧ ટેકઓફ થયાના થોડા સમય પછી જ બી.જે. મેડિકલ હોસ્ટેલની ઈમારત સાથે ટકરાતાં ૨૪૧ પ્રવાસી સાથે કુલ ૨૭૦ લોકોનાં મોત થયાં હતાં. ભારત સરકારની હવાઈ અકસ્માતોની તપાસ કરતી સંસ્થા એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)ને આ ઘટનાની તપાસ સોંપાઈ હતી. આ સંસ્થાએ ગયા શુક્રવારે રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે અમદાવાદ વિમાન દુર્ઘટનાનો પ્રારંભિક તપાસ અહેવાલ જાહેર કર્યો હતો.આ રિપોર્ટના કારણે વિવાદ થવાનું સૌથી મોટું કારણ એ છે કે, વિમાન બનાવનારી કંપની બોઈંગ કે એર ઈન્ડિયાનો કોઈ વાંક જ ના હોય એ પ્રકારની વાતોની તેમાં ભરમાર છે. માત્ર ને માત્ર પાઈલટની ભૂલે જ ૨૭૦ લોકોનો જીવ લીધો હોય એવું રિપોર્ટનું તારણ છે. તેના કારણે કેન્દ્રીય ગૃહ સચિવના પ્રમુખપદ હેઠળની આ સમિતિ મોટી કંપનીઓને ક્લીન ચિટ આપીને પાઈલટ્સને બલિના બકરા બનાવીને ભીનું સંકેલવા મથી રહી હોવાની છાપ ઊભી થઈ છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલટ્સ અને એરલાઇન પાઈલટ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ તો આ રિપોર્ટ સામે વાંધો લીધો જ છે પણ એવિએશન સેક્ટરના નિષ્ણાતો પણ આ રિપોર્ટને હાસ્યાસ્પદ ગણાવી રહ્યા છે. પાઈલટ્સનાં એસોસિએશનનું કહેવું છે કે, સરકારી તપાસ ટીમમાં કોઈ અનુભવી પાઈલટ્સનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને અધિકારીઓએ ઓફિસમાં બેસીને રિપોર્ટ બનાવી દીધો છે. આ દુર્ઘટનામાં પહેલાંથી જ પાઈલટ્સની ભૂલને કારણે અકસ્માત થયો હોવાનું ચિત્ર ઊભું કરવા પ્રયત્ન કરાઈ રહ્યો છે ને એ પ્રમાણે જ રિપોર્ટ બનાવાયો છે તેથી આ રિપોર્ટને સાચો ન માની શકાય.એવિએશન સેક્ટરના નિષ્ણાતોએ રિપોર્ટની ચોક્કસ બાબતો તરફ આંગળી ચીંધીને આ રિપોર્ટને બકવાસ ગણાવ્યો છે. નિષ્ણાતોનો એક મત એ છે જ કે, આ તપાસ સમિતિમાં કોઈ અનુભવી પાઈલટ્સ જ નથી તેથી ખરેખર પ્લેનની સિસ્ટમ કઈ રીતે કામ કરે છે એ વાત જ ધ્યાનમાં નથી લેવાઈ.તપાસ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (ICAO) ની માર્ગદર્શિકા અનુસાર થવી જોઈતી હતી અને તેમાં તપાસ સમિતિમાં અનુભવી પાઈલટ્સનો પણ સમાવેશ થવો જોઈએ એવું સ્પષ્ટ લખેલું છે. આ સંજોગોમાં તપાસ ટીમમાં એવા પાઈલટનો સમાવેશ થવો જોઈતો હતો કે જેમને બોઈંગ ૭૮૭ અથવા કમ સે કમ બોઈંગ ૭૩૭ વિમાનનું સંપૂર્ણ જ્ઞાન હોય પણ એવો કોઈ પાઈલટ્સ જ સમિતિમાં નથી.કેન્દ્ર સરકારે ભલે કહ્યું કે, સરકારે કહ્યું કે આ તપાસૈં ઝર્ઈ ના નિયમો અને ૨૦૧૭ ના એરક્રાફ્ટ અકસ્માત તપાસ નિયમો હેઠળ હાથ ધરવામાં આવી રહી છે પણ ખરેખર તપાસ એ નિયમો હેઠળ થઈ નથી. આ તપાસ સમિતિનું નેતૃત્વ ગૃહ સચિવ કરી રહ્યા છે અને તેમાં ઘણા વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે પણ એ અધિકારીઓ પ્લેનના નિષ્ણાત નથી તેથી તેમના રિપોર્ટને વિશ્વસનીય ના માની શકાય.રિપોર્ટમાં બે પાઈલટ્સની વાતનો ઉલ્લેખ છે. કો-પાઈલટ્સ ક્લાઈવ કુંદર વિમાન ઉડાડી રહ્યા હતા જ્યારે કમાન્ડર સુમિત સભરવાલ આ ઉડાન માટે 'પાઈલટ્સ મોનિટરિંગ' હતા. રિપોર્ટમાં જણાવાયું છે કે, એક પાઈલટ્સ બીજા પાઈલટ્ને સવાલ કરે છે કે, તેણે ફ્યુઅલ સ્વિચ કેમ બંધ કરી ? બીજા પાઈલોટ જવાબ આપે છે કે, મેં ફ્યુઅલ સ્વિચ બંધ કરી નથી.રિપોર્ટમાં માત્ર આટલી જ વાતચીતનો ઉલ્લેખ છે. તેની આગળપાછળની કોઈ વાતચીતનો ઉલ્લેખ નથી એ શંકાસ્પદ છે. સમિતિએ પાઈલટ્સની આખી વાતચીત મૂકવી જોઈએ કે જેથી બંને પાઈલટ્સ કયા સંદર્ભમાં વાત કરે છે એ સ્પષ્ટ થાય પણ તેના બદલે સોશિયલ મીડિયા પર વપરાતી ટ્રિક્સ વાપરીને સીલેક્ટિવ વાતચીત મૂકી દેવાઈ છે. નિષ્ણાતોનું કહેવું છે કે, પાઈલટ્સ વિમાનની સ્થિતિ અંગે પહેલા કરેલી ફરિયાદ કે બીજી કોઈ વાત કરી રહ્યા હશે એવી શક્યતા નકારી ના શકાય. એ વાતચીત કાપી નંખાઈ તેનો અર્થ એ થયો કે દાળમાં કંઈક કાળું છે.આ શંકા કરવા માટે નક્કર કારણો પણ છે. AAIB ના અહેવાલ પ્રમાણે જ AI-૧૭૧ કોડ સાથે લંડન જતી એર ઈન્ડિયા ડ્રીમલાઈનરે તૂટી પડ્યા પહેલાં દિલ્હીથી અમદાવાદ સુધીની છેલ્લી સફળ ઉડાન ભરી હતી. ઉડાન પછી તરત જ પાઈલટે "STAB POS XDCR' નામનું ટેકનિકલ એલર્ટ નોંધાવ્યું હતું. આ એલર્ટનો અર્થ એ છે કે, વિમાનનું સંતુલન તપાસતું સેન્સર નિષ્ફળ ગયું છે.

આ સેન્સર પ્લેનના હોરિઝોન્ટલ સ્ટેબિલાઈઝર (પિચ બેલેન્સ જાળવનાર પાછળની પાંખ)ની સ્થિતિ જણાવે છે. આ સેન્સર નિષ્ફળ જાય તો ઓટોપાઈલટ, પિચ કંટ્રોલ અને સ્ટોલ પ્રોટેક્શન વગેરે મહત્ત્વની સિસ્ટમો ખોટા આદેશો આપવાનું શરૂ કરે છે. પાઈલટે વિમાન ટેક-ઓફ કર્યું ત્યારે એ ભૂલના કારણે ગરબડ થઈ હોવાની શક્યતા તો છે જ પણ મોટો સવાલ એ છે કે, આ ખામી દૂર કરાઈ હતી કે નહી ? રિપોર્ટમાં તેનો ઉલ્લેખ નથી અને ફ્યુઅલ સ્વિચની પારાયણ જ કરાઈ છે.આ રિપોર્ટ શંકાસ્પદ છે ને તેમાં મોટી કંપનીઓને છાવરવાની ખોરી દાનત દેખાઈ જ રહી છે. બોઈંગ અને એર ઈન્ડિયા સહિતની દુર્ઘટના સાથે સંકળાયેલી કંપનીઓ પાસે કરોડો રૂપિયા છે.

### આપણે જાણીયે છીએ કે લઘુગ્રહો પૃથ્વીની ભ્રમણકક્ષાની નજીક જાય છે

# દેશનું FDI નહીં, પોતાનું FDI ધ્યાનમાં લેવું

**અત્યાર સુધી એ વાત સ્પષ્ટ થઈ ચુકી છે કે ઘણા લઘુગ્રહોમાં બહુમૂલ્ય ધાતુ જેમકે પ્લેટેનિયમ, નિકલ અને સોના તેમજ પાણી ( હાઈડ્રોજન અને ઓક્સિજનના રૂપમાં) મોજૂદ હોય છે.**

પારિવારિક નાણાકીય લક્ષ્યો વિશે થાણેનાં રાધિકા દેસાઈ નામનાં ગૃહિણી સ્વાનુભવ જણાવતાં કહે છે કે અમે જ્યારથી નાણાકીય લક્ષ્ય પારિવારિક સ્તરે નક્કી કરવા લાગ્યા છીએ ત્યારથી અમને તેમાં ઘણો જ આનંદ આવી રહ્યો છે. કુટુંબના બધા જ સભ્યોને તેમાં સહિયારી મજા આવે છે.

ફાઈનાન્શિયલ પ્લાનર તરીકેના મારાં વર્ષોના અનુભવના આધારે હું કહી શકું છું કે નાણાકીય આયોજન ફક્ત આંકડાઓ નથી. તેમાં લાગણીઓ પણ વણાયેલી હોય છે. નાણાકીય લક્ષ્યો પણ માત્ર આંકડાઓ નથી. પરિવારનો દરેક સભ્ય જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો હોય એવી એ ઘટના છે. ઘરની દીકરીનાં લગ્નનો પ્રસંગ પણ નાણાકીય લક્ષ્ય જ હોય છે, પરંતુ જ્યારે એ પ્રસંગ ઉજવાય છે ત્યારે શું આપણે નક્કી કરેલા આંકડાનું મહત્ત્વ હોય છે કે પછી તેમાં આપણી લાગણીઓ સંકળાયેલી હોય છે?

એક જાહેરખબરમાં પહેલાં આ સૂત્ર દર્શાવાય છેઃ 'એક પિતાનો સૌથી વધુ સુખનો દિવસ અને સૌથી વધુ દુ:ખનો દિવસ એક જ હોય છે.' ત્યાર બાદ દીકરીનાં લગ્નનું દૃશ્ય દેખાડાય છે.

સંતાનના શિક્ષણ, ઘરની ખરીદી, નિવૃત્તિ, વગેરેમાં પણ આવું જ થતું હોય છે. આપણા જીવનના યાદગાર પ્રસંગોની સાથે ઘણી બધી લાગણી સંકળાયેલી હોય છે. તેમને આંકડાની દૃષ્ટિએ જોવામાં આવે એ વાત તો ગુલાબના ફૂલની ઉંચાઈ, પહોળાઈ, વજન, રંગ, તેના કાંટાની સંખ્યા, કાંટાની તીક્ષ્ણતા, વગેરે લાક્ષણિકતાઓનું વર્ણન કરવા સમાન છે. આ રીતે જ્યારે આંકડાઓની વાત થવા લાગે ત્યારે એ પુષ્પની સુંદરતા તરફ દુર્લક્ષ થઈ જાય છે. એક વાત અહીં સ્વીકારી લઉં કે નાણાકીય લક્ષ્યોને શુષ્ક આંકડાઓ બનાવી દેવાનું પાપ અમે ફાઈનાન્શિયલ પ્લાનરોએ જ કર્યું છે. એક ફાઈનાન્શિયલ પ્લાનર અને એમના ક્લાયન્ટ વચ્ચેનો વાર્તાલાપ કંઈક આવો હોય છેઃ

ફાઈનાન્શિયલ પ્લાનરઃ

સાહેબ, તમારી દીકરીનાં લગ્નની નાણાકીય જરૂરિયાત માટે આપણે ત્રણ સ્થિતિના આધારે પ્લાનિંગ કર્યું છે. સૌથી ખરાબ સ્થિતિ, મધ્યમ સ્થિતિ અને ઉત્તમ સ્થિતિ. તમારું આયોજન વળતરના અંદાજિત દર, ફુગાવો અને કરવેરાના પ્રવર્તમાન દરના આધારે કરવામાં આવ્યું છે.

હવે દીકરીનાં લગ્નની ત્રણે સ્થિતિઓની વાત કરીએ.

સૌથી ખરાબ સ્થિતિમાં વરઘોડો તમારા આંગણે આવે ત્યાં સુધી પૂરતાં નાણાં હશે. પછીનો લગ્નનો બીજો ખર્ચ કરવાનું તમારા માટે શક્ય નહીં હોય. મધ્યમ સ્થિતિમાં તમારી પાસે બે ફેરા ફરાય ત્યાર સુધીના પૈસા જમા થઈ ગયા હશે. પછીનો ખર્ચ કરી નહીં શકો.

ક્લાયન્ટ (નિરાશ વદને):

સૌથી સારી સ્થિતિ કઈ?

સૌથી સારી સ્થિતિ એ કે તમારી પાસે સંપૂર્ણ લગ્નપ્રસંગ ધામધૂમથી ઉજવાય એટલા પૈસા હશે, પણ દીકરીને વિદાય આપવા માટે આવશ્યક પૈસા નહીં હોય!


આમ તો નાણાકીય લક્ષ્યોમાં સંપૂર્ણ પરિવારની લાગણીઓનો વિચાર કરવામાં આવો જોઈએ. એ કરી લીધા બાદ લક્ષ્ય સુધી પહોંચવાની પ્રવૃત્તિઓ પણ આખો પરિવાર ભેગો મળીને કરે એવો જ વ્યૂહ હોવો જોઈએ. બધાનો સહભાગ તેમાં આવશ્યક છે.

બધા જ સ્વજનોએ ભેગા બેસીને લક્ષ્યની ચર્ચા કરવી જોઈએ, પ્રસંગનું આયોજન કરવું જોઈએ. એ આયોજનમાં નાણાકીય બાબતો પણ આવી જાય. આમ, નાણાકીયથી માંડીને બધી જ રીતે આખો પ્રસંગ પારિવારિક સ્તરે ઉજવાવો જોઈએ.

આયોજન થઈ ગયા બાદ નાણાં ક્યાંથી આવશે તેનો વિચાર થવો જોઈએ. શું પરિવારમાં આવનારી આવકમાંથી ખર્ચ નીકળશે કે પછી રોકાણો પાકશે તેમાંથી નીકળશે કે પછી પરિવારે નાણાં ઉછીનાં લેવાં પડશે? એ પ્રશ્નોની ચર્ચા કરીને જવાબ નક્કી કરવા જોઈએ. શક્ય છે કે લગ્નના પ્રસંગને હજી ઘણી વાર હોય. એવી સ્થિતિમાં પહેલેથી જ તેને અનુલક્ષીને રોકાણ શરૂ કરવામાં આવી શકે છે. કદાચ સ્વજનોએ પોતાના કેટલાક ખર્ચ પર કાબૂ મૂકી દેવો પડે એવું પણ બની શકે. ખર્ચ પર કાબૂ મૂકવાથી એ પ્રસંગ પ્રત્યેની પ્રતિબદ્ધતા પણ ઘણી વધી જાય છે.

શ્રીમતી શર્માનો દાખલો અહીં જોવા જેવો છે. એમણે મને પોતાની દીકરી દીપ્તિનાં શિક્ષણ માટેના આયોજન વખતે કહ્યું હતું, 'ગૌરવ, ઈચ્છા છે, પણ મારે નવો મોબાઈલ હમણાં લેવો નથી. હું છ મહિના પછી લઈશ. આપણે પહેલાં દીપ્તિના ભણતરનો ખર્ચ ક્યાંથી કાઢવો તેનો વિચાર કરી લઈએ. મારી પાસે પૂરતા પૈસા ભેગા થઈ જશે પછી મારા મનને શાંતિ વળશે. પછીથી તો હું ગમે ત્યારે મનગમતા મોડેલનો ફોન લઈ શકીશ.'

# વિકીની 'મહાઅવતાર'ની રિલીઝ 'લવ એન્ડ વોર'ના કારણે અટવાશે?




જ્યારથી વિકી કૌશલની 'મહાઅવતાર' ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી તેના ફેન્સ આ ફિલ્મ અંગે આતુર છે, કારણ કે આ ફિલ્મમાં વિકીનો ક્યારેય ન જોવા મળ્યો હોય એવો અવતાર જોવા મળવાનો છે. જ્યારથી વિકી અને મેડોક ફિલ્મ્સ દ્વારા તેનો ફર્સ્ટ લૂક જાહેર થયો ત્યારથી આ ફિલ્મે એક માહોલ બનાવી દીધો છે. આ ફિલ્મ ભગવાન પરશુરામના જીવન પર આધારીત છે, જે 'સ્ત્રી'ના ડિરેક્ટર અમર કૌશિક દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે, જ્યારે આ ફિલ્મની જાહેરાત થઈ ત્યારે ત્યારે આ ફિલ્મ ૨૦૨૬ની ક્રિસમસ પર રિલીઝ થવાની વાત હતી. પરંતુ હવે તાજેતરના અહેવાલો એવા છે કે આ ફિલ્મના કારણે ઉત્સાહમાં આવેલાં લોકો નિઃરાશ થઈ શકે છે, એવા અહેવાલ છે કે ફિલ્મ હવે ક્રિસમસ પર રિલીઝ ન થાય એવી શક્યતા છે.

જો વિકીના હાલની ફિલ્મની વાત કરીએ તો, વિકિ કૌશલે ૨૨ દિવસ તો 'લવ એન્ડ વૉર'ને આપ્યા છે, જે સંજય લીલા ભણસાલી ડિરેક્ટ કરી રહ્યા છે. તેનું શૂટિંગ ૨૦૨૪નાં અંતમાં શરૂ થઈ ગયું હતું, તે હજુ ૨૦૨૫ના અંત સુધી ચાલે એવી શક્યતા છે. આ ફિલ્મમાં વિકી સાથે રણબીર કપૂર અને આલિયા ભટ્ટ પણ છે અને માર્ચ ૨૦૨૬માં આ ફિલ્મ રિલીઝ કરવાની વાત હતી. 'મહાવીર'નો ફર્સ્ટ લૂક આવ્યો, તેના પરથી જ અંદાજ આવે છે કે આ ફિલ્મ માટે વિકીએ ફિઝીકલ ટ્રાન્સફોર્મેશન કર્યું છે અને આ તેના કેરિઅરનો સૌથી પડકારજનક રોલ છે. તેના માટે તેણે વજન પણ વધારવાનું છે. વિકીએ 'છાવા' પહેલાં પણ જાહેરમાં કહ્યું હતું કે તેના માટે વજન વધારવાનું કામ ઘણું અઘરું છે. લક્ષ્મણ ઉટેકરની આ ફિલ્મ માટે તેણે ૧૦૫ કિલો જેટલું વજન કર્યું હતું, જેમાંથી ઘણું 'લવ એન્ડ વૉર' માટે ઘટાડવું પડ્યું. હવે ફરી 'મહાઅવતાર' માટે વજન વધારવું એ એના માટે એક પડકાર હશે અને તેના માટે ખાસ પ્રકારનું શરીર બનાવવા માટે તેને થોડા મહિનાઓની તૈયારીની પણ જરૂર પડે. આ ફિલ્મ જો ૨૦૨૫ના અંત સુધીમાં કે ૨૦૨૬ની શરૂઆતમાં શરૂ થાય તો પણ તેના પોસ્ટ પ્રોડક્શનમાં પણ સમય લાગવાનો છે, કારણ કે તેમાં ભારે વીએફએક્સનો પણ ઉપયોગ થવાનો છે. માઈથોલોજિકલ વિષય અને વીએફએક્સનો ભારે ઉપયોગ હોય ત્યારે પોસ્ટ પ્રોડક્શનમાં પણ વધુ સમય લાગે છે. આ પહેલાં આવેલી 'બ્રહ્માસ્ત્ર'. 'આદિપુરુષ' અને 'રામાયણ' સહિતની ફિલ્મ તેના ઉદાહરણ છે. તેથી 'મહાઅવતાર'ને ધાર્યા કરતાં વધુ સમય લાગે તેવી શક્યતા છે. 'મહાઅવતાર' અને 'લવ એન્ડ વૉર' બંને ફિલ્મમાં વિકી કૌશલના રોલ મહત્વના હોવાથી બેમાંથી એક ફિલ્મમાં વિલંબ થવાનો નિશ્ચિત છે.

# બધા મારી મજાક ઉડાવો છો, ડાન્સ સ્ટેપ પર ટ્રોલિંગથી અજય કંટાળ્યો

છેલ્લાં કેટલાંક સમયથી અજય દેવગન ઈન્ટરનેટ પર છવાઈ ગયો છે. તેનું કારણ તેની ફિલ્મ કે એક્ટિંગ નહી પણ ડાન્સ છે, તેની આવનારી ફિલ્મ 'સન ઓફ સરદાર ૨'નું ગીત 'પહેલા તું દુજા તું' તાજેતરમાં રિલીઝ થયું છે. તેમાં અજય સાથે મૃણાલ ઠાકુર પણ છે. તેમનાં આ ગીતના હૂક સ્ટેપ લોકોને ખાસ પસંદ પડ્યાં નથી. જ્યારથી આ ગીત આવ્યું ત્યારથી સોશિયલ મીડિયા પર અજયના વિચિત્ર ડાન્સ સ્ટેપ વાયરલ થયા છે. ત્યારે હવે આખરે કંટાળીને અજયે મૌન તોડ્યું છે. અજયે કહ્યું, ''મારા માટે પણ આ કરવું ઘણું અઘરું છે.''

ફિલ્મના પ્રમોશન માટે યોજાયેલી આ ઈવેન્ટમાં અજયને વાયરલ ડાન્સ સ્ટેપ વિશે પ્રશ્ન પૂછાયો હતો, ''તમારા માટે અને તમારી આસપાસના લોકો માટે આ ડાન્સ કેટલો અઘરો કે સહેલો છે?''. આ ડાન્સ સ્ટેપ અંગે અજય દેવગને કહ્યું, ''મને લોકો વિશે ખબર નથી, પરંતુ હું તમને કહીશ, તમે લોકો તો મારી મજાક ઉડાવો છો. મારા માટે તો આટલું કરવું પણ ઘણું અઘરું છે.''

જેવું આ ગીત રિલીઝ થયું, લોકોએ અજય દેવગનના મીમ્સનો પણ વરસાદ કરી દીધો હતો. કોઈએ લખ્યું, ''અજય દેવગન ફ્રેમમાં આવે છે, શરીરનો એક ભાગ હલાવે છે અને કોઈ કારણસર એ વાયરલ થઈ જાય છે.'' ત્યારે અજયના કોરિયોગ્રાફરને થતું હશે, ''સર, બસ હાથ હલાવી દો...બાકીનું અમે જોઈ લઈશું!'' ક્યારેય વિચાર્યું પણ નહોતું કે સન ઓફ સરદારનાં 'પો પો' ગીતથી પણ વિચિત્ર કંઈ જોવા મળશે.



અજય દેવગનની આ ફિલ્મમાં મૃણાલ ઠાકુર ઉપરાંત રવિ કિશન, સંજય મિશ્રા, વિંદુ દારા સિંઘ, ચંકી પાંડે, દીપક ડોબરિયાલ, કુબ્રા સેઠ, શરત સક્સેના, અશ્વિની કલસેકર, રોશની વાલિયા, સાહિલ મેહતા અને મુકુલ દેવની પણ આ આખરી ફિલ્મ છે. આ ફિલ્મ ૨૫ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે.

# અમે હાર માનવાના નથીઃ ફાયરિંગ બાદ કપિલ શર્માના કેફેનું નિવેદન

કોમેડિયન અને એક્ટર કપિલ શર્માએ તાજેતરમાં જ કેનેડામાં એક કેફે શરૂ કર્યું છે, કેપ્સ કેફે. બુધવારે મોડી રાત્રે ત્યાં ફાયરિંગની ઘટના બની હતી. તેના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. ખાલિસ્તાની જૂથે તેની જવાબદારી પણ સ્વીકારી હતી. તેના સંદર્ભે હવે કેફેએ એક નિવેદન જાહેર કર્યું છે. તેણે આ નિવેદનમાં કહ્યું, ''અમે કેપ્સ કેફે કોફી અને મિત્રોની વાતો સાથે હુંફ, ભાઈચારો અને ખુશીઓની આશાઓ સાથે ખોલ્યું હતું. આ સપનાને હિંસાથી વિંધી નાખે એ વાત ખરેખર દિલ તોડી નાખે એવી છે. અમે આ આઘાતને સ્વીકરવાની કોશિશ કરી રહ્યા છીએ, પણ અમે હાર માનવાના નથી.''

આગળ કપિલે આ ઘટના બાબતે લોકોએ તેને જે પ્રકારે સહકાર આપ્યો હતો, તેની પણ નોંધ લીધી હતી. તેણે લખ્યું, ''તમારા લાગણીસભર શબ્દો, પ્રાર્થનાઓ અને અમને મેસેજ કરીને વહેંચેલી યાદો અમારા માટે તમે માનો છો, તેનાં કરતાં પણ વધુ મહત્વની છે. આપણે સાથે મળીને જે બનાવી રહ્યાં છીએ, એમાં તમારા વિશ્વાસથી જ આ કેફે ટકી રહ્યું છે. ચલો સાથે મળીને હિંસા સામે દઢ ખડાં રહીએ અને બતાવી દઈએ કે કેપ્સ કેફે હુંફ અને ભાઈચારાનું સ્થળ બન્યું રહે. કેપ્સ કેફેમાં અમારા બધા તરફથી, આભાર, જલ્દી મળીએ, એક બહેતર આકાશ નીચે.''

હિંસા વિરુદ્ધ કેફે તરફથી તો એક મજબુત જવાબ અપાયો છે, પરંતુ કપિલ શર્મા દ્વારા વ્યક્તિગત રીતે આ અંગે કંઈ પણ કહેવાયું નથી. ૯ જુલાઈએ રાત્રે ૧ વાગે આ ઘટના બની હતી, તેના સીસીટીવી ફૂટેજમાં એક વ્યક્તિ ચાલતી ગાડીએ ફાયરિંગ કરતો દેખાય છે. જોકે, એ વખતે કોઈ ગ્રાહકો કેફેમાં નહોતાં, પરંતુ ઈમારતમાં નુકસાન થયું છે. તેમણે કપિલ શર્માના એક વાંધાજનક નિવેદન માટે માફીની માગણી કરી છે.





# 'ઉદયપુર ફાઇલ્સ'ની રિલીઝ દિલ્હી હાઇકોર્ટે અટકાવી




દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે 'ઉદયપુર ફાઈલ્સ'નામની ફિલ્મ પર કામચલાઉ રોક લગાવી દીધી છે, જે કનૈયાલાલ નામના દરજીના મર્ડર પર આધારીત ફિલ્મ છે. આ ફિલ્મ ૧૧ જુલાઈએ રિલીઝ થવાની હતી.

ચીફ જસ્ટિસ ડીકે ઉપાધ્યાય અને જસ્ટીસ અનિશ દયાલની ડિવિઝન બેંચ પિટિશનરને તેમનો વાંધો બે દિવસની અંદર કેન્દ્ર સરકારને મોકલવા કહ્યું હતું. કનૈયાલાલ મર્ડર કેસના આરોપીઓએ ફિલ્મની રિલીઝ તેમના કેસની ન્યાયી ટ્રાયલને અસર કરશે એવી દલીલ સાથે કોર્ટનો સંપર્ક કર્યો હતો. ત્યારે કોર્ટના જજની આ બેંચે નોંધ લીધી કે, ''સ્વીકાર્ય છે કે, અરજદારોએ કેન્દ્ર સરકાર પાસે ઉપલબ્ધ ઉપાયનો આશરો લીધો નથી.''બેંચે નોંધ્યું કે, ''અમે જોગવાઈ કરીએ છીએ કે જ્યાં સુધી સરકાર દ્વારા વચગાળાની રાહત માટેની અરજીનો નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી ફિલ્મની રિલીઝ પર રોક રહેશે.''ઉદયપુરના એક દરજી કનૈયાલાલની જૂન ૨૦૨૨માં હત્યા થઈ હતી. તેના આરોપી મહોમ્મદ રિયાઝ અને મહોમ્મદ ઘોસ છે. આરોપીઓએ પાછળથી એક વીડિયો પણ રિલીઝ કર્યો હતો, જેમાં તમણે જણાવ્યું હતું કે રાજસ્થાનના નેતા નુપુર શર્મા દ્વારા મહોમ્મદ પયગંબર અંગે વિવાદિત નિવેદન કરવામાં આવ્યું હતું અને કનૈયા લાલે તેના ટેકામાં પોસ્ટ લખી હતી, તેથી તેમની હત્યા કરાઈ હતી.

# 'સુપરમેન'ને સેન્સરે 33 સેકન્ડનો સીન કાપીને યૂએ ૧૩+ સર્ટિફિકેટ આપ્યું



જેમ્સ ગન દ્વારા ડિરેક્ટ થયેલી ફિલ્મ 'સુપરમેન' ૧૨ જુલાઈએ ભારતમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મની અહી પણ ઘણી રાહ જોવાતી હતી. અહી રિલીઝ કરતાં પહેલાં તેમાં સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા કેટલાંક ફેરફાર સુચવાયાં હતાં, પછી તેને સર્ટિફિકેટ અપાયું હતું.


આ ફિલ્મને ચાર દિવસ પહેલાં ૭ જુલાઈએ જ સર્ટિફિકેટ મળ્યું છે, જેમાં મેકર્સને આખી પ્રિન્ટમાંથી બધાં જ અપશબ્દો દૂર કરવા કહેવાયું છે. આ ઉપરાંત સીબીએફસીએ ૩૩ સેકન્ડનો એક સેન્સ્યુઅલ સીન પણ તેમને મોકલાયેલી પ્રિન્ટમાંથી દૂર કરવા કહેવાયું છે. રસપ્રદ વાત એ છે કે એ સીનમાંથી કિસ કરતો ભાગ રખાયો છે, તેના પછીનો આખો સીન કાપી નાખવામાં આવ્યો છે.

ફિલ્મ સ્ટુડિયો સેન્સરે કહેલાં બધાં જ સુધારા કરવા તૈયાર હોવાથી 'સુપરમેન' યૂએ૧૩+ સર્ટિફિકેટ સાથે પાસ થઈ રહી છે. તેનો અર્થ એવો થાય કે આ ફિલ્મ ૧૩ વર્ષના કે તેની મોટી ઉંમરના દરેક વ્યક્તિ માટે જોવાલાયક છે.

હોલિવૂડની ફિલ્મમાંથી આ પ્રકારના સીન દૂર કરવા બાબતે આ પહેલાં પણ સેન્સર બોર્ડે ઘણી ટીકાનો સામનો કરવો પડ્યો છે. તેનું એક સૌથી મોટું ઉદાહરણ 'ઓપનહાઈમર' ફિલ્મ છે, જેમાં બંને લીડ કેરેક્ટર સિલિયન મર્ફી અને ફ્લોરેન્સ પફ વચ્ચેનો ઈન્ટિમેટ સીન હટાવી દેવાયો હતો. તાજેતરમાં જ સેન્સર દ્વારા ટોમ ક્રુઝની 'મિશન ઈમ્પોસિબલ – ધ ફાઈનલ રેકનિંગ'માંથી પણ બે અયોગ્ય સીન દૂર કરાયા હતા.

ભારતમાં રિલીઝ કરતા પહેલાં હવે હોલિવૂડ સ્ટુડિયો પણ જાતે અમુક સીન સેન્સર કરતા થયા છે, જેથી તેઓ સેન્સર બોર્ડની પ્રક્રિયામાં વિલંબ ઓછો કરી શકે. આ ફિલ્મ ૧૩૦.૪૪ મિનિટ એટલે કે ૨ કલાક અને ૧૦ મિનિટ તેમજ ૪૪ સેકન્ડની છે. આ ફિલ્મ ૨૮૦૦ સ્ક્રીનમાં રિલીઝ થશે. જે પ્રમાણે એડવાન્સ બૂકિંગ થયાં છે, તે મુજબ પહેલાં જ દિવસે ભારતમાં ૮થી ૯ કરોડની કમાણી કરી લે તેની અપેક્ષા છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ રાજકુમાર રાવની 'માલિક' અને શનાયા કપૂર તેમજ વિક્રાંત મેસ્સીની 'આંખો કી ગુસ્તાખિયાં' સાથે ટકરાશે.

# વેદાંગની સ્પષ્ટતા, ખુશી સાથેનો સંબંધ સરળ અને વાસ્તવિક છે



વેદાંગ રૈનાએ ઝોયા અખ્તરની ઓટીટી ફિલ્મ 'ધ આર્ચિઝ'માં ખુશી કપૂર સાથે બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું, ત્યારેથી બંનેના ઘણાં નજીકના સંબંધો છે. તેઓ બંને એકબીજાને ડેટ કરતાં હોવાના અહેવાલો વારંવાર સામે આવ્યા કરે છે, જોકે, બેમાંથી કોઈએ આ સંબંધ અંગે કશું કન્ફર્મ કર્યું નથી સાથે તેઓ આ સંબંધને નકારતાં પણ નથી. હવે વેદાંગે આ સંબંધ અને ખુશી સાથેના બોન્ડિંગ અંગે વાત કરી છે.

વેદાંગ રૈનાએ ઈન્ટરવ્યૂમાં કહ્યું, ''ખુશી સાથે કામ કરવું એ ઘણું સહજ હતું અને મજા પડી હતી –અમારી વચ્ચે સહજતા છે. અમારો સંબંધ સરળ અને વાસ્તવિક છે અને કેમ્પેઈનમાં પણ એ સંબંધ બિલકુલ દેખાય છે.'' વેદાંગની આ સ્પષ્ટતાથી જ તેમના સંબંધો અને નિકટતા અંગે અણસાર આવી જાય છે.

તાજેતરમાં વેદાંગ એક બ્રાન્ડ સાથે જોડાયો છે, પરંતુ આ બાબતે તે ઘણી તકેદારી રાખે છે. તેણે જણાવ્યું, ''મારા માટે બહુ મહત્વનું છે કે હું એવી જ બ્રાન્ડ સાથે કામ કરું જે ખરી હોય અને હું જેવો છું, તેની સાથે તેના મૂલ્યો પણ મેળ ખાતાં હોય. હું ખરું કનેક્શન જણાય, જેમાં કોઈ સંદેશ, હોય, કોઈ સુંદરતા હોય કે પછી મૂલ્યો હોય, જેની સાથે હું મારી જાતને જોડી શકું, એની સાથે જોડાવાનું પસંદ કરું છું.''

પોતાની ફિલ્મી સફર વિશે વાત કરતા વેદાંગે કહ્યું, ''મારી પોતાની જાતને શોધવાની અને વ્યક્ત કરવાની સફર વિકાસ અને સ્વ જાગૃતિની રહી છે.''

# મોટું બજેટ સફળતાની ગેરંટી નથી ૫ સૌથી મોંઘી ફિલ્મોમાંથી માત્ર ૧ હિટ



દેશ ભરમાં વર્ષે સેંકડો ફિલ્મ રિલીઝ થતી હોય છે અને તેમાંથી આંગળીના વેઢે ગણી શકાય તેવી ફિલ્મ જ હિટ રહે છે. ફિલ્મની સફળતા સુનિશ્ચિત કરવા માટે ઘણી વખત મોટી સ્ટાર કાસ્ટ અને તોતિંગ બજેટ રાખવામાં આવે છે, પરંતુ તેના કારણે સફળતાની ગેરંટી મળી શકતી નથી. સુપરસ્ટાર શાહરૂખ ખાન પોતે આ હકીકતનો અનુભવ કરી ચૂક્યા છે. શાહરૂખ હોવા છતાં 'ઝીરો'ને ઊંધા માથે પછડાટ મળી હતી. પાંચ વર્ષ બાદ શાહરૂખની 'જવાન' આવી અને તેણે સૌથી વધુ કમાણી કરનારી શાહરૂખની ફિલ્મ તરીકે સ્થાન મેળવ્યું. છેલ્લા બે વર્ષ દરમિયાન રૂ.૩૦૦થી ૫૦૦ કરોડના ખર્ચે બનેલી પાંચ ફિલ્મોની વાત કરીએ તો, તેને બનાવવામાં કુલ રૂ.૧૯૦૦ કરોડનો ખર્ચ થયો હતો. આ પાંચમાંથી એક માત્ર 'જવાન' જ નફો કરી શકી હતી.

પ્રભાસની બહુચર્ચિત 'આદિપુરુષ'ને બોલિવૂડની સૌથી મોંઘી ફિલ્મ ગણવામાં આવે છે. રૂ.૫૦૦ કરોડમાં બનેલી આ ફિલ્મમાં પ્રભાસની સાથે સૈફ અલી ખાન, ક્રિતિ સેનન જેવા ઘણાં જાણીતા સ્ટાર હતા. ભગવાન રામના જીવન આધારિત આ ફિલ્મનું જોરશોરથી પ્રમોશન થયું હતું, જેના કારણે એડવાન્સ બુકિંગ ફુલ થઈ ગયું હતું. જો કે ત્રણ દિવસમાં જ ઓડિયન્સનો મોહભંગ થયો અને આ ફિલ્મને બોક્સઓફિસ પર માત્ર રૂ.૧૪૭ કરોડનું નેટ કલેક્શન મળ્યું. મોંઘા બજેટની ફિલ્મો બનાવવા માગતા પ્રોડ્યુસર્સને શાહરૂખ ખાન, રણબીર કપૂર અને સલમાન ખાન પર વધારે ભરોસો છે, પરંતુ સ્ટારડમનો જાદુ દર વખતે કમાલ કરી શકતો નથી. ફિલ્મના બજેટ કરતાં ઓછું કલેક્શન મળ્યું હોવા છતાં ફિલ્મને હિટ બતાવવા ભરચક પ્રયાસો થતા હોય છે. હાલની સ્થિતિએ ફિલ્મોની આવક માત્ર થીયેટર પર નિર્ભર રહી નથી. ઓટીટી અને સેટેલાઈટ્સ રાઈટ્સ જેવા વિકલ્પોના કારણે ફિલ્મ મેકર્સને નુકસાન ઘટાડવાની તક મળી રહે છે. માત્ર સ્ટારને અથવા ફિલ્મના પ્રમોશનને જોઈને જ સફળતા નિશ્ચિત થતી હોવાની માન્યતાને ઓડિયન્સ સ્વીકારતું નથી. માઉથ પબ્લિસિટી જેવી જ અસર સોશિયલ મીડિયા રીવ્યૂની થાય છે. ઘણા કિસ્સામાં પ્રશંસકો પોતાના સ્ટારની ફિલ્મને મદદ કરવા પ્રમોશનલ રીવ્યૂ લખતા હોય છે. પરંતુ, ઓડિયન્સ હૈ, સબ જાનતી હૈ. બોલિવૂડની અન્ય બિગ બજેટ ફિલ્મોની વાત કરીએ તો આમિર ખાનની 'લાલસિંગ ચઢ્ઢા', અજય દેવગનની 'મૈદાન' અને અક્ષય કુમારની 'સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાન'નો ઉલ્લેખ પણ કરી શકાય. ફિલ્મની રિલીઝ પહેલા અનુકૂળ માહોલ જામ્યો હોવા છતાં રિલીઝના બે દિવસમાં જ પ્રમોશનનો ફુગ્ગો ફૂટી ગયો હતો. ઓછું બજેટ અને મોટી સ્ટારકાસ્ટ ન હોવા છતાં ફિલ્મોન સફળતા મળી હોવાનું પણ અનેક વખત બન્યું છે. તેમાં શ્રદ્ધા કપૂરની 'સ્ત્રી ૨' અને કાર્તિક આર્યનની 'ભૂલ ભુલૈયા'નો ઉલ્લેખ કરી શકાય. ફિલ્મની સફળતાનો મદાર ઓડિયન્સ પર હોય છે ત્યારે ઓડિયન્સ માટે કન્ટેન્ટ સૌથી વધારે મહત્ત્વનું બની રહેતું હોય છે.



# કાર્તિક આર્યનની ફિલ્મ 'તૂ મેરી મૈં તેરા...'માં જેકી શ્રોફની એન્ટ્રી

એક્ટર કાર્તિક આર્યન હવે પોતાની આગામી ફિલ્મ 'તૂ મેરી મેં તેરા મૈં તેરા તૂ મેરી' ફિલ્મની તૈયારીમાં લાગ્યો છે. હાલમાં સૌથી વ્યસ્ત કલાકારોમાં સામેલ કાર્તિક આ ફિલ્મનું શૂટિંગ તબક્કાવાર કરી રહ્યો છે. આ ફિલ્મમાં અનન્યા પાંડેય તેની સાથે કો-સ્ટાર છે. ફિલ્મનું શૂટિંગ મેમાં શરૂ થયું હતું અને ફિલ્મનું કાસ્ટ સંપૂર્ણ સ્વેગથી શૂટિંગમાં લાગી ગઇ છે.

જોકે મજાની અને જાણવાની વાત એ છે કે આ ફિલ્મમાં છેલ્લે-છેલ્લે જેકી દાદાની એન્ટ્રી થઇ છે. કાર્તિકે જ આ વાતને સમર્થન આપ્યું છે. એક વીડિયો થકી તેણે અલગ સ્ટાઇલથી આ જાણકારી આપી છે. આ અંગેના ક્લિપમાં જોઇ શકાય છે કે કાર્તિક મિરરમાં દેખાય છે અને એ પછી જેકી શ્રોફની એન્ટ્રી થાય છે. જેકીના સ્વેગથી વધુ લાઇમલાઇટ આવે છે. આ વીડિયો શેર કરતાં કાર્તિક કેપ્શનમાં લખે છે કે ''લાઇટ્સ કેમેરા એન્ડ ધ ઓરિજિનલ હીરો.'' ફિલ્મમાં જેકીની એન્ટ્રીથી ફેંસની ખુશીના ઠેકાણાં નથી. આમ જેકીની એન્ટ્રીથી તેના સફળતાની ગેરંટી વધી ગઇ હોય તેમ તેનું માનવું છે.

કાર્તિકની 'તૂ મેરી મે તેરા મૈં તેરા તૂ મેરી' ફિલ્મનું શૂટિંગ અગાઉ ક્રોએશિયામાં થયું હતું અને હવે બાકીનું શૂટિંગ રાજસ્થાનમાં થઇ રહ્યું છે. જોકે ફિલ્મ આગામી વર્ષે સપ્ટેમ્બરમાં સિનેમા ઘરોંમાં પહોંચે તેવી સંભાવના છે. જાણવાની વાત એ છે કે 'પતિ, પત્ની અને વો' ફિલ્મમાં અનન્યા સાથે કાર્તિકની જોડીના વખાણ થયા હતા.

# મેજર લીગ ક્રિકેટમાં મુંબઈ ઇન્ડિયન્સ ન્યૂયોર્ક ચેમ્પિયન




અમેરિકામાં યોજાયેલી મેજર લીગ ક્રિકેટ (એમએલસી) ટી૨૦ ટુર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડિયન્સ ન્યૂયોર્કની ટીમ ચેમ્પિયન બની હતી. રવિવારે અહીંના ગ્રાન્ડ પેઈરી સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં ભારે રસાકસી બાદ મુંબઈ ઈન્ડિયન્સ ન્યૂયોર્કની ટીમે વોશિંગ્ટન ફ્રીડમ સામે પાંચ રનથી રોમાંચક વિજય હાંસલ કર્યો હતો. ટીમની આ સફળતા બાદ ટીમના માલિક નીતાબહેન અંબાણી તથા આકાશ અંબાણીએ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

આ સાથે મુંબઈ ઈન્ડિયન્સે તેની ઝળહળતી કારકિર્દીમાં વધુ એક સફળતા હાંસલ કરી હતી. તેણે ત્રણ વર્ષમાં બીજી વાર મેજર લીગ ક્રિકેટ ટાઈટલ જીત્યું હતું તો વૈશ્વિક સ્તર પર આ તેની ૧૩મી ટ્રોફી હતી. ૨૦૨૫ના જ વર્ષમાં મુંબઈ ઈન્ડિયન્સે ત્રીજી વાર કોઈ મેજર ટાઈટલ જીત્યું છે. ભારતમાં પાંચ વાર આઈપીએલ જીતનારી આ ટીમે ૨૦૨૫ના વર્ષમાં આ અગાઉ મુંબઈ ઈન્ડિયન્સ કેપટાઉન તરીકે SA20 ટાઈટલ જીત્યું હતું તો તેની વિમેન્સ ટીમે ભારતમાં વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) ટાઈટલ પણ જીત્યું હતું. આમ મુંબઈ ઈન્ડિયન્સ હવે વૈશ્વિક સ્તર પર સૌથી સફળ ટી૨૦ ફ્રેન્ચાઈઝી બની ગઈ છે. મુંબઈ ઈન્ડિયન્સ વિશ્વના ત્રણ ઉપખંડમાં મોખરાની ટી૨૦ લીગમાં ભાગ લે છે. જેમાં આ વર્ષે તેણે ત્રણ ટાઈટલ જીતવા ઉપરાંત પાંચેય લીગના પ્લે ઓફમાં સ્થાન હાંસલ કર્યું હતું.

મુંબઈ ઈન્ડિયન્સ ન્યૂયોર્કની સફળતા અંગે નીતાબહેન અંબાણીએ જણાવ્યું હતું કે મુંબઈ ઈન્ડિયન્સ પરિવાર માટે આ વિશેષ ક્ષણ છે. ત્રણ વર્ષમાં બીજી વાર એમએલસી ટ્રોફી જીતવી તે ટીમવર્ક અને ખેલાડીઓની ધગશ તથા આત્મવિશ્વાસની ઉજવણી છે. ભારતમાં વિમેન્સ પ્રીમિયર લીગથી સાઉથ આફ્રિકામાં ટાઈટલ અને હવે અમેરિકામાં ટી૨૦ લીગ એ પુરવાર કરે છે કે ક્રિકેટની રમત વૈશ્વિક ધોરણે એક બ્રિજ બની રહી છે. આ સફળતા માટે તમામ ખેલાડી તથા સપોર્ટ સ્ટાફને અભિનંદન આપું છું.

આ પ્રસંગે આકાશ અંબાણીએ જણાવ્યું હતું કે મુંબઈ ઈન્ડિયન્સ અને આપણા તમામ માટે આ ગૌરવની ક્ષણ છે. આ વર્ષે ભારત, સાઉથ આફ્રિકા અને હવે અમેરિકા એમ ત્રણ અલગ અલગ દેશમાં મેજર ટી૨૦ લીગમાં ટાઈટલ જીતવું તે અમારા માટે હેટ્રિક છે. માત્ર ટ્રોફી જ જીતવી નહીં પરંતુ સાથે સાથે તેનાથી વૈશ્વિક ધોરણે એક ક્રિકેટ પ્લેટફોર્મ રચાયું છે જે પ્રતિભાને તક આપવા માટે કામ કરે છે.

રવિવારે રમાયેલી ફાઈનલમાં મુંબઈ ઈન્ડિયન્સ ન્યૂયોર્કે પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં વોશિંગ્ટન ફ્રીડમે તેની ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૭૫ રન કર્યા હતા. ક્વિન્ટન ડી કોકે ૪૬ બોલમાં ૭૭ રન ફટકાર્યા હતા. વોશિંગ્ટન ફ્રીડમ માટે ન્યૂઝીલેન્ડના રચિન રવીન્દ્રએ આક્રમક ૭૦ રન ફટકાર્યા હતા.

# ત્રીજી ટેસ્ટમાં જાડેજાની જોરદાર લડત છતાં ભારતનો પરાજય, ઇંગ્લેન્ડને સરસાઈ



સિરીઝની અગાઉની મેચોમાં રનના ઢગલાં ખડકનારી ભારતીય ટીમ જ્યારે જરૂર હતી ત્યારે જ નિષ્ફળ રહી હતી અને રવીન્દ્ર જાડેજાની અત્યંત લડાયક બેટિંગ તથા અણનમ અડધી સદી છતાં અત્યંત કંગાળ બેટિંગને કારણે ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં સોમવારે તેનો ૨૨ રનથી પરાજય થયો હતો. ૧૯૩ રનના ટારગેટ સામે રમતા ભારત માટે રવીન્દ્ર જાડેજાને બાદ કરતાં કોઈ બેટર લડત આપી શક્યો ન હતો. આ વિજય સાથે ઈંગ્લેન્ડે પાંચ ટેસ્ટની વર્તમાન સિરીઝમાં ૨-૧ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. ચોથી ટેસ્ટ ૨૩મી જુલાઈથી માન્ચેસ્ટર ખાતે રમાશે.

અહીંના ઐતિહાસિક લોર્ડ્ઝ ખાતે રમાયેલી ટેસ્ટના પાંચમા દિવસે ભારત સામે ૧૯૩ રનનો ટારગેટ હતો. તેણે રવિવારના ચાર વિકેટે ૫૮ રનના સ્કોરથી ઈનિંગ્સ આગળ ધપાવી હતી પરંતુ રમતના પ્રથમ કલાકમાં જ તેનું ભાવિ મોટા ભાગે નિશ્ચિત થઈ ગયું હતું. રવીન્દ્ર જાડેજાએ લગભગ પાંચ કલાક અને ૧૮૧ બોલની ઈનિંગ્સ રમીને ભારતને ટારગેટથી શક્ય તેટલું નજીક લાવી દીધું હતું. જસપ્રિત બુમરાહ અને નિતિશ રેડ્ડીએ તેને સહકાર આપ્યો હતો પરંતુ તે અપૂરતો પુરવાર થયો હતો. જાડેજાએ તેની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ પૈકીની એક ઈનિંગ્સ રમી હતી.

રવિવારે રમી રહેલો કે એલ રાહુલ એક છેડે ટકીને ટીમને નુકસાન થવા દેશે નહીં તેવી અટકળો થતી હતી પરંતુ તે માત્ર છ રન ઉમેરીને આઉટ થયો હતો. ભારતે દિવસના પ્રારંભે જ રિશભ પંત (૦૯)ની વિકેટ ગુમાવી દીધી હતી અને તેની થોડી જ વારમાં રાહુલ પણ ૫૮ બોલમાં ૩૯ રન ફટકારીને આઉટ થઈ ગયો હતો. આમ ભારતે ૮૧ રન સુધીમાં જ છ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર બાદ વોશિંગ્ટન સુંદર પણ ટકી શક્યો ન હતો અને જોફરા આર્ચરને વળતો કેચ આપી બેઠો હતો. તે ખાતું પણ ખોલાવી શક્યો ન હતો. જોકે નિતિશ કુમાર રેડ્ડીએ જાડેજા સાથે મળીને ૩૦ બહુમૂલ્ય રન ઉમેરીને ભારતની આશા જીવંત રાખી હતી પરંતુ ભારતની ખરી લડત તો રવીન્દ્ર જાડેજા અને જસપ્રિત બુમરાહે આપી હતી. બંનેએ ૨૨ ઓવર સુધી ઈંગ્લેન્ડના બોલર્સને હંફાવ્યા હતા. જેમાં બુમરાહની ભૂમિકા વિકેટ બચાવીને જાડેજાને સહયોગ આપવાની હતી જે તેણે શાનદાર ઢબે નિભાવી હતી. બુમરાહ તેની કારકિર્દીમાં બોલની રીતે ત્રીજી સૌથી લાંબી ઈનિંગ્સ રમ્યો હતો. ચાર વર્ષ અગાઉ આ જ મેદાન પર ૬૪ બોલ રમનારા બુમરાહે સોમવારે ૫૪ બોલમાં પાંચ રન કર્યા હતા. બુમરાહ આઉટ થયો ત્યારે ભારતને ૪૬ રનની જરૂર હતી. આ તબક્કે મોહમ્મદ સિરાઝ સાથે મળીને જાડેજાએ ૨૩ રન ઉમેર્યા હતા. અંતે સ્પિનર શોએબ બશીરના બોલે સિરાઝ આઉટ થઈ ગયો હતો.

## બીજા દાવમાં ધબડકો છતાં ઓસી.ની સ્થિતિ મજબૂત



અલઝારી જોસેફ અને શામર જોસેફ મેચના બીજા દાવમાં પણ ત્રાટકતાં પ્રવાસી ઓસ્ટ્રેલિયન ટીમનો ધબડકો થયો હતો અને કેમરૂન ગ્રીનની અડીખમ બેટિંગને બાદ કરતાં તેના અન્ય બેટર્સ ખા નોંધપાત્ર દેખાવ કરી શક્યા ન હતા તેમ છતાં અહીં રમાઈ રહેલી ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં હાલના તબક્કે વેસ્ટ ઈન્ડિઝ સામે ઓસ્ટ્રેલિયાની સ્થિતિ મજબૂત બની રહી છે. ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવના ૨૨૫ રનના સ્કોર સામે રવિવારે વેસ્ટ ઈન્ડિઝની ટીમ માત્ર ૧૪૩ રનમાં આઉટ થઈ ગઈ હતી. આમ ઓસ્ટ્રેલિયન ટીમને ૮૨ રનની સરસાઈ સાંપડી હતી. બીજા દાવના ૯૯ રન ઉમેરતાં ઓસ્ટ્રેલિયા હાલમાં ૧૮૧ રન આગળ છે. તેની બીજા દાવની ચાર વિકેટ જમા છે. બીજા દિવસની રમતને અંતે કેમરૂન ગ્રીન ૪૨ અને કેપ્ટન પેટ કમિન્સ પાંચ રન સાથે રમતમાં હતા. રવિવારે બીજા દિવસની રમત દરમિયાન તમામ સત્રમાં પેસ બોલરનું વર્ચસ્વ રહ્યું હતું. દિવસમાં ૧૫ વિકેટ પડી હતી જેમા કેરેબિયન ટીમની મોટા ભાગની વિકેટ સામેલ હતી. અહીંના સબિના પાર્ક ખાતે રમાતી ટેસ્ટમાં બીજા દિવસે સાંજના સમયે લાઈટ ચાલું કરાઈ ત્યાર બાદ અલઝારી જોસેફ અને શામર જોસેફે વેધક બોલિંગ કરી હતી. અલઝારીએ ૧૯ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે શાનર જોસેફે ૨૬ રન આપીને બે વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયા માટે કેમરૂન ગ્રીનને બાદ કરતા બાકીના તમામ બેટર નિષ્ફળ રહ્યા હતા. ઓપનર ઉસ્માન ખ્વાજા ૧૪ અને સેમ કોન્સ્ટાસ શૂન્ય પર આઉટ થયા હતા. સ્ટિવ સ્મિથ માત્ર પાંચ રન કરી શક્યો હતો તો ટ્રેવિસ હેડે ૧૬ અને વેબસ્ટરે ૧૩ રન કર્યા હતા. અગાઉ વેસ્ટ ઈન્ડિઝે તેની ઈનિંગ્સનો પ્રારંભ કર્યા બાદ એક માત્ર જહોન કેમ્પબેલ લડત આપી શક્યો હતો. તેણે ૩૬ અને કેપ્ટન શાઈ હોપે ૨૩ રન ફટકાર્યા હતા. ઓસ્ટ્રેલિયા માટે સ્કોટ બોલેન્ડે ત્રણ, હેઝલવૂડ અને કમિન્સે બે બે વિકેટ લીધી હતી.

## સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશિપમાં જહાન પટેલે બે નવા રેકોર્ડ સર્જ્યા



સેવી સ્વરાજ એક્વેટિક કોમ્પલેક્સ ખાતે તાજેતરમાં યોજાયેલી ગુજરાત સ્ટેટ સબ જુનિયર અને જુનિયર એક્વેટિક (સ્વિમિંગ) ચેમ્પિયનશિપ ૨૦૨૫માં શહેરની રાજપથ ક્લબના સ્વિમર જહાન પટેલે બે નવા રેકોર્ડ સર્જવા ઉપરાંત તેના ગ્રૂપમાં શાનદાર પ્રદર્શન કરીને રાજ્યના બેસ્ટ સ્વિમરનો એવોર્ડ જીત્યો હતો.

જહાનના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે તેને વિવિધ ઈવેન્ટ્સમાં છ ગોલ્ડ મેડલ અને બે બ્રોન્ઝ મેડલ મળ્યા હતા. કોચ હાર્દિક પટેલના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ જહાને અસાધારણ કૌશલ્ય અને ટેકનિકનું પ્રદર્શન કર્યું હતું. તેણે ૪૦૦ મીટર વ્યક્તિગત મેડલ, ૨૦૦ મીટર વ્યક્તિગત મેડલ, ૨૦૦ મીટર બેકસ્ટ્રોક, ૧૦૦ મીટર બેકસ્ટ્રોક, ૫૦ મીટર બેકસ્ટ્રોક અને ૪૮૧૦૦ મિડલે રિલેમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઉલ્લેખનીય છે કે તેણે ૧૦૦ મીટર અને ૫૦ મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટ્સમાં રાજ્યના નવા રેકોર્ડ સર્જ્યા હતા. જહાંને ૪૮૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ અને ૪૮૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલ રિલે ઈવેન્ટ્સમાં પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તેની નોંધપાત્ર સિદ્ધિ સખત મહેનત અને સમર્પણનું પ્રમાણ છે. જહાંન અને કોચ હાર્દિકને આ અતુલ્ય સફળતા માટે રાજપથ ક્લબ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વિમ્બલડનમાં અલ્કારાઝની હેટ્રિક અટકાવી સિન્નર ચેમ્પિયન



વર્લ્ડ નંબર-૧ યાનિક સિન્નરે રવિવારે રમાયેલી વિમ્બલડન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૫ની ફાઈનલમાં વર્લ્ડ નંબર-૨ કાર્લોસ અલ્કારાઝને ૪-૬, ૬-૪, ૬-૪, ૬-૪થી હરાવીને પોતાનું પ્રથમ વિમ્બલ્ડન ટાઈટલ અને ઓવરઓલ ચોથું મેજર ટાઈટલ જીત્યું હતું.

ઈટાલિયન ખેલાડી સિન્નરે ગઈ વખતના ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝને હરાવી રોલેન્ડ ગેરોસ ખાતે હજી તાજેતરમાં જ ફ્રેન્ચ ઓપનની મેરેથોન ફાઈનલમાં થયેલા પરાજયનો બદલો પણ લઈ લીધો હતો. આ સાથે સળંગ ત્રણ વિમ્બલડન ટાઈટલ જીતવાની કાર્લોસ અલ્કારાઝની આશા પર પણ પાણી ફરી ગયું હતું. ૨૩ વર્ષીય યાનિસ સિન્નર ૧૯૬૮ બાદથી સેન્ટર કોર્ટ પર ટ્રોફી હાંસલ કરનારો ૨૩મો ખેલાડી બન્યો. આ સાથે જ યાનિક સિન્નર વિમ્બલ્ડન ટાઈટલ જીતનારો પ્રથમ ઈટાલિયન ખેલાડી પણ બન્યો હતો. સ્પેનિશ ખેલાડી કાર્લોસ અલ્કારેઝે પ્રારંભમાં સારી ટક્કર આપતા પ્રથમ સેટ ૬-૪થી પોતાના નામે કર્યો હતો. પરંતુ તે પછીના તમામ સેટમાં સિન્નરે બાજી મારી હતી. ઈટાલિયન ખેલાડીએ આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટાઈટલ પણ પોતાના નામે કર્યું હતું. ૨૦૨૫માં આ તેનું બીજું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ છે. ઉલ્લેખનીય છે કે યાનિસ સિન્નર આ અગાઉ ૨૦૨૪માં યુએસ ઓપન જીતવામાં સફળ રહ્યો હતો. આ રીતે હવે તેની પાસે ચારમાંથી ત્રણ ગ્રાન્ડસ્લેમની એક એક ટ્રોફી છે. તે હજી સુધી માત્ર ફ્રેન્ચ ઓપનમાં ટાઈટલ જીતી શક્યો નથી.

## પ્રિન્સેસ ઓફ વેલ્સને હસ્તે યાનિક સિન્નરને ટ્રોફી એનાયત



વેલ્સની રાજકુમારી કેટ રવિવારે તેમના પતિ પ્રિન્સ વિલિયમ અને તેમના બે બાળકો સાથે કાર્લોસ અલ્કારાઝ અને યાનિક સિન્નર વચ્ચેની મેન્સ સિંગલ્સની ફાઈનલ નિહાળવા વિમ્બલ્ડન ખાતે હાજર રહ્યાં હતાં. કેટ ઓલ ઈંગ્લેન્ડ ક્લબનાં આશ્રયદાતા છે અને સેન્ટર કોર્ટ પર અલ્કારાઝને હરાવનારા સિન્નરને વિજેતાની ટ્રોફી એનાયત કરી હતી.

કેન્સરની સારવાર બાદ રાજકુમારી ધીમે ધીમે જાહેર ફરજો ફરી શરૂ કરી રહ્યાં છે અને સતત બીજા દિવસે વિમ્બલડનમાં હાજર હતાં. શનિવારે તેમણે વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં હાજરી આપી હતી અને ચેમ્પિયન ઈગા સ્વિયાટેકને તેની સફળતા બાદ પુરસ્કાર આપ્યો હતોં અને રનર્સ-અપ અમાન્ડા એનિસિમોવાને સાંત્વના આપી હતી.

રવિવારે બ્રિટિશ રાજવી પરિવાર સાથે સ્પેનના રાજા ફિલિપ છઠ્ઠા તથા અનેક ભૂતપૂર્વ વિમ્બલડન ચેમ્પિયન અને હોલિવૂડની અનેક હસ્તીઓ હાજરી આપી હતી. લંડનના મેયર સાદિક ખાનની જેમ, અભિનેત્રીઓ કેઈરા નાઈટલી, મેથ્યુ મેકકોનાગી, નિકોલ કિડમેન અને જોન લિથગો બધા રોયલ બોક્સમાં જોવા મળ્યા હતા.

વિલિયમ અને કેટ તેમના મોટા પુત્ર, પ્રિન્સ જ્યોર્જ અને પુત્રી પ્રિન્સેસ ચાર્લોટ સાથે ઓલ ઈંગ્લેન્ડ ક્લબ પહોંચ્યા.

# વિશ્વના સૌથી વૃદ્ધ મેરેથોન દોડવીર ફૌજા સિંહનું નિધન, સમગ્ર રમતગમત જગતમાં શોકની લહેર

વિશ્વ રમત ગમતની દુનિયાંને આજ એક મોટું નુકસાન થયું છે. વિશ્વના સૌથી વૃદ્ધ મેરેથોન અને ભારતનું ગૌરવ ગણાતા દોડવીર ફૌજા સિંહનું ૧૧૪ વર્ષની ઉંમરે એક માર્ગ અકસ્માતમાં નિધન થયું છે. બાળકો , યુવાનો અને વડીલો માટે એક આદર્શ ગણાતા એવા ફૌજા સિંહ સતત મહેનતનું ઉત્તમ ઉદાહરણ હતા.

ભારતીય રમતગમત જગતના એક એવા મહાન દોડવીર કે જેમણે એમની સતત મહેનત અને પરિશ્રમથી એ વાત સાબિત કરી દીધી કે ઉંમરને રમત સાથે કોઈ લેવા દેવા નથી. જો તમારું સ્વાસ્થ્ય સારું છે તો તમે કોઈ પણ ઉંમરે શાનદાર પ્રદર્શન કરી શકો છો. પંજાબના જલંધરથી આ એક ખરાબ સમાચાર આજે સામે આવ્યા છે જેનાથી હાલ રમત ગમતના પ્રેમીઓમાં એક ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ ફૌજા સિંહને તેમનાજ ઘરની બહાર એક અજાણ્યા વાહને એક જોરદાર ટક્કર મારી હતી જે બાદ તેમને તાત્કાલિક ધોરણે એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફૌજા સિંહે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતા.

ફૌજા સિંહના નિધનથી તેમના ચાહકો અને સમગ્ર રમતગમત જગતમાં એક શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ફૌજા સિંહ સમગ્ર ભારત માટે એક આદર્શ સમાન ખેલાડી હતા કેમ કે રમત ગમતની સાથે તેઓ દેશ સેવા અને સમાજ સેવામાં પણ એટલાજ અગ્રેસર હતા. ૧૧૪ વર્ષની ઉંમરે તેમણે અજોડ ઉત્સાહ સાથે 'નશા મુક્ત - રંગલા પંજાબ' કૂચમાં પણ ભાગ લીધો હતો. ૯૦ વર્ષથી વધુ ઉંમરના વર્ગમાં તેમનો શ્રેષ્ઠ દેખાવ ૨૦૦૩ ટોરોન્ટો વોટરફ્રન્ટ મેરેથોનમાં ૫ કલાક ૪૦ મિનિટનો હતો અને આ રેકોર્ડ વખતે તેમની ઉંમર ૯૨ વર્ષની હતી.





# ઓમકાર સુરી આરાધના ભવનમાં સાત મુમુક્ષોના દીક્ષા મુર્હૂતના ભવ્ય વધામણા

સુરત, તા.૧૫

સુરત ૐકારસુરી આરાધના ભવન-પાલ મધ્યે ભક્તિયોગાચાર્ય શ્રી પ.પૂ.આ.ભ. શ્રીયશોવિજયસુરીશ્વરજી મહારાજા, તેમજ શાસ્ત્ર સંશોધક આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા આદિ વિશાળ સાધુ- સાધ્વીજી ભગવંતોનો ની નિશ્રામાં આત્મકલ્યાણના પવિત્ર પથ પર આગવી ઝાંખી રજૂ કરતા અધ્યાત્મસભર પ્રસંગમાં, સાત મુમુક્ષોએ દીક્ષા માર્ગે આગળ વધવાનો નિર્ધાર કરતો દીક્ષા મુહૂર્ત ના વધામણાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો. દીક્ષા એ કોઇ સામાન્ય પ્રવૃત્તિ નહિ, પણ સંસાર ત્યાગી આત્મશુદ્ધિ તરફનું મહામાર્ગ છે — અને આજે, આ માર્ગે આગળ વધનારા સાત આત્માઓ માટે સમગ્ર જનમેદનીએ આનંદ અને ભાવ વીભર પળોની સાક્ષી બની હતી ભક્તિયોગાચાર્ય શ્રી યશોવિજય સુરીશ્વરજી મહારાજા આદિ ની પાવન ઉપસ્થિતિમાં અને હજારો ભાવિકોના જયનાદ થી ગુંજતું વાતાવરણ દીક્ષા મુરતને ઉર્જાવાન બનાવી ગયું હતું મુમુક્ષુઓ ની ભાવસભર વાણી અને જીવમાં આવેલો વૈરાગ્ય ભાવ સૌને ભાવવિભોર કરી ગયા હતા આ પ્રસંગે શાંતિના સંકલ્પ સાથે નવકાર મંત્રના ઘોષ અને દીક્ષા લાગણીથી પ્રસન્ન પવિત્ર વાતાવરણ સર્જાયું. દીક્ષા લેનારા દરેક મુમુક્ષુ ને શ્રી પરમ જિન ભદ્ર શાંતિ શ્વે મુ સંઘ તરફથી બહુમાન અને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી આજનો દીક્ષા મુરત પ્રસંગ સૌને આત્મપરીષ્કાર અને સાધનાની પ્રેરણા આપનાર બની ગયો હતો.

# ગુરુકુળ પબ્લિક સ્કૂલમાં હેડબોય તથા હેડ ગર્લનો પદગ્રહણ સમારંભ

## શાળામાં લોકશાહી પર્વની ઉજવણી

અંકલેશ્વર, તા.૧૫

ગતરોજ નવા શૈક્ષણિક વર્ષ માટે શ્રી સ્વામિનારાયણ સેવાનિકેતન સંચાલિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પબ્લિક સ્કૂલ (CBSE & GSEB) ના હેડબોય અને હેડગર્લનો પદગ્રહણ સમારોહનું આયોજન ભવ્યરીતે કરવામાં આવ્યું. શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓ લોકશાહીના રાજમાં સુચારુ રીતે લોકનેતૃત્વ કરી શકે તેવા હેતુથી શાળામાં દર વર્ષે લોકશાહીનો પર્વ ઉજવાય છે. આ વર્ષે પણ લોકશાહી પર્વ ઉજવાયો હતો. લોકશાહીની ઉજવણીથી વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતા, લીડરશીપપણું અને શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમની ભાગીદારી વધે તેવા હેતુસર આ નિમણૂક કરવામાં આવે છે. સમસ્ત




શાળાના (CBSE)હેડબોય તરીકે સૂર્યકાંત પાઠક અને હેડગર્લ તરીકે નિધિ સોંડલ અને (GSEB) હેડબોય તરીકે દેવ પંડ્યા અને હેડગર્લ તરીકે ટીના યોગીએ પદ ગ્રહણ કર્યુ હતું.આ ચારેય વિદ્યાર્થીઓએ ગત વર્ષોમાં અભ્યાસ, શિસ્ત, વિવેક, વિનય, વિનમ્રતા, ગુરૂઆજ્ઞા અને શાળાની દરેક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.આ પ્રસંગે વંદે માતરમ ગાન સાથે નવા લીડરશીપ ટીમના તમામ સભ્યોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ચારેય વિદ્યાર્થીઓએ જવાબદારીપૂર્વક પોતાના પદની શપથ લીધી હતી અને શાળાની નિયમિતતા અને શિસ્ત જાળવવા માટે પ્રતિબદ્ધ રહેવાની જાહેરાત કરી હતી. તેથી ગુરુકુલ કેમ્પસના સંસ્થાપક કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, ટ્રસ્ટી કિશોર સરજી, શાળાના આચાર્યાશ્રી અમિતા શ્રીવાસ્તવ, રૂપાલીમેમ, અલ્કામેમ, શિક્ષકમિત્રો દ્વારા ભવિષ્યે પણ સારું નેતૃત્વ કરો તેવા શુભાશિષ સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### પહેલગામ
### પહેલા પાનાનું ચાલુ

હતો. અને તા.૧૫ના રોજ સુલૈમાન કાશ્મીરના ત્રાલના જંગલમાં પહોંચી ગયો હતો.તેણે હુમલાના સ્થળની પણ મુલાકાત લીધી હતી. અગાઉ એપ્રીલ ૨૦૨૩માં કાશ્મીર પુંછ વિસ્તારમાં જે રીતે ભારતીય સેનાના એક ટ્રકને ઉડાવી દેવામાં આવ્યો હતો અને પાંચ જવાનો શહીદ થયા હતા તેમાં પણ સુલૈમાનની ભૂમિકા ખુલી છે. બે વર્ષ નિસ્ક્રીય રહ્યા બાદ ફરી એકશનમાં આવ્યો હતો.જમ્મુ કાશ્મીર પોલીસે પાકિસ્તાની ત્રાસવાદી હાસીમ મુસા તથા અલીભાઈની પણ આ હુમલામાં ભૂમિકા હોવાનું શોધી કાઢયું છે. પરંતુ લોકલ ત્રાસવાદી આદીલ હુસેનને સમગ્ર હુમલાથી દૂર રખાયો હતો. પોલીસે જે બે લોકલ ત્રાસવાદી સ્લીપર સેલના લોકોની ધરપકડ કરી હતી તેમની ભૂમિકા પણ સાવ નાની હતી.

તેઓએ પાકિસ્તાની ત્રાસવાદીઓ માટે ભોજન તથા છુપાવવાનું વ્યવસ્થા કરી હતી અને તેના બદલામાં થોડા હજાર રૂપિયા મેળવ્યા હતા. વાસ્તવમાં તેમને પહેલગામ હુમલાની કોઈ જાણકારી ન હતી. સમગ્ર ખીણ વિસ્તારમાં હાલ ૬૮થી વધુ વિદેશી અને ત્રણ લોકલ ત્રાસવાદી સક્રિય છે.

### ભારતમાં
### પહેલા પાનાનું ચાલુ

એટલે કે ગ્રાહકોએ મૉડેલ Y કાર માટે લગભગ ૪૮ લાખ રૂપિયા ચૂકવવા પડી શકે છે. જોકે, કંપની દ્વારા ભારત માટે તેની વેબસાઇટ પર અપડેટ કરાયેલી કિંમતો અનુસાર, કિંમતો લગભગ ૬૦ લાખ રૂપિયાથી શરૂ થઈ શકે છે.આ રિયર-વ્હીલ ડ્રાઈવ મૉડેલની કિંમત લગભગ ૫૯.૮૯ લાખ રૂપિયા હોવાનું કહેવાય છે, જેની ઓન-રોડ કિંમત ૬૧.૦૭ લાખ રૂપિયા હશે.આ સ્ટોર લોકો માટે એક એક્સપીરિયંસ સેન્ટર તરીકે કામ કરશે. એટલે કે, અહીં માત્ર ગાડીઓ જ વેચાશે નહીં, પરંતુ લોકો ટેસ્લાની ટેકનોલોજી અને ફીચર્સને નજીકથી પણ જોઈ શકશે. આ કાર્યક્રમમાં ખાસ મહેમાનો, ઉદ્યોગ ભાગીદારો અને મીડિયાકર્મીઓ સામેલ થયા.

### ડોડામાં
### પહેલા પાનાનું ચાલુ

ધારણા છે, કારણ કે કેટલાક લોકોની હાલત ગંભીર છે. તેઓ હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અહીં, ઘટનાસ્થળે બચાવ કામગીરી પણ ચાલી રહી છે.

કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહે માર્ગ અકસ્માતની પુષ્ટિ કરી છે. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી છે.

જીતેન્દ્ર સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં લખ્યું છે કે, "ડોડા શહેરથી લગભગ ૨૦ થી ૨૫ કિમી દૂર બારથ ગામ નજીક એક ખાનગી ટેમ્પો રોડ અકસ્માતની માહિતી મળતાં જ ડોડા ડીસી હરવિંદર સિંહ સાથે વાત કરી. અત્યાર સુધીમાં ૩ લોકોના મોત થયા છે, ૪ અન્ય ગંભીર રીતે ઘાયલ છે."

માહિતી આપતાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું, "ઘાયલોને તમામ શક્ય મદદ અને તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. ડીસી વ્યક્તિગત રીતે સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કરી રહ્યા છે અને મને નિયમિત અપડેટ્સ આપી રહ્યા છે. જરૂર પડ્યે વધુ સહાય પૂરી પાડવામાં આવશે. મૃતકોના પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના."

### વિદેશમંત્રી એશ.
### પહેલા પાનાનું ચાલુ

વાંગ યી સાથેની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી જયશંકરે દ્વિપક્ષીય મુદ્દાઓના ઉકેલ માટે લાંબા ગાળાના અભિગમ પર ભાર મૂક્યો. સોમવારે બેઠક બાદ જયશંકરે એક નિવેદનમાં કહ્યું, "સરહદ સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની, લોકો-થી-લોકોના આદાન-પ્રદાનને સામાન્ય બનાવવાની અને વેપારમાં કઠોર પગલાં અને અવરોધોને ટાળવાની આપણી જવાબદારી છે. મારું માનવું છે કે પરસ્પર આદર, પરસ્પર હિત અને પરસ્પર સંવેદનશીલતાના આધારે, આપણા સંબંધો સકારાત્મક દિશામાં વિકાસ કરી શકે છે."

વિદેશ મંત્રીએ ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગને પણ મળ્યા અને ભારત-ચીન સંબંધોને વધુ સામાન્ય બનાવવા પર ભાર મૂક્યો, જેનાથી બંને દેશો માટે ફાયદાકારક પરિણામો આવી શકે છે.

તેમણે એમ પણ કહ્યું કે વર્તમાન જટિલ વૈશ્વિક વાતાવરણમાં બંને પડોશીઓ અને મુખ્ય અર્થતંત્રો વચ્ચે ખુલ્લા વિચારો અને દ્રષ્ટિકોણનું આદાન-પ્રદાન ખૂબ જ મહત્વપૂર્ણ છે.

ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠ પર, જયશંકરે કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવાનું સ્વાગત કર્યું, જે ૨૦૨૦થી રોગચાળા અને સરહદી તણાવને કારણે સ્થગિત હતી.

### બોઈંગ પ્લેનની
### પહેલા પાનાનું ચાલુ

CAA એ બ્રિટન આવતી તમામ એરલાઈન્સને આ વાલ્વ તપાસવા, જરૂર પડ્યે તેને બદલવા અથવા રિપેર કરવા અને દૈનિક ધોરણે નિરીક્ષણ ફરજિયાત બનાવવાનો આદેશ પણ આપ્યો હતો. દરમિયાન, પ્રાથમિક અહેવાલોમાં જાણવા મળ્યું છે કે અમદાવાદ અકસ્માત વિમાનના ફ્યુઅલ સ્વીચ બંધ હોવાને કારણે થયો હતો.

હકીકતમાં, ૧૨ જૂનના રોજ, અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ છે ૧૭૧ ટેકઓફ થયાના થોડા સમય પછી જ મેડિકલ હોસ્ટેલની ઇમારત સાથે અથડાઈ હતી. આમાં ૨૬૦ લોકોનાં મોત થયા હતા.

### માંગરોળ સમારકામ
### પહેલા પાનાનું ચાલુ

પડે છે, આ પુલ તુટયાને ૧૫ કલાક કરતાં વધુ સમય થયો હોવા છતાં કોઈ સરકારી તંત્ર કે ચુંટાયેલા પ્રતિનિધિઓ પુલની મુલાકાત લીધી

## પડદા પાછળના ખરા યશભાગી મુખ્ય સરકારી વકીલ સુખડવાળાનું જાહેર સન્માન કરો!

શ્રાવિકા સાથે દુષ્કર્મ કરવા બદલ અદાલતે એક જૈન મુનિને સજા કરી. કાયદાએ કાયદાનું કામ કર્યું. ન્યાયાધીશે ન્યાય આપવાનું કામ કર્યું. એ બાબતમાં નૂકતેચીની નહીં હોઈ શકે પણ આખી પ્રક્રિયા સારી રીતે પાર પડી શકે તે માટે પોતાની નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવનાર મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાળાની ભૂમિકાનો નિર્દેશ થઈ શકે! ખેર, નયન સુખડવાળાએ આ પહેલા બળાત્કાર અને હત્યાના ઓછામાં ઓછા આઠથી દશ આરોપીઓને મોત સજાનો હુકમ કરાવ્યો હતો એ અમારી જાણ મુજબ! ભારતના કોઈપણ મુખ્ય સરકારી વકીલ માટે અનોખી સિદ્ધિ કહેવાય! આવા ખટલાઓમાં આરોપીઓનાં જીવન મરણનો પ્રશ્ન આવે ત્યારે લોભ લાલચ અને/અથવા ધાક



ધમકીનો આશરો લેવાતો હોઈ શકે અને નયનના કિસ્સામાં આવું બન્યું નહીં હોય એવું કહેવાનું મુશ્કેલ છે પણ નયને પોતાની કામગીરી પૂરેપૂરી નિષ્ઠાથી બજાવી તેથી તેણે આ સિદ્ધિ મેળવી છે એમ કહી શકાય!આવા સંજોગોમાં ન્યાયના પક્ષે રહી નયન સુખડવાળાએ પોતાની અવિસ્મણીય કામગીરી બજાવી છે એમ કહી શકાય પણ સમાજે કે સરકારે પોતાની કામગીરી બજાવી છે!? કરોડો અને અબજોના આપણી આસપાસ ઘૂઘવતા કૌભાંડોના મહાસાગર વચ્ચે આવો નિષ્ઠાવાન ટાપુ આપણે માટે ખરેખર નૈતિક વિસામો છે ! સમાજે ખાસ કરીને સરકારે આવા નિષ્ઠાવાન મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાળાને પદ્મ એવોર્ડ આપીને કે અન્ય કોઈ રીતે કદર કરીને એમની નિષ્ઠાનું સન્માન કરવું જોઈએ!સદગુણીની કદર થાય એ આખરે તો સમાજના લાભમાં છે, કારણ કે આવા પગલાંથી અન્યને નિષ્ઠાવાન રહેવાની પ્રેરણા મળે છે.!સુરતના ભારતીય જનતા પક્ષનું કેન્દ્રમાં વજનદાર પ્રતિનિધિત્વ છે એ વાતનો લાભ લઇ ભારતીય જનતા પક્ષ આ બાબતમાં સક્રિય બને એ જરૂરી છે!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

નથી તેમ આજકના સરપંચ રમેશભાઈએ જણાવ્યું હતું.

વડોદરા-આણંદ વચ્ચે આવેલો ગંભીરાબ્રિજ ૯મી જુલાઈએ તૂટી પડતાં ૨૧ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. જેમાં એક મૃતદેહ હજુ નથી મળ્યો, ત્યારે વધુ માંગરોળ તાલુકાના આજક ગામે પણ બ્રિજ તૂટી પડ્યો છે.

મળતી માહિતી મુજબ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના આજક ગામ પાસે આત્રોલી ગામથી કેશોદ તરફ જતા માર્ગ પર આવેલા પુલનો સ્લેબ તૂટી પડ્યો હતો, જેમાં હીટાચી મશીન સહિત આઠથી વધુ લોકો નીચે નદીમાં ખાબક્યા હતા, પરંતુ સદનસીબે કોઈપણ જાનહાનિ થઈ નથી.

ભારે અવાજ સાથે હીટાચી મશીન નીચે ખાબક્યું આજક ગામે આવેલો પુલ કેશોદને માધવપુર સાથે જોડતો મહત્વનો માર્ગ છે, જ્યાં ઘણા વાહનો રોજ પસાર થાય છે. આજે સવારે પુલના સમારકામનું કામ ચાલી રહ્યું હતું. હીટાચી મશીન સાથે કામગીરી ચાલી રહી હતી ત્યારે અચાનક પુલનો સ્લેબ ધરાશાયી થતાં હીટાચી મશીન નીચે ખાબક્યું હતું.

દુર્ઘટનાનો વીડિયો વાયરલ પુલના સ્લેબ પર આઠ-દસ લોકો પણ ઉભા હતા, જે સ્લેબ તૂટી પડતાં સીધા નદીમાં ખાબક્યા, પરંતુ સદનસીબે કોઇ ગંભીર ઈજા કે જાનહાનિ નહીં થઇ. દુર્ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ ઝડપથી વાયરલ થયો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે, સમારકામ પૂરું જોખમ રાખીને કરવામાં આવી રહ્યું હતું. કોઈ સુરક્ષા વ્યવસ્થા નહિ હોવાથી આવા અકસ્માતો સર્જાય છે.આ રસ્તો છે જાહેર રસ્તો, હજારો વાહનો પસાર થાય છે, અહીં કામ કરવાની યોગ્ય તૈયારી વગર લોકોના જીવ સાથે રમત થઈ રહી છે, એવું સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું.

આ રોડ કેશોદથી માધવપુર સુધીનો છે જે વચ્ચે આજક ગામપાસે આજે પુલનું સમારકામ શરૂ હતું તે સમયે અચાનક પુલનો સ્લેબ ધરાશય થયો હતો અને પુલ ઉપર ઉભેલા લોકો નદીમા ખાબક્યા હતા પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઇ ન હતી

આ રોડ જાહેર રોડ છે અને અહી રોજના હજારો વાહનો આવન જાવન કરે છે. આ રોડ ઉપર આજક ગામપાસે પુલ રીપેરીંગ કરતા હતા ત્યારે હીટાચી મશીન ચાલતું હતું તે સમયે અમુક લોકો ત્યાં ઉભેલા હતાં. ત્યારે અચાનક આ પુલનો સ્લેબ પડતા હીટાચી મશીન અંદર ખાબકયુ હતું જયારે પુલ ઉપર ઉભેલા લોકોપણ અંદર ખાબક્યા હતાં પરંતુ સદનસીબે જાનહાનિ અટકતા તંત્રએ હાશકારો અનુભવ્યો છે. પંચાયત વિભાગના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે બે દિવસ પહેલા પુલના રીપેરીંગની લોકોને જાણ કરવામાં આવી હતી અને આજે કામ શરૂ કરાયું હતું.

### અમૃતસર
### પહેલા પાનાનું ચાલુ

કનેક્ટીવીટી વધારવાનો છે.જામનગર, કંડલા અને મુન્દ્રા જેવા પોર્ટસ પરથી ઉત્તર ક્ષેત્રના રાજયો-પ્રદેશોને વિવિધ ઉત્પાદનોની આયાત-નિકાસની વૈશ્વિક સુવિધા પણ આ પ્રોજેક્ટથી આપવાનું વ્યુહાત્મક આયોજન છે.

### ઓડિશામાં
### પહેલા પાનાનું ચાલુ

દર્શનો વચ્ચે, પોલીસે ૧૪ જુલાઈના રોજ પ્રિન્સિપાલની ધરપકડ કરી હતી. ઓડિશા સરકારે આ મામલાની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. જિલ્લા પોલીસ ઉપરાંત, ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ પણ ઘટનાની તપાસ કરી રહી છે. પૂર્વીય રેન્જ ડીઆઈએફ સત્યજીત નાઈકે જણાવ્યું હતું કે તપાસ ઝડપી બનાવવા માટે એસઆઈટીની રચના કરવામાં આવી છે.રાષ્ટ્રપતિ મુર્મુ પીડિત વિદ્યાર્થિનીને મળ્યારાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૧૪ જુલાઈના રોજ એઈમ્સના બર્ન યુનિટની મુલાકાત લીધી હતી અને પીડિતાને મળ્યા હતા. રાષ્ટ્રપતિ દીક્ષાંત સમારોહમાં હાજરી આપવા માટે ભુવનેશ્વર એઈમ્સ પહોંચ્યા હતા. તેમણે પીડિતાના પરિવારને શ્રેષ્ઠ શક્ય સારવારની ખાતરી આપી હતી.

### દિગ્ગજો દોડવીર
### પહેલા પાનાનું ચાલુ

તેમનો વારસો પંજાબને નશામુકત બનાવવાની પ્રેરણા આપતો રહેશે. પંજાબના પૂર્વ રાજ્ય માહિતી કમિશ્નર ખુશવંતસિંહે ફૌજાસિંહની જીવનકથા 'ધી ટર્બન્ડ ટોર્નેડો' લખી છે.

તેમણે એકસ પર લખ્યુ મારો ટર્બન્ડ ટોર્નેડો હવે નથી રહ્યો અકસ્માતમાં ઘવાયેલા ફૌજાસિંહને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેઓ ગંભીર ઘવાયેલા હોવાથી મૃત્યુ થયુ હતું.

### એક્સિઓમ-૪
### પહેલા પાનાનું ચાલુ

ઉઠાવીને એક તરતો પાણીનો બબલ બનાવ્યો હતો.મંત્રી એકસઓમ-૪ મિશનનાં સંદર્ભમાં બોલતા કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે ગ્રુપ કેપ્ટન શુકલા દ્વારા કરવામાં આવેલ પ્રયોગથી દુનિયાનાં અનેક દેશોને લાભ થશે. મહત્વની વાત એ છે કે શુભાંશુનાં પ્રયોગ જીવન વિજ્ઞાન અને વૃક્ષારોપણ સાથે સંબંધીત છે.તેમણે કહ્યું હતું કે, સ્વદેશી લોકો દ્વારા વિકસીત સ્વદેશી કિટ અને પ્રયોગોથી દુનિયાને લાભ થશે. આ પ્રયોગોની આજ સુધી કલ્પના પણ નહોતી કરી શકાઈ. ભારતની પહેલ પર શુભાંશુએ પુરી દુનિયા માટે આ કરી દેખાડયુ છે.

### પીપલોદ ખાતે
### પેજ-૨ પાનાનું ચાલુ

ગુણવત્તાયુક્ત અને ઝડપભેર કામગીરી થાય તે માટે સુપરવિઝન-મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. નાગરિકો પણ પોતાની કમ્પ્લેઈન સરળતાથી નોંધાવી શકે તે માટે હેલ્પલાઈન નંબર કાર્યરત છે. વેબસાઈટ, મોબાઈલ એપ્સ દ્વારા પોતાની ફરિયાદ નોંધાવી શકે છે.

### કલેક્ટર દ્વારા
### પેજ-૨ પાનાનું ચાલુ

વિગતો આપતા જણાવ્યું હતું કે, કામરેજ તાલુકાના ખોલવડ પાસે એન.એચ.-૪૮ પર તાપી નદી પર કુલ ત્રણ બ્રિજ આવેલા છે. જે પૈકી ડાબી તરફના બ્રિજની એક્ષ્પાન્શન જોઈન્ટની કામગીરી શરૂ કરાઈ છે. છેલ્લા દોઢ વર્ષથી આ સમારકામ અંગે યોજના બનાવવામાં આવી રહી હતી. કેન્દ્ર અને રાજય સરકારના સંકલિત સહયોગથી હવે આ કામગીરીને ગતિ મળી છે. સમારકામ માટે હાલ બ્રિજ પર વાહનોની અવરજવર બંધ છે, અને તાત્કાલિક અસરથી સમારકામ શરૂ કરવામાં આવ્યું છે. NHAIની ટીમ એન્જિનિયરો, મેનપાવર, મશીનરી અને જરૂરી સાધનો સાથે ૨૪ કલાક રાઉન્ડ ધ કલોક કામગીરી કરવામાં આવી રહી છે. અંદાજે ૩૦થી ૩૫ દિવસમાં તમામ કામ પૂર્ણ કરી પુલને ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવશે.''મુલાકાત સમયે મામલતદારશ્રી રશ્મિન ઠાકોર, ડી.વાય.એસ.પી. આર.આર. સરવૈયા, NHAI ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી ભારતને વિશ્વ બજારનો લાભ : અમિત મુલાણી

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એક્ષ્પોર્ટ ઇમ્પોર્ટની તકો વિષે સેશન યોજાયું

સુરત, તા.૧૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૩ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે એક્ષ્પોર્ટ ઈમ્પોર્ટની તકો વિષે સેશન યોજાયું હતું, જેમાં એક્ષ્પોર્ટર તેમજ ઈન્ટરનેશનલ ટ્રેડ એક્ષ્પર્ટ એન્ડ ટ્રેઈનર શ્રી અમિત મુલાણીએ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને એક્ષ્પોર્ટ–ઈમ્પોર્ટ બિઝનેસમાં રહેલી વિશાળ તકો વિષે વિસ્તૃત જાણકારી સાથે માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, આજના વૈશ્વિક સ્પર્ધાના યુગમાં એક્ષ્પોર્ટ–ઈમ્પોર્ટ એ માત્ર વ્યવસાય નહીં, પણ ભારતમાં ઉદ્યોગ ક્ષેત્રની વૃદ્ધિ માટેનો એક મજબૂત પાયો છે. આપણે સ્થાનિક ઉત્પાદનને આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થાન અપાવવાનું લક્ષ્ય રાખવું જોઈએ. ચેમ્બર તરીકે અમારી પ્રતિબદ્ધતા છે કે ઉદ્યોગ સાહસિકોને એના માટે યોગ્ય માર્ગદર્શન, માહિતી અને પ્લેટફોર્મ મળી રહે, જેથી આપણું ઉત્પાદન વિદેશી બજારમાં પણ આગળ વધે. એક્ષ્પોર્ટર તેમજ ઈન્ટરનેશનલ ટ્રેડ એક્ષ્પર્ટ એન્ડ ટ્રેઈનર શ્રી અમિત મુલાણીએ જણાવ્યું હતું કે, ભારત માટે જે દેશો એક્ષ્પોર્ટ માટેના મુખ્ય ભાગીદાર રહ્યા છે તેમાં યુનાઈટેડ સ્ટેટ્સ, યુએઇ, નેધરલેન્ડ, ચીન, બાંગ્લાદેશ, સિંગાપુર, યુરોપિયન યુનિયન દેશો (ખાસ કરીને જર્મની અને બેલ્જિયમ), નેપાળ, યુનાઈટેડ કિંગડમ અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. યુનાઈટેડ સ્ટેટ્સ (યુ.એસ.), યુનાઈટેડ અરબ અમિરાત (યુ.એ.ઇ.), નેધરલેન્ડ્સ, ચાઈના, યુનાઈટેડ કિંગડમ (યુ.કે.), સિંગાપોર, સાઉદી અરેબિયા, બાંગ્લાદેશ, જર્મની અને ફ્રાન્સ જેવા ભારત માટે એક્ષ્પોર્ટ માટે મહત્વના છે, જ્યાં ઉદ્યોગ સાહસિકો વિવિધ ઉત્પાદનો એક્ષ્પોર્ટ કરી શકે છે. અમેરિકા અને યુએઈ જેવા દેશો ટેક્ષ્ટાઇલ, દવાઓ, જેમ્સ એન્ડ જ્વેલરી અને ઇલેકટ્રોનિકસ જેવા ઉત્પાદનો માટે ભારત પર નિર્ભર છે. એક્ષ્પોર્ટ માટે નીતિગત સહાય, ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અને લોજિસ્ટિકસ ઈન્ફ્રાસ્ટકચરના ડેવલપમેન્ટથી ભારતના એક્ષ્પોર્ટરોને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક લાભ મળી રહયો છે.

તેમણે ભારત માટે એક્ષ્પોર્ટની દષ્ટિએ નવા અને શ્રેષ્ઠ બજારો વિષે માહિતી આપી હતી. સાથે જ તેમણે એક્ષ્પોર્ટ ઈમ્પોર્ટ માટેના નિયમો, લાયસન્સિંગ પ્રક્રિયા અને કસ્ટમ્સ વ્યવસ્થાઓ, એમએસએમઇ ઉદ્યોગો માટે ઉપલબ્ધ નિકાસ સહાય યોજના, નિકાસ માટે જરૂરી દસ્તાવેજીકરણ અને પ્રમાણપત્રોની વિસ્તૃત સમજણ આપી હતી. આ ઉપરાંત તેમણે ઈ–કોમર્સ, એગ્રો પ્રોડક?ટ્સ, હેન્ડીક્રાફટસ અને ટેકનોલોજી આધારિત ઉત્પાદનોમાં ઊભી થતી તકો તથા લોજિસ્ટિક સપોર્ટ, શિપિંગ રૂટ્સ અને ફાઈનાન્સિંગ મેકેનિઝમ્સ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.



**યુનિયન એજ્યુકેશન સોસાયટી લાલગેટ સુરતની ૯૭મી સામાન્ય સભામાં પ્રમુખ તરીકે સુનીલભાઈ મોદી, ઉપપ્રમુખ તરીકે રમેશચંદ્ર શાહ, અધ્યક્ષ તરીકે યઝદી કરંજીયા, ઉપાધ્યક્ષ તરીકે બાલકૃષ્ણ દલાલ અને કોષાધ્યક્ષ તરીકે રાજેન્દ્ર મેવાવાલા તેમજ માનદ મંત્રી તરીકે નંદકિશોર ટેલરની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે.**

### ચેમ્બરના ગ્રુપ
### પેજ-૨ પાનાનું ચાલુ

જન્મમરણ ના દાખલા ગુજરાતી ભાષા અને અંગ્રેજી ભાષા માં સાથે આપવાની દરખાસ્તો મારા ધ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત ધણી સારી યોજનાઓ પણ દરખાસ્ત કરેલ છે. તે જ પ્રમાણે SGCCI માં પણ તમામ પ્રકારના નાના મોટા ઉધોગે ને પણ સારૂ નેતૃત્વ પુરુ પાડીશ એમાં શંકા ને કોઈ સ્થાન નથી. SGCCI ના તમામ સભ્યો અને મિત્રો ના સાથ અને સહકારની નિરંતર અપેક્ષા રાખું છું.

### અડાજણ બાપ્સ
### પેજ-૨ પાનાનું ચાલુ

ઝુલાવી તેમના પ્રત્યે ભક્તિ અદા કરવાનું અનેરું મહાત્મ્ય રહેલું છે. ભક્તો જે હિડોળા રચે છે, તેમા તેનું હૈયું ઠાલવે છે. કળા અને કસબ, ધન અને શ્રમ એમાં સિંચે છે. ઠાકોરજીને હિંડોળે પધરાવી પૂજન કરી હાથમાં હિડોળાની દોરી લઈ ઝુલાવે છે, ત્યારે બધા જ સંકલ્પ શમી જઈને મન હૃદય પરમ તૃપ્તી પામે છે. તે ન્યાયે સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ હિડોળા ઉત્સવ ખૂબ જ ભક્તિભાવ પૂર્વક ઊજવાય છે. સમગ્ર પર્વ દરમ્યાન વિધ વિધ હિડોળા રચી સંતો-ભક્તો ભગવાન સ્વામિનારાયણને ઝૂલાવે છે.

સુરતના અડાજણ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરમાં પણ પરમ પૂજય મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી એક ભવ્ય હિડોળો બનાવવામાં આવ્યો છે. સમગ્ર અષાઢ માસ દરમ્યાન વિવિધ હિડોળા જેમ કે પુષ્પનો હિંડોળો, રાખડીઓ દ્વારા બનાવેલ હિડોળો, ઝરૂખાથી સંયોજીત થતો હિડોળો તથા રંગબેરંગી ચોખાઓથી સજ્જ હિંડોળા પર ભગવાન વિરાજમાન થશે અને સર્વ હરિભક્તો હેતની દોરીથી હરીવરને હિંચકાવશે.

અડાજણ સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં આ હિડોળાના દર્શન કરવા હજારો ભક્તોની ભીડ જામી છે. સવારે ૭:૩૦ થી બપોરે ૧૨:૦૦ સાંજે ૪:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી આ હિડોળાના દર્શનનો સમય છે.આપ સર્વ ભાવિક ભક્તોને આ હિડોળે ઝુલતાં ભગવાનનાં દર્શન માટે પધારવા મંદિરના મહંત પૂ. ઘનશ્યામચરણ સ્વામી તથા કોઠારી પૂ. ઉત્તમપ્રકાશ સ્વામીએ આમંત્રણ પાઠવ્યું છે.

### શહેર ભાજપ
### પેજ-૨ પાનાનું ચાલુ

પટેલ હંમેશા સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યા છે. તેઓ કોરોના કાળમાં નવી સિવિલના દર્દીઓને સતત મદદરૂપ થયા હતા. છેલ્લા છ વર્ષથી પરેશભાઈ નવી સિવિલમાં બિનવાસી મૃતકોને કફન ઉપલબ્ધ કરાવવાનું અવિરત કરી રહ્યા છે. પરેશભાઈ પટેલ અને તેમના ધર્મપત્ની રોમાબેન પટેલ બંન્ને પોતાના જન્મદિવસ સિવિલના દર્દીઓ સાથે ઉજવે છે, જે અન્યો માટે પણ પ્રેરણારૂપ બન્યા છે.

આ પ્રસંગે મેડિકલ કોલેજ ડીન ડો.જયેશ બ્રહ્મભટ્ટ, તબીબી અધિક્ષક ડૉ.ધારિત્રી પરમાર, મેડિકલ ફેકલ્ટી ડીન ડો.મહેન્દ્રસિંહ ચૌહાણ, આર.એમ.ઓ ડૉ.કેતન નાયક, ટી. બી. ચેસ્ટ વિભાગના વડા ડો. પારૂલ વડગામા, નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, રોમાબેન પરેશભાઈ પટેલ, નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટસ, સામાજિક અગ્રણીઓ, પરેશભાઈના પરિવારજનો, તબીબો અને નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

### ખાડી પરના
### પેજ-૨ પાનાનું ચાલુ

થયેલ હતી તથા તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ સદર કામગીરી પ્રગતિ હેઠળ છે. તા.૧૪/૦૭/૨૦૨૫ના રોજ ૨.૦૦ રનીંગ મીટર લંબાઇ માં તથા ૭.૦૦ રનીંગ મીટર પહોળાઇ ખાડી ની વાઇડનીંગ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ કામગીરીમાં મશીનરી જે.સી.બી.–૧, પોકલેન મશીન–૧ હાઇવા ટ્રક-૦૧ વિગેરે ઉપયોગ લેવામાં આવેલ છે. સદર કામગીરીના સુપરવીઝન અને નિયંત્રણ માટે ડે.ઈજનેર-૦૧, આસી ઈજનેર-૦૧ , ટી.એ. -૦૧ , ઓપરેટર-૦૧, ડ્રાઈવર-૦૧ સ્થળ પર હાજર રહેલ. (૩) ભીમરાડથી સચિન મગ્દલ્લા બ્રીજ પાસે ડાઉન સ્ટ્રીમ વિસ્તારમાં ખાડી રી-એલાઈમેન્ટ ની કામગીરી કરવામાં આવેલ. જેમાં તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ ૫.૦૦ રનીંગ મીટર લંબાઈમાં ખાડી વાઇડનીંગ કરવાની કામગીરી થયેલ હતી તથા તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ સદર કામગીરી પ્રગતી હેઠળ છે. તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ ખાડીની વાઇડનીંગ કરવાની કામગીરી જે આજરોજ પ્રગતી હેઠળ છે. આ કામગીરીમાં મશીનરી પોકલેન મશીન–૧ ઉપયોગ લેવામાં આવેલ છે. સદર કામગીરીના સુપરવીઝન અને નિયંત્રણ માટે ડે.ઈજનેર-૦૧, આસી ઈજનેર-૦૧ , ટી.એ. -૦૧ , ઓપરેટર-૦૧ સ્થળ પર હાજર રહેલ.

ઉધના ઝોન એ વિસ્તારમાં ભેદવાડ ખાડી પાસે પાઈપ કલ્વર્ટને દુર કરવાની કામગીરી કરવામાં આવેલ. તા.૧૩/૦૭/૨૦૨૫ના રોજ કલવર્ટ સુધી પહોંચવા માટે ૫૫ રનીંગ મીટર લંબાઈમાં રોડ બનાવવાની કામગીરી થયેલ હતી. તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ કલવર્ટ સુધી પહોંચવા માટે ૩ રનીંગ મીટર લંબાઈમાં રોડ બનાવવાની કામગીરી થયેલ છે. આમ કુલ ૫૮ રનીંગ મીટર લંબાઈમાં રોડ બનાવવાની કામગીરી થયેલ છે તથા તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ આર.સી.સી. ના ૧૮ નંગ પાઈપ પૈકી ૩ નંગ પાઈપ દુર કરેલ હતા. તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ આર.સી.સી. ના ૩ નંગ પાઈપ દુર કરેલ છે. આમ કુલ ૧૮ નંગ પાઈપ પૈકી ૬ નંગ પાઈપ દુર કરવામાં આવેલ છે. (૨) તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ ૫૦ રનીગ મીટર લંબાઈમાં અને ૧૮ રનીંગ મીટર પહોળાઇ પૈકી ૧ રનીંગ મીટર પહોળાઇમાં ખાડી વાઇડનીંગ કરવાની કામગીરી થયેલ હતી. તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ ૫૦ + ૧૪=૬૪ રનીંગ મીટર લંબાઈમાં અને ૨.૦૦ રનીંગ મીટર પહોળાઇમાં ખાડી વાઇડનીંગ કરવાની કામગીરી થયેલ છે. સદર કામગીરીમાં પોકલેન મશીન– ૧, પોકલેન બ્રેકર મશીન–૧, આઈસર ટ્રક- ૦૧ વિગેરે મશીનરી તેમજ સદર કામગીરીના સુપરવીઝન અને નિયંત્રણ માટે ડે..ઈજનેર-૦૧, આસી ઈજનેર-૦૧ , સુપરવાઈઝર- ૦૧ ,ટી.એ. -૦૧ , ઓપરેટર-૦૪ , બેલદાર -૦૧ સ્થળ પર હાજર રહેલ.

ઉધના ઝોન-બી વિસ્તારમાં ટી પી સ્કીમ નંબર ૫૯( ઉન) સંજાયનગર પાસે આવેલ ઉન ખાડી પર આવેલ અવરોધ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ. જેમાં ખાડીના વહેણમાં અવરોધરૂપ માટી દુર કરવાની કામગીરી ૫૦% પૂર્ણ થયેલ છે. સદર કામગીરીમાં ૦૧ પોકલેન મશીનની મદદથી કરવામાં આવેલ. સદર કામગીરીના સુપરવીઝન અને નિયંત્રણ માટે ડે..ઈજનેર-૦૧, જુ ઈજનેર-૦૧ , ટી.એ. -૦૨ સ્થળ પર હાજર રહેલ.

વરાછા ઝોન-એ વિસ્તારમાં (૧) ટી.પી. ૩(કરંજ)બુટ ભવાની જંકશન (સહજાનંદ સોસાયટી)પાસે કલવર્ટ દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં ૮૪૦.૦૦ સ્કેવર ફીટ આર.સી.સી. રોડ તોડવાની કામગીરી પૂર્ણ અને આર.સી.સી. છારૂ કાઢવાની કામગીરી પગ્રતિ હેઠળ છે. સદર કામગીરીમાં પોકલેન મશીન–૧, હાઈવા -૦૧, જે.સી.બી.–૧ વિગેરે મશીનરી તેમજ સદર કામગીરીના સુપરવીઝન અને નિયંત્રણ માટે ડે.ઈજનેર૦૧, જુની.ઈજનેર૦૧, ટેકનીકલ આસીસટન્ટ ૦૧, કોન્ટ્રાકટર લેબર ૧૦ વિગેરે સ્થળ પર હાજર રહેલ.

વરાછા ઝોન-બી વિસ્તારમાં (૧) તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી કરવામાં આવેલ. જેમાં અત્રેના નવો પૂર્વ(સરથાણા)ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૨૧ (સરથાણા-સીમાડા)માં ૬૦.૦૦ મી. નો આઇકોનીક રોડ આવેલ છે. સદરહું રસ્તા ઉપર શિવપ્લાઝા રેસીડન્સી પાસે પાસોદરા-કઠોદરા તરફથી આવતી ખાડી પસાર થાય છે જયાં ખાડી પર વર્ષો જુનો પાઈપ કલ્વર્ટ આવેલ છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૧૫ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## કતારગામની શિક્ષિકાના આપઘાત પ્રકરણમાં ફરિયાદ નોંધાવવા પરિવાર સિંગણપોર પોલીસ સ્ટેશને પહોંચ્યું

### પાટીદાર નેતા અલ્પેશ કથીરિયા અને વિજય માંગુકિયા પણ આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કરાવવા પરિવાર સાથે આવ્યા

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૫


કતારગામ ખાતે ટ્યુશન ક્લાસીસમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી યુવતિને સ્થાનિક વિસ્તારમાં રહેતા નીલ દેસાઈ નામના છોકરાએ પજવણી કરતા તેણીએ આત્મહત્યા કરી હોવાનો પાટીદાર યુથ આઈકોન અને સોશીયલ એક્ટીવીસ્ટ વિજય માંગુકીયાએ આક્ષેપ લગાવ્યો હતો. આજે પાટીદાર નેતા અલ્પેશ કથિરીયા અને વિજય માંગુકીયા સહિતના લોકો સાથે યુવતિના માતા-પિતા નીલ દેસાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવા સિંગણપોર પોલીસ સ્ટેશને ગયા છે. સિંગણપોર પોલીસે યુવતિનો મોબાઈલ ફોન કબજે કરી એફએસએલમાં મોકલ્યો છે.

કતારગામ વિધિ પેલેસમાં રહેતા અને રત્નકલાકાર તરીકે નોકરી કરતાં રણજીત વાવડીયાની ૧૯ વર્ષીય દીકરી નેના પ્રાઈવેટ ટ્યુશનમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી હતી. નેનાએ રવિવારે સાંજે પોતાના ઘરમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

દરમિયાન શિક્ષિકા નેના વાવડીયાના સમાજના આગેવાન અને પાટીદાર યુથ આઈકોન અને સોશીયલ એક્ટીવીસ્ટ વિજય માંગુકીયાએ ટેલિફોનીક વાતચીતમાં જણાવ્યું હતુ કે, નીલ દેસાઈ નામનો યુવક નેનાને મોબાઈલ ફોન કરી હેરાન કરતો હતો. છેલ્લા ત્રણ વર્ષથી હેરાન કરતો હતો. બંને અગાઉ એક જ સ્કુલે ભણતા હતા. છેલ્લા ત્રણ વર્ષથી નીલ દેસાઈ નેનાને ફોન કરી ગાળાગાળી કરી હેરાન કરતો હતો. હાલ મૃતકના માતા-પિતા અને અમે અલ્પેશ કથિરીયાને સાથે રાખીને નિલ દેસાઈ વિરૂદ્ધ ફરિયાદ આપવા પોલીસ સ્ટેશને જઈ રહ્યા છે. નોંધનીય છે કે, આ સંદર્ભે વિજય માંગુકિયાએ નિલ દેસાઈ વિરૂદ્ધ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પણ રજૂઆત કરી હતી.

## વાંસદાના કેલિયા અને જુજ ડેમ ઓવરફ્લો થયાં

### નીચાણવાળા તમામ ગામોને સાવચેત કરતુ તંત્ર



(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૫

નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં બે ડેમ આવેલા છે. કેલિયા ડેમ અને જુજ ડેમ જે બન્ને આજે ૧૦૦ ટકા સપાટીએ ભરાઇને ઓવરફ્લો થયા છે. દરમિયાન બન્ને ડેમના નીચાણવાળા ગામોના લોકોને સ્થાનિક તંત્ર દ્વારા સાવચેત કરાયા છે.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના જુજ ગામે કાવેરી નદી ઉપર સ્થિત જુજ ડેમ આજે તા.૧૫-૦૭-૨૦૨૫ના રોજ વહેલી સવારે ત્રણ વાગ્યે સંપૂર્ણ સપાટીએ ભરાઇ ઓવર ફ્લો થયો છે. હાલ ડેમમાંથી ૨૩૨.૩૩ ક્યુસેક પાણીનો પ્રવાહ ઓવરફ્લો થઈ રહ્યો છે. જળાશયની સંપૂર્ણ જળ સપાટી ૧૬૭.૫૦ મીટર છે. જળાશયમાં હાલ તા.૧૫-૦૭-૨૦૨૫ ના રોજ સવારના ૧૦ વાગ્યાના આંક અનુસાર સપાટી ૧૬૭.૮૦ મીટર છે. ડેમઓવર ફ્લો થતા ડેમ વિસ્તારને લગતા કુલ-૨૫ ગામોને એલર્ટ કરાયા છે. જેમાં વાંસદા તાલુકાના ૧૩ ગામો, ચીખલી તાલુકાના ૦૬ ગામો અને ગણદેવી તાલુકાના ૦૬ ગામોના નાગરીકોને એલર્ટ કરાયા છે. ૨૪ કલાકમાં વાંસદા તાલુકામાં ધોધમાર વરસાદને પગલે ડેમમાં પાણીની આવક વધતા ડેમો છલકાયા છે. આ સાથે નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના કેલિયા ગામે ખરેરા નદી ઉપર સ્થિત કેલિયા ડેમ આજે તા.૧૫-૦૭-૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યાના અરસામા સંપૂર્ણ સપાટીએ ભરાઇ ઓવર ફ્લો થયો છે. હાલ ડેમમાંથી ૧૧૭૭.૧૬ ક્યુસેક પાણીનો પ્રવાહની આવક થઈ રહી છે. જળાશયની સંપૂર્ણ જળ સપાટી પણ તા.૧૫-૦૭-૨૦૨૫ ના રોજ સવારના ૧૦ વાગ્યાના આંક અનુસાર ૧૧૩.૪૦ મીટર છે. ડેમઓવર ફ્લો થતા ડેમ વિસ્તારને લગતા કુલ-૨૧ જેટલા ગામોના નાગરીકોને સાવચેત કરાયા છે. જેમાં વાંસદા તાલુકાના ૦૧ ગામ, ચીખલી તાલુકાના ૧૬ ગામો, ખેરગામ તાલુકાના ૦૧ ગામ, અને ગણદેવી તાલુકાના ૦૫ ગામોના નાગરીકોને એલર્ટ કરાયા છે. નોંધનિય છે કે, નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં સ્થિત કેલીયા અને જુજ ડેમ મુખ્યત્વે ખરીફ અને રવિ સીઝન માટે ખેડૂતોને આશિર્વાદ રૂપ છે. બન્ને ડેમ સંપૂર્ણ સપાટીએ પાણી ભરાતા ગ્રામજનો અને ખેડૂતોમાં સિંચાઇના પાણીની ચિંતા દુર થવા સાથે ખેડૂતોમાં ખુશીની લહેર પણ ફેલાઈ છે.



શહેરના હાદસમા ગોપી તળાવ પાસે મલ્ટિલેવલ પાર્કિંગ હોવા છતાં પણ ગોપી તળાવના મુખ્ય ગેટ પાસે આડેધડ વાહનો પાર્કિંગ કરવામાં આવી રહ્યા છે. તેમજ મલ્ટિલેવલ પાર્કિંગના પ્રવેશદ્વાર પાસે રિક્ષાઓના કાયમી અડ્ડાથી અન્ય વાહનચાલકોને મુશ્કેલી થઈ પડે છે. (તસવીર : હનીફ મલેક)

## ભટાર ચાર રસ્તા પાસે ટ્રેક્ટરની અડફેટે યુવકનું મોત

### ઉમરવાડાનો સાહિલ બાઈક પર જતો હતો ત્યારે ઘટના બની

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૫

ઉધના મગદલ્લા રોડ ભટાર ચાર રસ્તા પાસે એક ટ્રેક્ટરના ચાલકે પુરપાટ ઝડપે ટ્રેક્ટર હંકારી મોટર સાયકલ ઉપર જઈ રહેલા ૨૦ વર્ષિય યુવકને અડફેટે લેતા તેનું મોત નિપજ્યું હતું. આ મામલે મૃતકના પિતા દ્વારા ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતા પોલીસે મનુષ્યવધનો ગુનો નોંધ્યો હતો.

ઉમરવાડા સહારા દરવાજા પાસે રહેતા મુસ્તાક શેખ અજીજ શેખ ઉ.વ.૪૮ રીક્ષા ડ્રાઈવર છે. ગઈકાલે સવારના સમયે તેમનો પુત્ર સાહીલ મુસ્તાક શેખ ઉ.વ.૨૦ બાઈક લઈને ભટાર ચાર રસ્તા પાસેથી પસાર થતો હતો ત્યારે ટ્રેક્ટર નં. જીજે.૫.૦૫.આરઝેડ ૦૩૮૮ના ચાલકે ટક્કર મારી હતી. સાહિલને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો જ્યાં સારવાર હેઠળ તેનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે ખટોદરા પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

## જવાનીમાં ગુનો કરી નાસતો ફરતો મગલુ ૫૪ વર્ષની ઉંમરે પકડાયો

### ૨૪ વર્ષથી વોન્ટેડને ક્રાઈમ બ્રાંચે શોધી કાઢ્યો

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૫

સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે ઉધના હરીનગર ખાતેથી મગલુ જડીયા જૈના(હાલ ઉ.વ.૫૪, ધંધો-સિલાઈકામની મજુરી, રહે.મકાન નં-૯૬, મહાદેવનગર સોસાયટી ઉધના હરીનગર સુરત. મુળ રહેવાસી. ગામ-માણેકપુરા થાના-ખલીકોટ જી.ગંજામ,ઓરીસ્સા)ની ધરપકડ કરી હતી. મગલુ સને- ૨૦૦૧માં સુરત પાંડેસરા આશાપુરી સોસાયટી રબારી કોલોનીમાં રહેતો હતો અને તે સંચા મશીનના કારખાનામાં કામ કરતો હતો. તે વખતે સુભાષ નામનો યુવક આરોપી મગલુના મિત્ર ગણપતની માતાને બદનામ કરતો હોય, તેવો વહેમ મગલુ અને ગણપતને હતો. જેની અદાવત રાખી મગલુએ હોવાનો વાનો વહેમ રાખી જેની અદાવત રાખી તા.૨૭/૦૮/૨૦૦૧ ના રોજ સવારના સાડા દશેક વાગ્યે હાલ પકડાયેલ આરોપી અને ગણપતે ફરીયાદી અને સાહેદોની સાથે ઝઘડો તકરાર કરી હાલ/ પકડાયેલ આરોપીએ તીક્ષ્ણ ધારદાર હથીયાર વડે સુભાષને પેટમાં ઘા મારી વચ્ચે પડેલ ફરીયાદી અને! સાહેદોને પણ હાથ ઉપર ચાકુના ઘા મારી ગંભીર ઈજાઓ કરી નાસી ગયેલ હતો. મજકુર આરોપીને પકડી પાડવા સારૂ નામદાર કોર્ટ દ્વારા સી.આર.પી.સી.ક.૭૦ મુજબનું બનુ વોરંટ ઈશ્યુ કરવામાં આવેલ હતુ આરોપી ઉપરોક્ત ગુનામા આજદિન સુધી પકડાયેલ ન હતો જેથી તેના વિશે ખાનગી બાતમીદાર મારફતે ઓરીસ્સા ખાતે માહિતી મેળવતા તે સુરત શહેરમાં જ કામ કરતો હોવાનુ જણાય આવેલ જે આધારે આજરોજ આરોપીને ઉધના હરીનગર ખાતેથી પકડી પાડવામાં આવેલ છે.

## ભેજાબાજ બે યુવક હીરા વેપારીને છેતરી ગયા

### વેબસાઈટ ઉપર સીવીડી ડાયમંડ ખરીદવાની પોસ્ટ મુકી રૂા.૪.૫૦ લાખના હીરા લઈ ગાયબ થયાં

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૫

ઈન્ડીયામાર્ટ નામની વેબસાઈટ ઉપર સીવીડી ડાયમંડની રીકવ્યારમેન્ટ અંગેની માહિતી મુકનાર લાલજી અને ભાવેશ નામના બે ભેજાબાજોએ ૨૦ વર્ષિય યુવકને ઘોડદોડ રોડ કેનપલ મોલમાં એક શો રૂમ પાસે બોલાવી યુવક પાસેથી રૂ.૪.૫૦ લાખના હીરા મેળવી લઈ ઓફીસમાં બતાવવા જવાના બહાને રફુચક્કર થઈ ગયા હોવાની ફરીયાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

ઉમરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના વતની અને હાલ કામરેજના કઠોદરા ખાતે શીવ પેલેસમાં રહેતો હેત જયસુખ માવાણી ઉ.વ.૨૦ હીરાના કામકાજ સાથે સંકળાયેલો છે. દરમિયાન તેણે ઈન્ડીયા માર્ટ નામની વેબસાઈટ ઉપર લાલજી જેમ્સના નામે લાલજીભાઈ નામની કોઈ વ્યક્તિએ ૫૦ કેરેટના સીવીડી ડાયમંડની જરૂરીયાત હોવાની માહિતી મુકી હતી. આ રિક્વાયરમેન્ટ જોઈને ગઈ તા.૧૨ જુલાઈના રોજ હેત માવાણીએ લાલાજીભાઈ અને ભાવેશભાઈ નામની વ્યક્તિ સાથે ડીલ નક્કી કરી હતી. દરમિયાન ગઈકાલે સાંજના સમયે હેત માવાણીને ઘોડદોડ રોડ ખાતે કેનપસ મોલમાં પુમાના શો રૂમ પાસે બોલાવીને તેની પાસેથી રૂ.૪.૫૦ લાખના સીવીડી હીરા મેળવી લેવાયા હતા.ભાવેશે હેત માવાણીને હીરા ઓફીસમાં બતાવીને આવું છુ તેમ કહીને ૧૦ થી ૧૫ મિનીટ બાદ આવીને પેમેન્ટ કરવાનું જણાવી મોપેડ લઈને રફુચક્કર થઈ ગયો હતો. આ મામલે હેત માવાણી દ્વારા ઉમરા પોલીસ સ્ટેશનમાં ઠગાઈનો ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

## અતિભારે વરસાદની આગાહી વચ્ચે ઉઘાડ

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૫

વરસાદની આગાહી વચ્ચે સુરત સિટીમાં મેઘરાજા ગાયબ છે ત્યારે આજે સવારનું લઘુત્તમ તાપમાન ૧ ડિગ્રી વધીને ૨૭.૨ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે મહત્તમ તાપમાન પણ ૩૧ સેલ્સિયસ ડિગ્રી રહ્યું હતું. વિતેલા ચાર પાંચ દિવસથી વરસાદે વિરામ લીધો છે ત્યારે ગઈકાલે છુટા છવાયા વરસાદી ઝાંપટા અમુક વિસ્તારમાં પડ્યા હતા. આજે સવારથી ઉઘાડ નિકળવા સાથે ગરમીનું પ્રમાણ પણ વધી રહ્યું છે.હવામાન વિભાગ દ્વારા ગત ૯ જુલાઈથી ૧૫ જુલાઈ સુધીમાં સુરત સહિત દ.ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી હતી. જોકે વાતાવરણમાં પલ્ટો આવતા બે ત્રણ દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. દરમિયાન આજે સવારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધ્યું હતું. લઘુત્તમ તાપમાનનો પારો ૨૭.૨ સેલ્સિયસ ડિગ્રી નોંધાયો હતો.ઉલ્લેખનીય છે કે, સિઝનની શરૂઆતમાં જ મેઘરાજાએ ધુંઆધાર બેટીંગ કર્યા બાદ લાંબો વિરામ લીધો છે ત્યારે શહેર જિલ્લામાં ઉઘાડ નિકળી રહ્યો છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



જુલાઈ -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની અગત્યની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા.(₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

જુલાઈ -૨૦૨૫ માસનું વિતરણ તારીખ ૩૧/૦૭/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.




"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

## વ્હોટ્સએપ ચેટ મારફતે મહિલા મિત્રને નગ્ન કરાવી વીડિયો બનાવી લીધો

### સ્ક્રીન શોટ વાયરલ કરવાની ધમકી આપી મહિલાને સંબંધ રાખવા દબાણ કર્યું

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૫

મુંબઈના ડોંગરી વિસ્તારમાં રહેતા યુવાને ડિંડોલી ખાતે રહેતી એક મહિલા સાથે મિત્રતા કેળવ્યા બાદ મોબાઈલના માધ્યમથી વોટ્સએપ ચેટ કરી તેમજ વિડીયો કોલ કરીને મહિલાને નિર્વસ્ત્ર થવા જણાવ્યું હતું. વાતોમાં આવી ગયેલી મહિલાએ નિર્વસ્ત્ર થઈ જતા તેની જાણ બહાર વિડીયો રેકોર્ડ કરી લેવાયો હતો. જેનો સ્ક્રીન શોટ વાયરલ કરવાનું જણાવી મહિલાને સંબંધ રાખવા દબાણ કરવામાં આવતું હોય આ મામલે ગઈકાલે ભોગબનનાર મહિલાએ ડીંડોલી પોલીસ સ્ટેશનમાં બદનક્ષીનો ગુનો નોંધાવ્યો હતો.

ડિંડોલી પોલીસ મથકેથી મળથી વિગત અનુસાર મુંબઈના વિલે પાર્લે ડોંગરી બામનવાડા ખાતે રહેતા સાહિલ વિજય પટેલ સામે ડિંડોલી વિસ્તારમાં રહેતી મહિલાએ બદનક્ષીની ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર ડિસેમ્બર ૨૦૨૪ના સમયગાળાથી સાહિલ પટેલે મહિલા સાથે મિત્રતા કેળવી તેની સાથે વાત-ચીત કરી વોટ્સએપ મારફતે વિડીયો કોલ કરીને મહિલાને નિર્વસ્ત્ર કરાવી દીધી હતી. તેમજ વિડીયો કોલની વાતચીત દરમિયાન મહિલાના નિર્વસ્ત્ર હાલતના સ્કીનશોટ મેળવી લીધા હતા. જેને આધારે મહિલાને બદનામ કરવા દબાણ કરવામાં આવતું હતુ અને વિડીયો કોલના સ્ક્રીનશોટ પણ ઈન્સ્ટાગ્રામ ઉપર વાયરલ કરી દેવાયા હતા.

## ટ્રકની સામે પડતું મુકી યુવકનો આપઘાત

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૫

પુણા પાટિયા ખાતે એક યુવકે ટ્રક નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવતા ચકચાર મચી છે. પુણાનગર સીતાનગર સોસાયટીમાં રહેતા નીલેશ ભાવેશ વાઘમશી (ઉ.વ.૩૧) ગઈકાલે બપોરે પુણા પાટિયા ખેતલાઆપા હોટલ સામે રોડ ઉપર ઊભો હતો તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી એક આઈસર ટ્રકની નીચે અચાનક પડતું મુકી આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે પુણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ હાર્દિક ડાહ્યાભાઈ કરી રહ્યા છે.

## મજુરાગેટની સ્ટેટ બેંકની બ્રાંચમાં લાખોનું લોન કૌભાંડ

### ખોટી પગાર સ્લીપ અને ખોટી એનઓસી પર ૧૦ લાખની લોન મેળવાઈ

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૫

મજુરાગેટની એસબીઆઈ શાખામાંથી ખોટી પગાર સ્લીપ અને ખોટી એસકોમ કંપનીની એનઓસી મેળવી રૂદરપુરાના બળવંત સોલંકીએ રૂ.૧૦ લાખની લોન મેળવી વિશ્વાસઘાત કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, મજુરાગેટ એસબીઆઈ બેંકની શાખામાં સુલતાકુમારી રાકેશ યાદવ(રહે.ગેલેકસી એવનઝુરા,પાલ, અડાજણ)માં નોકરી કરે છે. સુલતાકુમારીએ રૂદરપુરા પોલીસ લાઈનની સામે છપ્પનચાલમાં રહેતા બળવંત નટવર સોલંકી સામે અઠવા પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી, ફરિયાદમાં જણાવ્યું હતુ કે, બળવંતે એસ.બી.આઈ.માંથી ખોટી રીતે લોન મેળવવાનું કાવતરું ઘડ્યું હતું. દરમિયાન બળવંતે ખોટી રીતે પગાર સ્લીપ બનાવી હતી, ત્યારબાદ ખોટી એસકોમ કંપનીની સ્લીપ મેળવી હતી. ત્યારબાદ આ બંને ખોટા દસ્તાવેજો બેંકમાં રજૂ કર્યા હતા. ત્યારબાદ ખોટી રીતે રૂ.૧૦ લાખની ખોટી બેંક લોન મેળવી હતી. આ અંગે બેંકના ધ્યાને આવતા આરોપી બળવંત સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. અત્રે નોંધવું છે કે, બેંક દ્વારા રજુ દસ્તાવેજોની ખરાઇ કર્યા બાદ લોન સેકશન કરવાની હોય છે. પરંતુ આ કિસ્સામાં પણ બેંકના કર્મચારી દ્વારા લોન સેકશન કરવા માટે પૂરતી કાયદાકીય કાળજી રાખી ન હોવાનું જણાય છે. વધુમાં જાણવા મળતી વિગતો મુજબ અગાઉ પણ આવી જ એક ઠગાઈની ઘટના અઠવા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જેમાં પાલિકાના બેલદાર સહિત ત્રણ આરોપીના જામીન પણ મંજુર કરવામાં આવ્યા છે. જેમાં આરોપી તરફે વકીલ રહીમ શેખ હાજર રહ્યા છે.